
# શત્રુંજય દિગ્દર્શન



: પ્રકાશક :

સોમચંદ ડી. શાહ પાલીતાણા

# શ્રી શત્રુંજય દિગ્ દર્શન


-:લેખક:-

પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયકનક
સૂરીશ્વરજી મહારાજના શિષ્ય
રત્ન શાંત તપોમૂર્તિ પૂ૦
મુનિરાજ શ્રી દીપવિજયજી
~~મહારાજ~~



સોમચંદ ડી. શાહ

પાલીતાણા [ કાઠીઆવાડ ]

વીર સં. ૨૪૭૩] મૂલ્ય; ૧-૪-૦ [વી. સં. ૨૦૦૩

# પ્રકાશકનું નિવેદન.............................................

**શ્રી શત્રુંજય** ગિરિરાજ એ સઘળા તીર્થોમાં વિશેષ મહિમાવંત અને પ્રાયે શાશ્વત છે. અનંતા આત્માઓનું સિદ્ધિસ્થાન છે. મંદિરોના નગરથી શોભતા એ ગિરિરાજની ભવ્યતા અને મહત્તા કોઇ અલૌકિક છે.

આજ સુધીમાં શ્રી શત્રુંજય સંબંધિ નાના મોટા બે ત્રણ પુતસ્કો બહાર પડયા છે પણ પૂ૦ મહારાજશ્રીએ આ નાનકડા પુસ્તકમાં સુંદર પ્રકાશ પાડયો છે

શ્રી શત્રુંજય તીર્થાધિરાજની યાત્રાએ જતાં પહેલાં આ પુસ્તક વાંચી જવાની યાત્રાળુ ભાઇઓને મારી ખાસ ભલામણ છે. અને એથી નહિ જોયેલુ જોવા મળશે અને થતી આશાતનાઓથી બચી જશો.

શ્રી શત્રુંજયના મહિમાને વર્ણવતાં વચ્ચે વચ્ચે સુંદર કથાનકો પણ મૂકવામાં આવ્યા છે જે વાંચવાથી પૂ૦ મહાત્માઓ જીવન-કથનની ઝાંખી થશે અને પૂજ્ય પુરુષો કેવા આત્મલક્ષી હતા અને આપણે કયાં ઉભા છીએ તેનો ખ્યાલ આવશે. એ માટે વાંચો આ પુસ્તક
શ્રી શત્રુંજય ગિરિરાજને મારા કોટીશઃ નમન

**સોમચંદ શાહ**

॥

# લેખકનું નિવેદન

શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધર સ્વામી પ્રમુખ તીર્થંકર બારે પર્ષદામાં જેની મહત્તા વર્ણવે છે એવું મહાન્ તીર્થ કે જેનું દર્શન ફરસન મનુષ્ય તીર્યંચો તો ઇચ્છે પરંતુ જેની દેવેંદ્રો પણ સ્પૃહા કરી બેસી નહિં રહેતાં તેને અમલમાં મુકે છે. આથી લાંબુ વિવેચન કર્યા વિનાજ તેની મહત્તા અને પવિત્રતા સમજી શકાય છે જેનો પ્રભાવ ક્રૂર જાનવરોને પણ લઘુકર્મી (એકાવતારી) બનાવનાર એવાસિદ્ધ પ્રભાવિ તીર્થરાજ સંબંધી માહિતી મેળવવાની જરૂર તો ખરીજ જેથી તલાટીથી શિખર પર્યંત યતૂકિંચિતૂસાર પ્રથમ પુસ્તકની શરૂઆતમાં જુની તલાટીથી યાત્રાની શરૂઆત તો તે જુની તલાટી ક્યાં અને ત્યાં કોનો મહિમા અને ત્યાર પછી શ્રી ગિરિરાજ સન્મુખ જતાં શ્રી ગોડીજી

પાર્શ્વનાથનાં પગલાં અને આગળ તલાટીએ ચૈત્ય-વંદન વગેરે વિધિ સાચવી ઉપર ચડવાની શરૂઆત કરતાં ગૌતમ સ્વામીજી આદિનાં પગલાં અને ત્યાર પછી હડા ચડતાં બીજે વિસામે શ્રી માનૂભરત ચક્રવર્તીનાં પગલાંની દેરી અને ત્યાર પછી રસ્તામાં કયાં કયાં દેરીઓ અને કોનાં કોનાં પગલાં તથા મૂર્તિઓ જેમાં સપાટ જમીનમાં દ્રાવિડ, વારિખિલ્લ, અઈમુત્તા, નારદજી તેમજ બાવળકુંડની પાસે પાંચ મૂર્તિઓ તે પાંડવ નહિં પણ કોની અને કેટલા પરિવારથી સિદ્ધિપદને પામ્યા તે છેવટે જાલી, અને મયાલી ઉવયાલી સુધી રસ્તાનું વર્ણન જણાવી રામપોળની મ્હોટી ટુંક માંહેનું કેટલુક વર્ણન તેમાં શ્રી પુંડરીક સ્વામીના દેરાસરમાં કુંડુરાજા તથા ત્રિવિક્રમનાં ચિત્રો સંબંધી દૃષ્ટાંતો પણ ટુંકમાં આપેલ તેમજ ભાઇઓ બાઈઓએ પૂજા કેવી વિધિ કેવી સ્થિરતા અને કેવી સભ્યતાથી કરવી તેનું પણ દિગ્દર્શન આવે છે તેમજ સાધુ–સાધ્વીઓની ભક્તિ કરનારે જાણવા યોગ્ય વિવેક સાથે સ્વધર્મીની ભક્તિ

તેમજ ૭ ગાઊ દોઢ ગાઉ ચાર પાજો ઉપરાંત ગણુઘોળ પાજ જેમાં શત્રુંજયી નદી ન્હાવામાં થતો અવિધિ–અવિવેક ટાળવા જરૂરીઆત અને છેવટમાં મહાતીર્થની યાત્રાથી થતા મહાન્ લાભ ઉપર ગંગા શેઠાણી તથા સુખલાલ શેઠનું બોધદાયક દૃષ્ટાંત આપી આ લઘુ પુસ્તકની સમાપ્તિ કરવામાં આવી છે.

સં. ૨૦૦૨ શાશ્વતી અઠ્ઠાઇનો
પ્રથમ દિન આસો શુદ ૭.
વઢવાણ શહેર.

લી૦
લેખક.

---


જૈન ધર્મના અજોડ માસિક

**કલ્યાણ** ના ગ્રાહક છો?

નથી, વહેલી તકે રૂા. ૪–૦–૦ વાર્ષિક લવાજમના ભરી ગ્રાહક થવા ભલામણ છે

કલ્યાણ પ્રકાશન મંદિર

પાલીતાણા (કાઠિઆવાડ)

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ |
|---|---|
| વિધિ અને વિવેક... ... ... ... | ૧ |
| યાત્રાના ઇચ્છક ભાવિકોને સમજ ... ... | ૨ |
| પ્રસ્તુત વિષય ... ... ... ... | ૮ |
| છાલા કુંડની પાસેની પાંચ મૂર્તિઓ... ... | ૯ |
| કીર્તિધર રાજા વૈરાગી બન્યા ... ... | ૧૦ |
| હનુમાન ધારા વડ હેઠળ પગલાં ... ... | ૧૫ |
| જાલી મયાલી ઉવયાલી .. ... ... | ૧૭ |
| રામપોળની બારી ... ... ... | ૧૮ |
| રામ પોળની અંદરના દેરાસરો ... ... | ૧૯ |
| સગાળપોળ=વાઘણપોળ ... ... ... | ૧૯ |
| ત્રણ પ્રદક્ષિણા ... ... ... ... | ૨૨ |
| સહસ્ર કુટનો એકંદર મેળ ... ... | ૨૨ |
| દ્વિતીય પ્રદક્ષિણા ... ... ... | ૨૪ |
| તૃતીય પ્રદક્ષિણા ... ... ... | ૨૪ |
| ૯૯ પુરવની સમજ ... ... ... | ૨૫ |
| પુંડરિક સ્વામી અને પુંડરિકગિરિ ... ... | ૨૬ |
| કુંકુ રાજા ... ... ... ... | ૩૧ |
| ત્રિવિક્રમ રાજા ... ... ... ... | ૩૨ |
| ૩ પ્રકારના સાહુકારો ... ... ... | ૪૮ |
| બીમાકુડલીયાનું દૃષ્ટાંત ... ... ... | ૪૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઉત્તમ પુરૂષોની ઉદારતા ... ... ... | ૫૦ |
| શેઠ (શ્રાવક) અને રાજાનું દૃષ્ટાંત ... ... | ૬૧ |
| વરસી દાનના ષટ્ (છ) અતિશયઃ ... ... | ૭૬ |
| શ્રી સિદ્ધગિરિના તપનો લાભ ... ... | ૮૪ |
| છ ગાઉની પ્રદક્ષિણા ... ... ... | ૯૦ |
| સિદ્ધવડ (તલાટી) ... ... ... | ૯૪ |
| સુખલાલ શેઠ અને ગંગા શેઠાણી દૃ૰ ... | ૯૫ |
| નરકના ચાર દરવાજા (બારણાં) ... ... | ૧૦૫ |
| શ્રાવકના ષટ્ (છ) કર્મ ... ... | ૧૧૦ |
| વ્યાખ્યાન શ્રવણનું ફળ ... | ૧૧૩ |


## વિભાગ ૨ જો.


| | |
|---|---|
| ગતા ગતિ બોલ (૩૮) નું સ્તવન... ... | ૧૨૦ |
| ગિરિનાર ભૂષણ નેમિનાથની સ્તુતિ ... | ૧૪૭ |
| શ્રી સિદ્ધાચલનું ચૈત્યવંદન ... ... | ૧૪૮ |
| ,, ,, ,, બીજું ... ... | ૧૪૮ |
| ,, ,, ,, ત્રીજું ... ... | ૧૪૯ |
| શ્રી સિદ્ધાચલનું સ્તવન ... ... | ૧૪૯ |
| ,, ,, ,, બીજું ... ... | ૧૫૧ |
| ,, ,, ,, ત્રીજું ... ... | ૧૫૨ |
| શ્રી સિદ્ધાચલની સ્તુતિ થોયજોડો ... ... | ૧૫૪ |
| ,, ,, ,, બીજો ... ... | ૧૫૪ |

| વિષય | પૃષ્ટ |
|---|---|
| ,, ,, ,, ૩ જી ... ... | ૧૫૬ |
| રૂષભદેવ સ્વામીનુ સ્તવન ... ... | ૧૫૬ |
| વીશ સ્થાનકનું સ્તવન... ... ... | ૧૫૭ |
| શ્રી અભિનંદન જીનવાણી સ્તવન ... ... | ૧૫૯ |
| શ્રી પાર્શ્વનાથનું સ્તવન... ... ... | ૧૬૦ |
| શ્રી વીશવિહરમાનનું સ્તવન ... ... | ૧૬૧ |
| શ્રી અજીતનાથનું ,, ... ... | ૧૬૨ |
| શ્રી વાસુપૂજ્યનું ,, ... ... | ૧૬૩ |
| શ્રી ભદ્રેશ્વર તીર્થનું ,, ... ... | ૧૬૫ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન ... ... | ૧૬૭ |
| શ્રી પદ્મવિજયજી મહા. ની સ્તુતિ (સ૦) ... | ૧૬૯ |
| ક્ષમાપના (ખમણાં) ... ... ... | ૧૭૧ |
| પ. પૂ. ત. ગુ. શ્રી જીતવિજયજી મ. સ્તુ. (સ.) | ૧૭૨ |
| શ્રી પરદેશી રાજાની સઝાય ... ... | ૧૭૬ |
| ચોરાશી લાખ જીવાયોનીનો છપ્પો... ... | ૧૭૯ |
| બારમા પાપસ્થાનકની સઝાય ... ... | ૧૭૯ |
| ગુરૂગુણ (ત્રિ. ક. સૂ.) ગુંહલી ... ... | ૧૮૦ |
| ચૌદ પૂર્વના દુહા ... ... ... | ૧૮૨ |
| ચાર શરણાં ... ... ... ... | ૧૮૪ |
| અથ મંગલ ... ... ... ... | ૧૮૬ |

# શ્રી સિદ્ધ પ્રભાવી સિદ્ધ ગિરિરાજની યાત્રાનો અનુભવ.

કોડી સહસ ભવ ભ્રમણથી, કઠિન કર્મ કર્યાં જેહ;
શ્રી શત્રૂંજય ધ્યાનથી, ડગલે પગલે ખેહ ॥ ૧ ॥

જે ગિરિરાજના પ્રભાવથી ક્રુર પ્રાણીઓ પણ એકાવતારી બની જાય તે સિદ્ધાચલની સન્મુખ વિધિ અને વિવેકપૂર્વક ડગલું ભરતાં કોડ સહસ ભવનાં કરેલાં પાપો ક્ષય થઇ જાય એ બિલકુલ અતિશયોક્તિ નહિં પરન્તુ તદ્દન સત્ય જ છે.

## વિધિ અને વિવેક

છ'રી પાલતા પાલતા જવું તે વિધિ અને કયારે કોની સાથે કેવી રીતે બોલવું કે વર્તવું તેવી વિચારણા તેનું નામ વિવેક.

અદ્‌ભુત ચમત્કારી શ્રી વિમળ ગિરિરાજની યાત્રા કરવાની ભાવના મૂર્તિપૂજક આત્માને થાય એ તો સ્વા[illegible] જ છે પરન્તુ જૈન જૈનેતર આર્ય કે અનાર્ય

યાત્રા કે નિરક્ષણ કરવાને આવનાર પણ આ ગિરિરાજની પવિત્ર છાયાના પ્રભાવથી જ કંઈને કંઈ પામી જાય છે. જે ગિરિરાજમાં જાતિવૈરથી લડનાર તીર્યંચો પણ એકાવતારીપણાને પામ્યાના દાખલાઓ શત્રુંજય મહાત્મ્યાદિ અનેક સ્થળે છે તો પછી આમાં તો શંકાને સ્થાન જ નથી.

## યાત્રાના ઇચ્છક ભાવુકોને સમજ.

પ્રથમ તો ઘેરથી જ છહરી પાલતાં જવું જોઇએ, પરન્તુ દર વરસે કે દર વખતે તેમ બની ન શકે તો પણ જીંદગીમાં એકાદ વખત તો જરૂર ઉત્કૃષ્ટ વિધિ પ્રમાણે કરવા ચુકવું નહિ.

હવે વાહનથી જનારે પણ હેય, ઉપાદેય અને જ્ઞેયનો રાખવો જોઈતો વિવેક તેમાં પ્રથમ

હેય–રાત્રીભોજન, કંદમૂળ, બોળઅથાણું, મૈથુન, જુગાર, ગંજીપો, ચોપાટ, કે બીજી કોઇ કુતુહલની રમ્મતો. સામાન્ય બાબતોમાંએ થતો કષાય તેમજ નિંદા, વિકથા, ઇર્ષ્યા વગેરે દુર્ગુણોથી દૂર રહેવાની ખાસ કાળજી રાખવી.

ઉપાદેય–સામાયિક, ઉભય (બન્ને) ટંક આવ-

શ્યક ક્રિયા, દર્શન પૂજા, દાન, શિલ, તપ, ભાવ વગેરે કે જે હંમેશાં કરવા યોગ્ય અનુષ્ઠાને વધારે પ્રમાણમાં કરવાં. પણ સામાયિક મુકયું શેરીમાં અને પ્રતિક્રમણ મુકયું પાધરમાં તેની પેઠે પ્રમાદ નહિં કરવો.

જ્ઞેય–તીર્થ એટલે શું અને ત્યાં શા માટે જવું જોઈએ ? નવાણું યાત્રાનો હિસાબ કેમ ? શ્રી સિદ્ધાચલ અન્ય તીર્થો કરતાં અધિક પવિત્ર કેમ ? ગઈ (ઉત્સર્પિણી) અને વર્તમાન ચોવીશીમાં સિદ્ધિપદને પામેલા અસંખ્યાતા પૈકી પ્રસિદ્ધિમાં આવેલા મહાત્માઓમાંના કોણ અને કયાં અને કેટલા પરિવારથી મુકિતને વર્યા તેનું જાણપણું મેળવવું તે જ્ઞેય કહેવાય છે.

પ્રસંગોપાત ઉપસ્થિત થયેલો ચાલુ વિષય પહેલાં તો નીચે ચાલતો જીવજંતુ દૃષ્ટિથી દેખાય ત્યારે વસતિ=રહેઠાણથી અલવાણે પગે ચાલતા નીકળવું તેમાં પ્રથમ જુની તલાટી જેમાં આદીશ્વરજી દાદા તથા ગૌતમસ્વામી અને મણિવિજયજી મહારાજની એમ પગલાં જોડી ૩ તેમાં મ્હોટાં પગલાં જોડી ૧

એક દેરીમાં આદિનાથજીનાં અને બીજી દેરીમાં બે છે અને તે ખુશાલ ભુવનની પૂર્વદિશામાં પાણીની ટાંકી પાસે આવેલ છે. ત્યારપછી ગિરિરાજ સન્મુખ જયણાપૂર્વક ચાલતાં ભાતા તલાટીથી આગળ ચાલતાં આગમ મંદિરના બારણાની સન્મુખ પૂર્વમાં ઓતરા ઉપર દેરીમાં પાદુકા શ્રી ગોડીજી પાર્શ્વનાથજીની છે. ત્યાં દર્શન કરી આગળ જતાં પરમ પાવન શ્રી ગિરિરાજની તલાટી શોભે છે ત્યાં ગિરિરાજને સોના રૂપાના ફુલે યથાશક્તિ વધાવી વિધિપૂર્વક ચૈત્ય-વંદન કરી માનવભવ તથા તે દિવસને સફળ માનતાં ગિરિરાજ ઉપર ચઢવાની શરૂઆત કરતાં જમણી બાજુની દેરીમાં ૨૮ લબ્ધિના ભંડાર ગુરૂ ગૌતમ ગણધર મહારાજનાં પગલાં અને આગળ આદિ-નાથજીની જોડે શ્રી શાન્તિનાથજી અને શ્રી અજીત-નાથ સ્વામીની પાદુકાનાં દર્શન કરી આગળ ચાલતાં કુંથુનાથજીનાં તથા બીજી ત્રણ દેરીઓમાં પગલાં છે ( લેખ વંચાયો નથી ) ત્યાં દર્શન કરી હડા ચઢવાની શરૂઆત કરી. પહેલો છોડી બીજે વિસામે ચાલતાં જમણી બાજુ શ્રી ભરત ચક્રવર્તી કે જેઓ આ અવસર્પિણીમાં પ્રથમ ચતુર્વિધ સંઘ લઈને

આવ્યા અને પ્રથમ ઉદ્ધાર પણ તેમણે જ કરાવ્યો. તેમજ આરિસા ભુવનમાં અનિત્ય ભાવના ભાવતાં કેવલજ્ઞાન પામ્યા. તેમનાં પગલાં છે ત્યાંથી આગળ ચાલતાં ત્રીજો વિસામો મુકી ચોથે વિસામે જતાં જમણી બાજુ એક દેરીમાં પગલાં જોડી ત્રણ, તેમાં ૧-શ્રી નેમિનાથ સ્વામીનાં-૨-શ્રી આદીશ્વરજી અને ૩ જા શ્રી વરદત્ત ગણધરના ત્યાં દર્શન કરી આગળ જતાં પાંચમો વિસામો છોડી છઠ્ઠે વિસામે કુમાર-કુંડની પાસે જમણી બાજુ જરા ઉંચાણમાં દેરી છે તેમાં પગલાં શ્રી રૂષભદેવ સ્વામીનાં દર્શન કરી ચાલ્યા એટલે હિંગળાજનો હડો, કેડે હાથ દઇ ચડો, કુટયો પાપનો ઘડો, અને બાંધ્યો પુણ્યનો પડો, તેનાં પગથીઆં ચડી રહ્યા એટલે પાણીની પરબની સામે ઉભા રહેતાં ડાબા હાથ ભણી ચોતરા ઉપર દેરીમાં (૧૮૩૫ની સાલના લેખવાળાં) શ્રી કલિકુંડ પાર્શ્વનાથનાં પગલાંનાં દર્શન કરી જરા આગળ વધ્યા એટલે ડાબી બાજુ સમવસરણને આકારે દેરીમાં (વર્દ્ધ[illegible] [illegible]વાળાં) પગલાં છે

વીરજી આવ્યા રે વિમળા ચળકે મેદાન
સુરપતિ પાયારે સમવસરણ મંડાણ

અહિં પ્રભુ મહાવીર સ્વામીએ બારે પર્ષદા આગળ દેશના આપી અને સૌધર્મેન્દ્રના પુછવાથી પુંડરિકગિરિ આદિ ૧૦૮ ગિરિરાજ નામોનું વિસ્તારથી વર્ણન કર્યું હતું. તે વિસ્તાર જાણવા ઇચ્છનારને સુવિહિત શિરોમણી શ્રી ધનેશ્વર સૂરીશ્વરજીનું રચેલું શ્રી શત્રુંજય મહાત્મ્ય જોવાથી જણાશે. અહિં દર્શન કરી આગળ જતાં . છાલાકુંડ પાસે એક દેરીમાં રૂષભ–ચંદ્રાનન–વારિષેણ અને વર્દ્ધમાન એ ચાર શાશ્વત તીર્થંકરનાં પગલાં છે અને જમણી બાજુ ઊંચાણમાં એક પગરસ્તે જરા ઊંચા ચઢતાં ગોરજીના નામથી ઓળખાતા ઓરડામાં શ્રી પદ્માવતી દેવીના મસ્તક ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ બિરાજે છે તે સિવાય કુંડ ઉપર તથા બાજુમાં પણ પગલાં છે ત્યાંથી બે હડા ચઢયા એટલે સપાટ જમીનમાં જરા આગળ ચાલતાં સામે એક પહોળા ચોતરા ઉપર દેરીમાં શ્યામ વર્ણની ઊભી ચાર મૂર્તિઓ જેમાં ૧–દ્રાવિડ અને બીજા વારિખિલ્લ કે જેઓ ૧૦ ક્રોડ મુનિઓ સાથે કાર્તિકી પૂર્ણિમાએ સિદ્ધિપદને પામ્યા છે. સંપ્રતિ (ચાલુ) સમયમાં પણ કાર્તિકી મેળામાં આ સ્થાને મહોત્સવ થાય છે. અને વિવેકીજનો ત્યાં ચૈત્ય-

વંદનાદીથી ભક્તિ કરે છે. આ દ્રાવિડ વારિખિલ્લ તે ઋષભદેવ સ્વામીના પૌત્ર થાય, તેમજ તે દેરીમાં ૩ જા આઇસુતા જે શ્રીમતી રાજીમતીના ભાઈ થતા હતા, તેઓ સંયમ લહી કેવલી થયા પછી શ્રી નારદઋષિ પાસે શત્રુંજય મહાત્મ્ય કહ્યું. અને ચોથી મૂર્તિ શ્રી નારદઋષિની જેમણે શત્રુંજય મહાત્મ્ય સાંભળ્યું. અને તેઓ એકાણું લાખ (૯૧૦૦૦૦૦) મુનિઓ સાથે મોક્ષે પધાર્યા. આ ચારે મહાપુરૂષોનાં દર્શન કરી આગળ જતાં બાવળ-કુંડ પાસે જતાં જમણી બાજુ એક દેરીમાં પાંચ ઊભી મૂર્તિઓ છે, જેને માહિતીના અભાવે પાંચની સંખ્યાના અનુમાનથી પાંચ પાંડવ કહી દે છે, એટલું જ નહિં પણ કોઈએ તો પાંચ પાંડવ એવા અક્ષરો પણ લખી નાખ્યા છે. હા પાંચ પાંડવો જેમણે અહિં બારમો ઉદ્ધાર કરાવી શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં શ્રી ધર્મઘોષ નામના આચાર્ય મહારાજ પાસે ચારિત્ર લહી શ્રી નેમિનાથ સ્વામિ-જીનાં દર્શન નિમિત્તે જતાં રસ્તામાં પ્રભુનું નિર્વાણ સાંભળી, શ્રી સિદ્ધિગિરિ ઉપર અણુસણ કરી આસો શુદ પૂર્ણિમાને દિવસે વીસ ક્રોડ મુનિ સાથે મુક્તિ-

પદને વર્યા. એટલે તેમની યાદીની ખાતર મૂર્તિયો વગેરે છે, પરન્તુ તે ત્રીજી ટુંકના વિભાગમાં એક દેરાસરમાં કે જેમાં રંગમંડપમાં લોંયતળીયે સમુદ્ર અને વહાણનો દેખાવ છે, તે મંદિરમાં પાંચ પાંડવ છઠ્ઠાં કુંતા માતા અને સાતમાં દ્રૌપદીજી આ સાતે મૂર્તિઓ એક તેજ દેરાસરમાં છે. અને તે દેરાસરની પાછળના દેરાસરમાં સહસ્રકુટ (૧૦૨૪ મૂર્તિઓ જેમાં હોય તે) તથા ૧૪ રાજલોક–પુરૂષાકારે જેમાં રચના છે તે. હવે અહિં કેટલોક વર્ગ ઉંડા ઉતરી તપાસ કર્યા વિના કે કોઇ જાણકારને પુછી ખુલાસો કર્યા વિના જ કહી દે છે કે એટલી જગ્યામાં વીશ ક્રોડ સમાય શી રીતે? તો તેનો ખુલાસો નીચે પ્રમાણે જાણવો. પ્રથમ તે ચોથા આરામાં ગિરિરાજ ૫૦ યોજન લાંબો અને તેટલો જ પહોળો. એક યોજનના ગાઉ ૪ અને એક કોશમાં ૨૦૦૦ ધનુષ્ય થાય જ્યારે દરેક મનુષ્ય પોતાને હાથે લંબાઈમાં એક ધનુષ્ય (૪ હાથ) હોઇ શકે, એટલે ૧ ગાઉમાં સંથારા કરે તો પણ ૨૦૦૦ સમાઇ શકે, જ્યારે ૧ યોજનમાં ૮૦૦૦ સમાઇ શકે જેથી લંબાઈ ૫૦ યોજન હોવાથી ૮૦૦૦ ને પચ્ચાશે ગુણતાં

८०००
५०
४००००० ચાર લાખ લંબાઇમાં

સમાય. આ હિસાબ થયો લંબાઇનો હવે પહોળાઈમાં પોતાની લંબાઇ કરતાં ચોથે ભાગે પ્રાયઃ (મનુષ્ય) હોઇ શકે જેમ લં ાઈ (૫૦ યોજનની)માં ૪००००० ચાર લાખ સમાય તેમ (૫૦ યોજન) પહોળાઇમાં ૧૬००००० સોળ લાખ સમાય જેથી

૧૬००००० સોળ લાખને
४००००० ચાર લાખે ગુણતાં
૬४०००००००००० ચોસઠ હજાર ક્રોડ

અને લૌકિક હિસાબે ૬ નિખર્વ અને ૪ ખર્વ મનુષ્યોનો સમાવેશ (સૂતેલાંનો) થઇ શકે. તો પછી २०००००००० વીશ ક્રોડ મુનિઓના સમાવેશની શંકાને સ્થાન જ ક્યાં રહે છે?

## પ્રસ્તુત વિષય

અસ્તુ પ્રાસંગિક પણ જરૂરનું કહેવાયું, હવે મૂળ હકીકત કહેવાય છે.

## છાલાકુંડ પાસેની પાંચ મૂર્તિઓ

રામ, ભરત, થાવચ્ચાપુત્ર, શુકપરિવ્રાજક, સેલગાચાર્ય

થાવચ્ચાસુય સેલગાય, મુણિણોવિતહ રામમુણિ, ભરહો દસરહ પુત્તો સિદ્ધા વંદામિ સે-તું જે ॥ ૧ ॥ શત્રુંજય લઘુ કલ્પ ગાથા ૫ મી. અહિં દર્શન કરી આગળ ચાલતાં ડાબી બાજુ શ્રીસુકોશલમુનિની પાદુકા.

આ સુકોશલ મુનિ તે કીર્તિધર રાજાના સુપુત્ર થાય અને કીર્તિધર રાજા શ્રી રૂષભદેવની વંશ-પરંપરામાં થયેલ શ્રી રામચંદ્રજીના પૂર્વજોમાંના છે આ રાજા એક દિવસ ઝરૂખામાં બેઠા આકાશની શોભાને નિહાળતા ખુશી થાય છે. એટલામાં ૦)) અમાવાસ્યાનું સૂર્ય ગ્રહણ હોવાથી જે સૂર્ય ઉદય વેલાએ પ્રકાશ કરતો તેજસ્વિ દેખાયો, તે અત્યારે ઝાંખો દેખાતો માલુમ પડયો. બસ આ નિમિ-તે આત્મામાં અનેરી અસર કરી, જે રાજા ઘડી પહેલાં બાહ્ય રાજ્યમાં રસ લેતા હતા તે કીર્તિધર રાજા અભ્યંતર રાજ્યના રસીયા થાય છે.

## કીર્તિધર રાજા વૈરાગી બન્યા.

આ સૂર્ય જેવા મહાન જ્યોતિષિ દેવની પણ જ્યારે ચડતી પડતી તો, માનવ સાહેબી તો તેના કરતા એ ક્ષણ ભંગુર અને તેથીજ મારા પૂર્વજો પળી (ધોળા વાળ) આવતા પહેલાં રાજલક્ષ્મી છોડી

પારમેશ્વરી પ્રવ્રજ્યા આદરતા હતા જ્યારે હું અત્યારસુધી વિષયનો કીડો ઉત્તમ કુળને લજાવનાર થયો એ વિચારની સાથે જ બાળકુમાર (સુકોશલ) ને અયોધ્યાની ગાદીએ સ્થાપી સંયમી બન્યા.

આત્માની યોગ્યતા પ્રમાણે લાભા લાભ.

લઘુકર્મી જીવોને આશ્રવનાં કારણો તે પણ આ રીતે સંવરનાં નિમિત્ત બને છે.

જ્યારે બહુલકર્મી જીવોને સંવરનાં કારણો તે આશ્રવના નિમિત્ત બને છે. દૃષ્ટાંત તરીકે વીતરાગની પ્રતિમાનું નિમિત્ત સંખ્યાતીત ભવ્યાત્માઓને તરવામાં પુષ્ટા લંબન જ્યારે તેના ઉત્થાપકોને સંસાર વૃદ્ધિનું કારણ બને છે.

અહિં પણ તેમજ બન્યું છે.

મુનિ બનેલા કીર્તિધર મુનિ ગ્રામાનુ ગ્રામ વિચરતા અયોધ્યા નગરી પધારે છે. ત્યારે જે મુનિનું નામ સાંભળવા કે દર્શનથી આનંદ પામી લાભ ઉઠાવવા ભાવના થાય જ્યારે સુકોશલની માતાને એથી ઉલટું બને છે. કીર્તિધર મુનિ પધાર્યાના સમાચાર સાંભળતાં રાણી એકદમ રોષાવેશમાં આવી વિચારે

છે કે મારો પતી અમને રખડાવી મુંડીઓ થયો. પણ જો આ સુકોશલ કુમાર આના સહવાસમાં આવશે તો તેને પણ લઈ જશે. આ પ્રમાણે દુષ્ટ વિચારવાળી તે રાણીએ નગરીમાં પધારેલા તે મુનિને અપમાન કરાવી નગર બહાર કઢાવ્યા. તે વાતની ખબર ધાવ માતાને પડતાં રૂદન કરવા લાગી તેને સુકોશલ કુમારે પુછવાથી યથાર્થ હકીકત જણાવતાં હલુકર્મી સુકોશલ પિતા મુનિ પાસે ગયો. ત્યાં વંદન કરી અપરાધ ખમાવી બેઠો. મુનિએ વૈરાગ્યવાહિની દેશના આપી તે સાંભળતાં સુકોશલને વૈરાગ્ય થવાથી ભારે કર્મી માતાએ ઘણા અટકાવવાના પ્રયાસો કર્યા છતાં સાચી ભાવનાવાળા સુકોશલે રાજ્યપાટ છોડી સંયમ ગ્રહણ કર્યો, પરન્તુ ભારે કર્મી માતાને ઉલટો રોષ આવવાથી આર્તધ્યાને મરણ પામી વાઘણ થઇ. હવે એક વખત કીર્તિધર તથા સુકોશલ મુનિ સિદ્ધગિરિને ભેટવા પધાર્યા, કીર્તિધર મુનિ જરા આગળ અને સુકોશલ મુનિ પાછળ ચાલ્યા જાય છે, ત્યાં તે વાઘણના જોવામાં આવતાં જ એકદમ ત્રાપ મારી સુકોશલ મુનિને પકડી તેમનું શરીર વિદારી ભક્ષણ કરે છે, જ્યારે મુનિ વિચારે

છે કે હે આત્મન્ તને મુક્તિ માર્ગમાં જતાં આ સહાયક મળી માટે તેનો ઉપકાર માનવો જોઇએ. આ ભાવનામાં ક્ષપક શ્રેણી માંડી અને શુકલધ્યાન ધ્યાવતાં અંતગડ કેવળી થઇ સિદ્ધિ-ગતિમાં આદિઅનંતા ભાંગે પધાર્યા.

પશુ પંખી પણ ઇણગિરિ આવે, ભવ ત્રીજે
તે સિદ્ધ જ થાવે, અજરામર પદ પાવે. ।।

હવે તે વાઘણ ત્રટત્રટ નાડી નસોને ત્રોડતી બટબટ બટકાં ભરતી ગટગટ રૂધીરને પીતી ચટચટ માંસને ખાતી ખુશી થાય છે તેટલામાં મુખમાં રહેલી દંતપંક્તિ દેખવામાં આવતાં બારીકીથી અવલોકતાં ઉહાપોહથી જાતિ સ્મરણ જ્ઞાન થતાં પૂર્વભવનાં કુકર્મોનો પશ્ચાતાપ કરતાં શુભ ભાવનાથી અણુસણ આદરી સ્વર્ગે ગઈ અને એકાવતારી થઇ, ઉપર જણાવેલ સુકોશલ મુનિની પાદુકાનાં દર્શન કરી જરા આગળ ડાબી બાજુ

નમિવિનમિ વિદ્યાધર મુનિનાં પગલાં
નમિવિનમિ વિદ્યાધરા, દોય ક્રોડી મુનિરાય
સાથે સિદ્ધિ વધુ વર્યા, શત્રુંજય સુપસાય ।।
। નવાણું પ્રકારી પૂજા ૭મી ઢાળનો દુહો ।

આ નમિવિનમિ તે ભગવાને પુત્ર તરીકે રાખેલા આદીશ્વર દાદાના પૌત્રા, દિક્ષા પહેલાં પ્રભુએ ભરત બાહુબલી વગેરે સોએ ભાઈઓને રાજયભાગ વ્હેંચી આપ્યા. પણ દેશાંતર ગયેલા નમિવિનમિ આવ્યા ત્યારે ભરતેશ્વરે રાજ્ય ભાગ આપવા માંડતાં અમારે તો દાદા પાસે લેવું છે એમ કહી જ્યાં પ્રભુ વિચરતા હતા ત્યાં શોધતા શોધતા પહોંચ્યા. દાદાને શુદ્ધ ભાવથી નમસ્કાર કરી આજુબાજુ ભૂમિ શુદ્ધિ કરી નિર્મળ જળ છાંટી સુગંધી પુષ્પના ઢગલો રચે. ડાંસ, મચ્છર વગેરે ક્ષુદ્ર જંતુઓને ઉડાડે અને રાજ્યની માગણી કરે.

આ રીતે નિરંતર ભકિત કરતા તેમને એક વખત પ્રભુને વંદન કરવા આવેલ ધરણેંદ્ર દાદા પ્રત્યેની ભકિત જોઇ ખુશી થઇ વરદાન માગવાનું કહી વૈતાઢય શ્રેણીનું રાજ્ય આપે છે.

કહ્યું છે કે- મોટા મહંતની ચાકરી, સહીયર
મોરી નિષ્ફળ કદીએ ન થાય હો, મુનિપણે
નમિવિનમિ કર્યા, સહી૦ મો૦ ક્ષણમાં ખેચર
રાય હો સહજ સલુણા મારો૦

કેટલોક કાળ વૈતાઢય શ્રેણીનું રાજ્ય ભોગવી, પ્રભુની વાણીથી વૈરાગ્ય પામી રાજ્યવૈભવને તૃણની માફક છોડી નમિવિનમિ રાજર્ષિ થયા. ત્યાર પછી ભરત ચક્રવર્તીના સંઘમાં બાહુબાળી આદિક્રોડ મુનિઓમાં આ મહામુનિઓ પણ સાથે હતા, સિદ્ધગિરિની યાત્રા કર્યા પછી આ ગિરિરાજ ઉપર અણસણ કરી ફાલ્ગુન શુદ દશમીએ બે ક્રોડ મુનિ સાથે સિદ્ધિપદને વર્યા. તેમનાં પગલાં આ દેરીમાં એક પૂર્વ સન્મુખ અને એક ઉત્તર સન્મુખ છે. તેમજ હાથીપોળમાં મોટી ટુંકમાં ૩જી પ્રદક્ષિણામાં રાયણ પગલાં પાસેની દેરીમાં આદિશ્વર દાદાની બન્ને બાજુ. પણ નમિવિનમિની મૂર્તિઓ પણ આવાજ દ્રશ્યવાળી બિરાજે છે.

## હનુમાનધારા વડ હેઠળ પગલાં.

આગળ ચાલતાં હનુમાનધારાથી બે રસ્તામાં એક આઠ ટુંકો ભણી અને બીજો સીધો દક્ષિણ દિશાનો દાદાની મ્હોટી ટુંક ભણી જાય છે. આ સ્થળે વડની હેઠળ પાણીની પરબ બેસે છે, ત્યાં (ચાલવાને રસ્તે ડાબા હાથે) ચોતરા ઉપર ઉગમણે-બાર દેરીમાં રૂષભદેવ સ્વામીની પાદુકા છે. ભાવી યાત્રાળુઓ સેંકડો અને હજારો કોશથી મ્હોટા ખર્ચા

કરી વ્યાપાર રોજગાર બંધ કરી રસ્તા અને રેલ વગેરે વાહનોની અનેકવિધ તકલીફો સહન કરી ગિરિરાજના ભૂષણસમા શ્રી આદીશ્વરજી દાદાનાં દર્શન પૂજાથી સંતોષ માની લ્યે છે, જેથી તેઓએ ધ્યાન રાખવાનું છે કે અહિંની યાત્રા એટલે એક દાદાને ભેટવા પુરતી જ નહિં પરન્તુ જેને કાંકરે ૨ અનંતા ૨ સિદ્ધ થયા છે, એવા સિદ્ધ ગિરિ-રાજની સ્પર્શના સાથે મહાપુરૂષોની યાદી માટે દેરીઓ, મુર્તિઓ કે પગલાં જ્યાં જ્યાં જેમનાં હોય તે ધ્યાનમાં રાખી, આદરપૂર્વક હાથ જોડી મસ્તક નમાવી વિવેક જાળવવા ખાસ ધ્યાન ખેંચવાની જરૂર એટલા માટે જણાઇ છે કે અહિં તથા બીજા વિસામાઓમાં વિશ્રાંતિ લેવા પાણી વાપરવા કે બીજા કોઈ કારણે બેસે છે, છતાં કેટ-લાકને જાણે કંઇ છે કે નહિં તે લક્ષમાંજ ન હોય કે જાણપણાને અભાવે હાથ જોડી નમસ્કાર કરવા સરખોએ વિવેક ન જળવાય તો જાણપણું મેળવવાનું તો બને પણ કયાંથી. પ્રસંગોપાત એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે યાત્રા કરવા નીકળ્યા, એટલે ત્યાં-થીજ નિસિહિ થઇ ચુકી જેથી સંસારી વાતો વિકથા

કરવાનો નિષેધ થઇ ચુકયો, એટલે વાહન (ઘોડા બેલ ગાડી વગેરે) અને વાણુહ (જોડાં)નો પણ છતી શક્તિએ ઉપયોગ નહિં કરવો જોઇએ તેમાં પણ તલાટીથી ગરિરાજ ઉપર ચઢતાં કે ઉતરતાં તો મહાન પવિત્ર તીર્થનું બહુ માન જાળવવાની ખાતર તો થુંક બળખો કે લીંટ ઝાડો કે પેશાબ રસ્તા કે બાજુપર ક્યાં પણ કરી–નાખી આસાતના કરવી નહિં કેમકે સંપૂર્ણ આંખોએ ગિરિરાજ પૂજ્ય પવિત્ર છે. હવે આટલી પવિત્રતા સમજનાર જ્યારે પોતે બહુમાન જાળવે અને આસાતનાથી દુર રહે તો બીજાઓને આસાતનાથી બચાવવા પ્રયત્ન કરે એટલે કેમે કરી મુશીબત વેઠીને પણ ચલાતું હોય ત્યાં સુધી ડોળીમાં પણ બેસે નહિં. કેમકે ડોળીવાળાઓ અજ્ઞાનપણે જે આસાતના કરે તેના ભાગીદાર ડોળીમાં બેસવાવાળા થાય છે. જેથી આસાતના ટાળવા અને બહુમાન જાળવવા સાથે વિવેક પૂર્વક મૂર્તિઓ પગલાં વગેરેનાં પણ દર્શન કરવામાં આદર કરવો.

## જાલીમયાલી ઉવયાલી.

અહિંથી દક્ષિણ દિશા ભણીના રસ્તે આગળ ચાલતાં પત્થરની વંડી બાંધેલ આવે છે ત્યાં જમણી

બાજુ ગિરિરાજની ખીણમાં જરા ઊંચાણમાં (નીચા ઉભા પણ દર્શન થાય છે અને ઉપર ચડવાને માટે પણ પગથીઆં જેવું છે) યાદવ કુમાર જાલીમયાલી અને ઉવયાલીની ઊભી મૂર્તિઓ આવે છે. નવાણું પ્રકારી પુજા ઢાળ ૧૦ મી જાલીમયાલીને ઉવયાલી સિદ્ધા અનસનપાલીરે એતીરથતારૂ ”

## રામ પોળની બારી.

ત્યાંથી આગળ ચાલતાં રામપોળની બારીમાંથી દાદાની ટુંકમાં જવાય છે પરન્તુ ખેદની વાત તો એ છે કે, છેલ્લાં કેટલાંક વર્ષોથી જાણપણાને અભાવે આ સ્થળે દૂધ દહિં કે ભાતું વાપરી જ્યાં બહુમાન વિશેષ જાળવવું જોઇએ ત્યાંજ આસાતના કરી–કરાવી દોષના ભાગીદાર થાય છે. કારણ કે યાત્રાળુઓ ત્યાં દૂધ દહિં વગેરે વાપરે છે એટલે વેચનાર પણ ઘણાં આવે છે અને તે ઝાડા પેશાબ આદિ મલિનતાદ્વારા તેમજ તમાકુ અને અભક્ષ્ય પદાર્થો વાપરીને જે આસાતના કરે છે તે દોષોના કારણીક તે વાપરનારાઓ બને છે. તેમજ ચતુર્વિધ સંઘને શત્રુંજયી નદી, સેંહિશાળ, છ ગાઉ અને દોઢ ગાઉની પ્રદક્ષિણાએ જવાના માર્ગમાં લઘુનિતિ (પેશાબ) વગેરેની એટલી

બધી ગંદકી હોય છે કે જાળવવા છતાં પ્રાય: ત્યાં પગ દઈને જ જવું પડે છે એટલે ચતુર્વિધ સંઘની આસાતનાનો પણ દોષ લાગે છે. આથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના નાના મ્હોટા મુનિમો, કાર્યવાહકો, કમિટિમાં હોનાર શેઠ શ્રીમંતો અને ધીમંતો ગિરિરાજ ઉપર દેખરેખ રાખનાર ઈન્સપેકટર તેમજ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવીકા (ચતુર્વિધ સંઘ) ની પહેલી તકે ફરજ છે અને સર્વ કોઈના જાણવામાં પણ હશે કે આવી આસાતનાઓ ટાળવાની જરૂરીઆત પણ છે. પરન્તુ જેમ બને તેમ પ્રયત્ન વિશેષથી જલ્દી થાય તેવાં પગલાં લેવાં જોઇએ.

## રામ પોળની અંદરનાં દેરાસરો.

રામ પોળના બારણામાં પેસતાં સન્મુખ ભાગમાં બે પ્રાચીન દેરાસરો પાંચ શિખરોવાળાં છે. દર્શન કરવા યોગ્ય છે, પરન્તુ યાત્રા કરવા આવનારને જતાં દાદાને ભેટવાની અને વળતાં ઉતરવાની ત્વરાને લઈ પ્રાય: કેટલાકને આ દર્શન રહી પણ જાય છે.

## સગાળ પોળ=વાઘણ પોળ.

અહિં દર્શન કરી આગળ જતાં સગાળ પોળમાંથી આગળ જતાં વાઘણ પોળમાં પેઠા, એટલે

ડાબી બાજુ સોળમા શ્રી શાન્તિનાથજીનું દેરાસર છે. યાત્રા કરનારે કમમાં કમ તો પણ પાંચ સ્થળે ચૈત્યવંદન કરવાં જોઇએ.

૧. તળાટી. ૨. શાન્તિનાથ. ૩. રાયણ પગલે. ૪. પુંડરીક સ્વામી અને ૫ મું મૂળનાયકજી. શ્રી સિદ્ધગિરિજીનાં દેરાસર વિગેરેની માહિતી સંબંધી સિદ્ધાચલનું મહાત્મ્ય (વર્ણન) વગેરે અનેક પુસ્તકો લખાયલાં છે જેથી તે સંબંધી વધારે ઉલ્લેખ નહિં કરતાં તે જોવા ભલામણ છે. પરન્તુ અહિં તો ખાસ જે મહાપુરૂષોનું મહાત્મ્ય વગેરે જે કેટલાકને જાણ-વામાં ન હોય તે સબંધી કિંચીત્ જાણેલું જોયેલું કહેવાય છે. શાન્તિનાથ ભગવાનનાં દર્શન કરી આગળ ચાલતાં ડાબા હાથભણી શાસન રખવાળી શ્રી સિદ્ધગિરિની અધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી દેવી તથા દેરી જોડે આગળ શ્રી વાગેશ્વરી દેવીની મૂર્તિઓ છે. તે સમકિતદેવીઓની સ્તુતિ કરાય તથા શ્રાવક શ્રાવીકા પ્રણામ પણ કરી શકે પરન્તુ ઇચ્છામિ ખમાસમણ છઠ્ઠા સાતમા ગુણ ઠાણા સિવાયનાને ન હોય. આગળ શ્રી નેમિનાથજીની ચોરીનું દેરાસર તથા મોક્ષબારી અને છેવટે કુમારપાળ રાજાનું બંધાવેલ દેરાસર આવે છે જે દેરાસર નીચે તથા

તે દેરાસરથી પૂર્વ દિશામાં પ્રાચીન સૂર્યકુંડ છે.

મહિપાલ રાજા ગલત કોઢમાં ગ્રસાયેલ હોવાથી જેની વેદના પારાવાર થતી હોવાથી ઘણા ઘણા ઉપચાર (ઔષધો) કરતાં પણ શાન્ત નહિ થયેલ તે રોગ શ્રી સૂર્યકુંડના જલ સ્પર્શની સાથે જ કોપ પામેલો જેમ તેની સામું ન જુએ તથા ભય પામેલો જેમ ભાગવા માંડે, તેમ કુષ્ટ રોગ એકાએક શાન્ત થઇ ગયો, તેમજ જેની ઓરમાન માતા વીરમતીએ વિદ્યાના બળથી જેને કુર્કટ બનાવેલ એવા શ્રી ચંદરાજા આ (સૂર્યકુંડ) ના જલ પ્રભાવથીજ કુકડામાંથી ફેર ચંદરાજા બન્યા હતા.

નવાણું પ્રકારી પૂજા ઢાળ ૧૦ મી ગાથા ૫ મી દ્રવ્ય સેવનથી સાજાતાજા, જેમ કુકડો ચંદરાજા રે એ તીરથ તારૂ ॥

વર્તમાન કાળમાં કોઇ અજ્ઞાત પ્રાણી આસાતના ન કરે એટલા માટે તે સૂર્યકુંડ પત્થર વડે બાંધી લીધેલ અને સિંચીને પાણી ભરવા જેટલો માર્ગ રાખેલ છે તથા બે જાળીઓ રાખેલ છે જેમાંની એકમાંથી દ્રષ્ટિ કરતાં કુકડાની મૂર્તિ પણ દેખાય છે. ત્યાંથી હાથી પોળમાં પેઠા એટલે મૂળનાયક દાદાશ્રી

(આદીશ્વરજી) ની મ્હોટી ટુંક આવે છે.

## ત્રણ પ્રદક્ષિણા.

પ્રથમ પ્રદક્ષિણા (લઘુ પ્રદક્ષિણા) મ્હોટા (મૂળ નાયકજીના) દેરાસરની જમણી બાજુથી શરૂ કરવી જેમાં આજુબાજુ દર્શન કરતા મૂળ નાયકના દક્ષિણ દરવાજાની સન્મુખ આવ્યા ત્યાં સહસ્ત્રકુટનું દેરાસર આવ્યું જેમાં પ્રતિમાજી ૧૦૨૪ની ગણતરી આ પ્રમાણે, પાંચ ભરત પાંચ એરવત એ દશ ક્ષેત્રના ૨૪ ચોવીશ તીર્થંકરો મેળવતાં ૨૪૦.

૨૪૦ તે અતીત અનાગત અને વર્તમાન એ ત્રણ કાળે ગુણતાં ૭૨૦ થયા તેમાં મહાવિદેહના ઉત્કૃષ્ટ કાળના ૧૬૦ ભેળવતાં ૮૮૦ અને જઘન્ય કાળના ૨૦ મેળવતાં ૯૦૦ તેમજ દરેક ચોવીશીમાં કલ્યાણક એક જ દિવસે હોવાથી કલ્યાણક ૧૨૦ મળી, ૧૦૨૦ તથા રૂષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્દ્ધમાન આ ચાર નામ શાશ્વતા તીર્થંકર સહિત ૧૦૨૪. આનું નામ છે સહસ્ત્ર કુટ.

### સહસ્ત્ર કુટનો એકંદર મેળ.

| | | |
|---|---|---|
| પાંચ ભરત | ૨૪×૫ ગુણતાં | ૧૨૦ |
| પાંચ એરવત | ૨૪×૫ ,, | ૧૨૦ |
| એટલે ૧૦ ક્ષેત્રના | ૨૪×૧૦ ગુણતાં | ૨૪૦ |

અતીત વર્તમાન અને અનાગત ૩ કાળ

| | |
|---|---|
| ૨૪૦–૨૪૦–૨૪૦ ૩ કાળ | ૭૨૦ |
| ચોવીશે તીર્થંકરનાં પાંચ પાંચ કલ્યાણક | ૧૨૦ |
| પાંચ મહાવિદેહના ઉત્કૃષ્ટ કાળના તીર્થ. | ૧૬૦ |
| ,, ,, જઘન્ય કાળના શાશ્વત | ૪ |
| તેમજ શાશ્વત ૪–૭૨૦–૧૬૦–૨૦–૧૨૦–૧૦૨૪ | |

કુલ સરવાળો

૭૨૦ દશ ક્ષેત્ર તથા ૩ કાળની ચોવીશીના,
૧૨૦ પાંચ પાંચ કલ્યાણકના,
૧૬૦ મહાવિદેહ (પાંચ)ના ઉત્કૃષ્ટ કાળના,
૨૦ ,, ,, (પાંચ)ના જઘન્ય કાળના,
૪ નામ શાશ્વતના મળી એકંદર

૧૦૨૪ તીર્થંકરો જેમાં બિરાજે છે, એવા સહસ્ત્ર કુટનાં દર્શન કરી આગળ જતાં મુખ્ય મંદિરના ઉત્તર દિશાના બારણા સન્મુખ દેરાસરમાં ચોદશે બાવન ગણધર દેવનાં પગલાં.

ચોવીશ તીર્થંકરના ગણધરનો અંક.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૪, | ૯૫, | ૧૦૨, | ૧૧૬, | ૧૦૦, | ૧૦૭ |
| ૯૫, | ૯૩, | ૮૮, | ૮૧, | ૭૬, | ૬૬ |
| ૫૭, | ૫૦, | ૪૩, | ૩૬, | ૩૫, | ૩૩ |
| ૨૮, | ૧૮, | ૧૭, | ૧૧, | ૧૦, | ૧૧ |

એમ ચોવીશ તીર્થંકરના ગણધર ૧૪૫૨. ત્યાંથી આગળ ચાલતાં શ્રી આદીશ્વરજીનું દેરાસર (જેને લોકો સીમંધર સ્વામી કહે છે) ત્યાં દર્શન કર્યાં એટલે પહેલી પ્રદક્ષિણા થઈ.

## દ્વિતીય પ્રદક્ષિણા.

નવા આદીશ્વરના નામથી પ્રખ્યાતિ પામેલ ત્યાંથી બીજી પ્રદક્ષિણા શરૂ થાય છે. આ પ્રદક્ષિણામાં શ્રી મેરૂ પર્વત, સમેત શિખર અને બહુધા ચૌમુખજીનાં દર્શન થાય છે, અને છેવટે ચોવીશ તીર્થંકરની માતાઓ પોતાના પુત્રોને તેડીને રહેલાં હોય તેવા દેખાવવાળી દેરી આગળ (સામે) પંચભાઇના દેરાસર આવ્યા, ત્યાં બીજી પ્રદક્ષિણા સંપૂર્ણ થાય છે.

## તૃતીય પ્રદક્ષિણા.

ત્રીજી પ્રદક્ષિણા પુંડરીક સ્વામીજીના દેરાસર પાસે બહારના ભાગથી શરૂ થાય છે. આમાં શ્રી નેમિનાથજી, મહાવીર સ્વામી, વીશવિહરમાન (અંદરના ગભારામાં) અને ચોવીશ તીર્થંકર (રંગમંડપમાં) તેમજ અષ્ટાપદનું મંદિર તથા પ્રવચન સારોદ્ધારમાં કહેલા જઘન્યકાળના ૧૦ તીર્થંકરોનું

દેરાસર, તેમજ અનેક દેવોથી સેવાયલું રાયણ વૃક્ષ અને તે વૃક્ષની હેઠળ પ્રભુ (રૂષભદેવ)નાં પગલાં આવે છે. અહિં (ઉજ્જુ) ચૈત્યવંદન કરવું જોઇએ. અહિં ગિરિરાજના અલંકારસમા પ્રથમ પ્રભુ ફાલ્ગુન શુદ ૮ (જ્યારે ૨, પધાર્યા ત્યારે) અષ્ટમીએ પુરવ નવાણું વાર પધાર્યા છે.

## ૯૯ પૂરવની સમજ.

પ્રથમ એક પૂરવનો હિસાબ.

૮૪૦૦૦૦૦ ચોરાશી લાખ વરસને

૮૪૦૦૦૦૦ વરસે ગુણતાં

૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ સિ-તેર લાખ ક્રોડ અને છપન્ન હજાર ક્રોડ વરસ

તેને નવાણુંએ ગુણતાં ૯૯

૬૯,૮૫,૪૪,૦૦૦૦૦૦૦૦૦૦ એટલે એકંદર ઓગણો-તેર ક્રોડાક્રોડી પંચાશી લાખ ક્રોડ અને ચુમ્માલીશ હજાર ક્રોડ વખતે નવાણું પૂરવ થાય, એટલી વખત દાદા રૂષભદેવજી શ્રી સિદ્ધાચળ પધાર્યા અને તે પણ જ્યારે જ્યારે પધર્યા ત્યારે ફાગણ શુદ ૮ અને રાયણ વૃક્ષ તળે.

જ્યાં ઓગણોતેર ક્રોડાક્રોડી, તેમ પંચાશી

લખએંસી ક્રોડી, ચુમ્માલીસ સહુસ ક્રોડી, સમવસર્યા જીહાં એતીવાર, પૂરવ નવાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર ॥ ૧ ॥

**શ્રી જ્ઞાનવિમલસૂરિજી ત્રી પુનમ દેવવંદન.**

મણિધર (સર્પ) અને મયૂર (મોર) રાયણ પગલાં હેઠળ ભીંતમાં ડાબા હાથ ભણી સર્પ અને મયૂરની મૂર્તિઓ, તે અહિં શા માટે? નવકારનો છંદ ગાથા ૧૫મી.

પરમેષ્ટી સુરપદ તે પણ પામે જે કૃત કર્મ કઠોર પુંડરીકગિરિ ઉપર પ્રત્યક્ષ પેખ્યો, મણિધરને એક મોર, સહગુરૂ સન્મુખ વિધિએ સમરતા સફલ જન્મ સંસાર સોભવિયાં ભન્તે ચોખે ચિન્તે નિત્ય જપીએ નવકાર ॥ ૧ ॥ કથાનક

પૂર્વ કાળમાં વૈર ભાવથી પરસ્પર જાતિ વૈર વાળા એક સર્પ અને એક મોરપણે અવતરી એક બીજાને દેખતાંની સાથે પૂર્વભવના વૈરથી શ્રી સિદ્ધગિરિ ઉપર લડતા હતા હવે તે વખતે જાણે તેમના ભાગ્યથીજ ખેંચાઈને આવ્યા હોય તેવા એક અતિશય જ્ઞાની લબ્ધિવાન મુનિ મહાત્મા શ્રી વિમળ ગિરિરાજની યાત્રાર્થે ઉપર ચડતા પરસ્પર લડતા

એવા બન્ને ( સર્પ અને મોર ) તેઓના જોવામાં આવતાં, નિઃસ્વાર્થ પરોપકારી કરૂણા સમુદ્ર એવા તે મહામુનિ તેઓ (સર્પ અને મોર) સમજી શકે તેવી ભાષામાં કહેતા હતા. હે મહાનુભાવો પૂર્વ ભવના વૈર વિરોધથી તો જાતિ વૈરવાળા તીર્યંચ થયા. પણ હવે જે પરમ પવિત્ર સિદ્ધ ગિરિરાજની પૂણ્ય ભૂમિના પ્રભાવથી શુભ યા અશુભ જેવું કાર્ય કરવામાં આવે તેનું અનેક (લગભગ ત્રીશ) ગણું અને અધ્યવસાયની તરતમતા વડે તો તેના કરતાં પણ અધિક ફળ મળે છે. આ ઉપદેશામૃત વચન સાંભળતાંજ આ સિદ્ધગિરિના પ્રભાવથી બન્નેના જીવનમાં પલટો થતાં જાતિ સ્મરણથી પૂર્વ ભવ યાદ આવવાથી પરસ્પર દોષ ખમાવી. તે મુનિ મહારાજ પાસે અણુસણની યાચના કરી. મુનિ મહારાજે પણ યોગ્ય જીવ જાણી અણુસણ ઉચ્ચરાવ્યું અણુસણ આરાધી શુભ ભાવનાથી બન્ને (એકાવતારી) દેવલોકે ગયા તેવીજ રીતે વાઘ અને સિંહ પણ અહિંજ દેવલોકે ગયા છે તેમની પણ મૂર્તિઓ તેની પાસેજ છે.

ત્યાર પછી આગળના દેરાસરમાં નમિ, વિનમિ શ્રી ઋષભદેવ પાસે રાજ્યની માગણી કરતા હોય

તેવા દેખાવની પ્રતિમાઓ તેમજ જોડે ભરતેશ્વર તથા બાહુબળીજી અને બ્રાહ્મી સુંદરી, વીરા મોરાગજ થકી ઉતરો-તેવા દેખાવની મૂર્તિઓ પણ તેજ દેરાસરમાં છે. ત્યાંથી આગળ એક ગોંખલામાં વિજય શેઠ અને વિજયાશેઠાણી કે જેઓ બ્રહ્મચર્ય વ્રતમાં એક લોકોત્તર દૃષ્ટાંત રૂપે થયા છે. એટલે ચોરાસી હજાર મુનિ મહાત્માઓને એક સાથે સુઝતું દાન આપે અને જેટલો લાભ થાય તેટલો લાભ ગૃહસ્થાવાસમાં રહેલાં વિજયશેઠ અને શેઠાણીને જમાડવાથી મળે. વીશ સ્થાનકની પૂજા. ઢાળ ૧૨ મી ગા૦ ૬.

ચોરાશી સહસ મુનિદાનનું, ગૃહસ્થ ભક્તિ ફળ જોય હો વિનિત, કિરિયા ગુણઠાણે મુનીવડા પણ ભાવતુલ્ય નહિં કોય હો. વિનિત નમો નમો બંભ વય ધારીણું ॥ ૧ ॥ અનુક્રમે ચોદ પ્રતિમા એક દેરાસરમાં હોવાથી ૧૪ રત્નના નામથી ઓળખાતા જીન મંદીર પાસે દેરીમાં અદ્ભુત ચમત્કારી વાસુપૂજ્ય ભગવાનની મૂર્તિનાં દર્શન કરી અનુક્રમે તેજ શ્રેણી (હાર) માં છેડે અને મુળનાયકજીના દેરાસર સામે શ્રી રૂષભદેવ સ્વામિના પૌત્ર અને પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામિનું દેરાસર આવે છે.

# પુંડરીક સ્વામી અને પુંડરીક ગિરિ.

પ્રભુ રૂષભદેવ સ્વામી પુંડરીક ગણુપતિ આદિ પરિવાર સહીત એક વખત શ્રી સિદ્ધગિરિ પધાર્યા. શ્રી ગિરિરાજની સ્પર્શના કરી ભવ્ય જીવોને પ્રતિબોધ કરવા જીનેશ્વર ભગવાન વિહાર કરતા હતા, એટલે પુંડરીક ગણુધર મહારાજા પણુ પાંચ ક્રોડ મુનિવરો સાથે વિહારની તૈયારી કરવા લાગ્યા.

જંગમ તીર્થ કરતાં પણુ સ્થાવર તીર્થની વિશેષતા, મુનિઓને વિહાર, વિનય અને વેયાવચ્ચ વ્હાલાં હોય છે જેથી વિહારની ઉત્કંઠાવાળા પુંડરીકજીને ભગવાન કહે છે કે તમારે પાંચ ક્રોડ મુનિઓ સાથે અહિં રહેવાનું છે. કારણુ તેઓને પરિવાર સહિત કેવળજ્ઞાન અને મોક્ષ આ ગિરિરાજના આલંબનથી થવાનાં જાણ્યાં. હવે આ સ્થળે, કેટલાક સ્થાપના (મુર્તિ) અને સ્થાવર તીર્થને જડ કહીને માનવાનો નિષેધ કરનારે ધ્યાન રાખવા જરૂર છે કે સાક્ષાત્ તીર્થંકર ભગવાન કે જે જંગમતીર્થ (ભાવ નિક્ષેપે રહેલા) પોતાની સાથે આવવાની ઇચ્છાવાળાને પણુ ઉલ્ટા સ્થાવર તીર્થને આશ્રયે રહેવા કહે છે માટે સ્થાવર તીર્થ (સ્થાપના) એ યોગ્ય આત્માઓને

તરવાનું પુષ્ટાલંબન છે. એ નિ:સંદેહ સત્ય છે. હવે ભગવાનના કહેવાથી પાંચ ક્રોડ મુનિવરો સાથે ત્યાં રહી ફાગણ શુદ ૧૫મે પાદપોપગમન (વૃક્ષની ડાળ વૃક્ષથી છુટી પડી જમીન ઉપર જે સ્થિતિમાં પડે તે સ્થિતિમાં જ રહે તે પ્રમાણે આ અણુસણુ આદરતી વખતે જે સ્થિતિમાં દેહ હોય તે સ્થિતિમાં રહેવું તેવું) અણુસણુ કર્યું. અને અંતે શુક્લ ધ્યાનનો બીજો પાયો ધ્યાવતાં કેવલજ્ઞાન પામી ચૈતર શુદ પૂર્ણિમાને દિવસે પાંચ ક્રોડ મુનિવરો સાથે સિદ્ધગિ-રિમાં સિદ્ધિપદને પામ્યા તે દિવસથી આ ગિરિરાજ પુંડરીક ગિરિના નામથી પ્રસિદ્ધિને પામેલ છે. ચૈત્રી ૧૫ મેં જે કરણી કરવામાં આવે તેનું પાંચ ક્રોડ ગણું ફલ મલે છે; વીરજી આવ્યારે વિમળા ચળકે મેદાન–સિદ્ધિગિરિ સ્તવન ગાથા ૫ મી વળી આ ગિરિરાજ ઉપર કઠોર કર્મ કરનાર એવા કુંડુરાય તથા ત્રિવિક્રમ રાજા પણ આ ગિરિ ઉપર તપજપથી તે ભવમાંજ મુક્તિ પામ્યા છે. જેમનાં ચિત્રો પણ વર્તમાનમાં, આ, (પુંડરીક સ્વામિના દેરાસરની ભીંત ઉપર આળેખેલ છે. જે વિચારપૂર્વક નિરિક્ષણ કરવાથી બોધ આપે તેવાં છે.)

## કુંડુ રાજા.

કુંડુરાય મહા પાપી ઓઈહાં આવી, હાંરે શિલ સન્નાહે કાયા દીપાવી, હાંરે વ્રતશસ્ત્રથી મોહ હરાવી, હાંરે વરી શિવ વધુ સાર, વિમળા ચળ નગનાથને ચિત્ત ધરિયે વિમલાચલ સ્તવન ગા૦ ૬ ઠ્ઠી આ કુંડુ રાજા તે સઘળાએ વ્યસનોમાં ચકચુર બનેલો, નાસ્તિકનો નમુનો, દેવગુરૂ ધર્મનો નિંદક, હિંસાદિ કુકર્મ કરનાર, રસ્તામાં જતાં આવતી ગાયને વિદારવાથી, કાતર નચાવતી તેની ગોત્રદેવી નીકળી, તેને ઘણો ઓલંભો આપી કહે છે કે, તારે સુખી બનવું હોય તો શ્રી સિદ્ધગિરિનું શરણુ સ્વિકારી તપ જપ કરવાથી કલ્યાણુ થશે, પરન્તુ હજુ તારી યોગ્યતા નથી, અવસરે યોગ્યતા જણાતાં કહેવાશે, ત્યાર પછી જેમ કોઇ ઠોકર લાગતાં ઠેકાણું આવે. તેમ દોષો દૂર થતાં તેજ દેવી આવીને તેને સિદ્ધ-ક્ષેત્રની સેવા કરવા કહે છે. હવે જેનો ભાગ્યોદય જાગ્રત થયો છે એવો કુંડુ રાજા તે દેવીના કહેવા પ્રમાણે શ્રી સિદ્ધગિરિ જઇ ત્યાં તપ જપ ધ્યાનમાં તત્પર બની અલ્પ સમયમાંજ મુક્તિ સુખને પામ્યા. એ પ્રભાવ આ પ્રગટ પ્રભાવી ક્ષેત્રનો.

## શ્રી ત્રિવિક્રમ રાજા.

આ જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં જે સંભવનાથ ભગવાનના ૪ કલ્યાણુક વડે પૂનીત બનેલી શ્રી શ્રાવસ્તિ ( સાવત્થિ ) નગરીમાં ત્રિવિક્રમ રાજા રાજ્ય કરતો હતો. તે રાજા કુસંગતિથી શિકારનો વ્યસની બની નિરંતર જંગલનાં નિરપરાધી પ્રાણીઓને હણુવામાં ગૌરવ માનતો હતો. એક દિવસ શિકારમાં થાકી ગયેલો, એવો તે રાજા, એક વૃક્ષની નીચે વિશ્રાંતિ લેવા બેઠો છે. તેટલામાં દૈવયોગે જાતિસ્વભાવથી કોઇ પક્ષીએ તે રાજા ઉપર ચરક (વિષ્ટ) નાખી. પોતા ઉપર વિષ્ટા પડેલી જોઇ ત્રિવિક્રમ નૃપતિ એકદમ ક્રોધાતુર બની ગયો. અને દાંત પીસી બોલવા લાગ્યો, (જાણે પક્ષીને સમજાવતો હોય તેમ) તને એટલુંએ ભાન નથી કે આ હું કોના ઉપર ચરક કરૂં છું. હ્યે ત્યારે તેનું ફળ હું તને પ્રત્યક્ષ ચખાડું છું. આમ બોલતાની સાથે, તે ઉપર બાણુ ફેંકયું તે મર્મસ્થાને લાગ્યું કે તે પક્ષિ તરફડીયાં ખાતું રાજાની પાસે પડયું.

### અવનવો બનાવ.

તરફડીયાં ખાતા એવા દુઃખી જાનવરને દેખી

ઘડી પહેલાંનો નિર્ઘૃણ (નિર્દય) એવા પણ આ રાજાનું હૃદય દયાર્દ્ર બની જાય છે. આના તરફડવાથી તેને પણ દુઃખ અનિષ્ટ, અને સુખ ઈષ્ટ છે, તે બરાબર જાણી શકાય છે. તો ચીભડાના ચોરને ફાંસીની શિક્ષા કરનાર જેવા મને ધિક્કાર હો. અરેરે આ ભવમાં જાણે નિરપરાધી પ્રાણીઓને હણવા માટે જ સર્જાયલો છું કે શું ? એવા પાપને આચરનાર મારી શી ગતિ થશે ? બીજી બાજુ રાજ્ય પણ નરકનું જ કારણ છે. ત્રીજી બાજુ કયાં પળી (ધોળો) વાળ આવ્યા પહેલાં રાજ્યપાટ છોડી સંયમી બનનાર એવા કયાં મારા પૂર્વજો અને કયાં આખુંએ શ્વેત બની ગયેલ મસ્તકવાળો અને તેથી નિર્મળ કુળમાં કલંકભૂત કાળા કુકર્મ કરનાર એવો હું. હવે મારે છુટવાને માટે જીનેશ્વર ભગવાનની પ્રવ્રજ્યા (દિક્ષા) સિવાય કોઇ બીજો માર્ગ જ નથી. આ વિચારમાંને વિચારમાં દુઃખિત હૃદયે માંડમાંડ ચિત્તને ઉત્સાહિત બનાવી નગરમાં આવ્યો. પણ મનમાં ત્યાગી બનવાની જ એક તાલાવેલી લાગી છે જેને એવો તે રાજા સિંહાસન ઉપર શુભ ભાવના ભાવતો વાસ ભુવનમાં બેઠેલો છે. તેવામાં જાણે તેની શુભ ભાવનાથી ખેંચાઇને જ જાણે અવ્યા

હોય તેમ જ્ઞાની ગુરૂમહારાજ પધાર્યાની વનપાળક વધામણી લાવ્યો.

જ્ઞાની મહારાજની વધામણી (સમાચાર) સાંભળતાંજ ત્રિવિક્રમ રાજાને ભુખ્યાને દિવ્ય ભોજન, અને તરસ્યાને અમૃત મલે. તેની પેઠે અત્યાનંદ થતાં, વનપાળકને તુષ્ઠિ દાન આપી, ચતુરંગિણી સેના સજી, ગુરૂમહારાજને વંદન કરવા પરિવાર સહિત ગયો. ગુરૂમહારાજનું દર્શન થતાં (દૂરથીજ) પાંચ અભિગમ સાચવી વિધિપૂર્વક વંદના કરી યોગ્ય સ્થાને બેઠા. પાંચ અભિગમ સર્વ સામાન્ય, અને પાંચ રાજ ચિન્હો.

## પ્રથમ પાંચ સર્વ સામાન્ય.

સચિત્ત દવ્વમુજ્જણ, મચિત્ત મણુજ્જણ મણે ગત્તં, ઈગસાડી ઉત્તરાસંગ, અંજલી સિરસિજિણ દિઠ્ઠે ॥૧॥ દેવ વંદન ભાષ્ય મૂળ ગાથા ૨૦મી ॥ ૧ દેવગુરૂ પાસે જતાં આપણા પોતાના ખાવાપીવા વગેરે ભોગવટામાં લેવાની વસ્તુનો ત્યાગ-૨-દેવગુરૂ પાસે ભેટણું ધરવાની (ભકિત વાસ્તે મુકવાની વસ્તુ) નહિં ત્યાગવી, એટલે લઇ જવી-૩-દેવગુરૂની ભકિત ગુણમાં મનની તન્મયતા (એકાગ્રતા)-૪-એક સાડી

(ખીલેલું સાંધેલું ન હોય તેવું) ઉત્તરાસન કરવું આજે વીશ એકવીશમી સદીના પવનમાં જાણ અને અજાણ વર્ગમાંથી આ (ઉત્તરાસન) સંબંધી ઓછો આદર કહો કે અનાદરથી તે વિધિ લુપ્ત પ્રાયઃ જેવો થતો અનુભવાય છે માટે દરેકે આ બાબત લક્ષમાં લહી ઉપયોગ રાખી આ વિધિ સચવાય તેવી કાળજી રાખવા જરૂર જણાય છે.

૫. અંજલિસિરસિ–દેવગુરૂને દેખતાંની સાથે જ બે હાથ જોડવા. આ પાંચ અભિગમ સર્વ સામાન્ય કહ્યા.

પાંચ રાજચિન્હ (અભિગમ) દે વં. ભાષ્ય ગા. ૨૧.

ઇઅપંચવિહાભિગમો, અહવા મુંચંતિ રાય ચિન્હાઈં ખગં, છતો વાણુહ, મઉડં ચમરેઅ પંચમએ ॥ ૨ ॥

દેવગુરૂનું દર્શન થતાં જ ૧–ખડ્ગ (તરવાર) ૨–છત્ર–૩–વાણુહ (જોડાં)–૪–મુકુટ–૫–ચામર. આ પાંચે બહાર છોડી આવે. ત્રિવિક્રમ રાજા પણ તેવીજ રીતે વિધિ સાચવી ગુરૂમહારાજ સન્મુખ દેશના સાંભળવા બેઠો. જ્ઞાની મહારાજે પણ અવસરોચિત વૈરાગ્યવાહિની સંયમને પુષ્ટિ કરનારી

દેશના આપી જે સાંભળી વૈરાગી બનેલા રાજાની ભાવના દ્રઢ બનતાં ગુરૂ મહારાજ પાસે પ્રવ્રજ્યાની માગણી કરી. મહારાજે પણ યોગ્ય જીવ જાંણી પારમેશ્વરી પ્રવ્રજ્યા આપી. હવે ત્રિવિક્રમ ભૂપ–ત્રિવિક્રમ રાજઋષિ બન્યા. તૃણવત્ રાજ્યપાટને છોડનાર તે રાજર્ષિ ગુરૂમહારાજના વિનયપૂર્વક ગ્રહણ અને આસેવના એમ બે પ્રકારની શિક્ષાને ગ્રહણ કરતા હતા. ૧. ગ્રહણા (જ્ઞાન) ૨. આસેવના (ક્રિયા) પ્રથમની શિક્ષા વડે તેઓ ગીતાર્થ થયા. યોગ્યતા મેળવી ગુરૂમહારાજની આજ્ઞાથી એકાકી વિહાર સ્વિકારી ઉગ્ર તપ કરતા રણવને કાયોત્સર્ગ કરી આત્મધ્યાનમાં સમય ગાળવા લાગ્યા. ઇચ્છારોધ ઉગ્ર તપના પ્રભાવથી ત્રિવિક્રમ રાજર્ષિને તેજોલેશ્યાદિ અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઇ હતી. હવે આ બાજુ ગૃહસ્થાવાસમાં શિકાર વખતે જે પક્ષિને બાણથી માર્યો હતો તે કોઇ જંગલમાં ભિલ્લનો છોકરો થયો છે. ઉગ્ર વિહારી અને ઉગ્ર તપસ્વી એવા આ રાજર્ષિ દૈવયોગે તે જંગલમાંજ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. તે વખતે ભિલનો છોકરો પણ જેના હાથમાં તીરકામઠું છે એવો ફરતો ફરતો ત્યાંજ આવી ચડયો.

## વૈરનો પ્રભાવ (સ્વભાવ)

જે મુનિ મહાત્માના દર્શનથી રાજા મહારાજાનાં પણ મસ્તક ઝુકે તેવા ત્યાગી મુનિને દેખવાની સાથે જ તે ભિલને પૂર્વના વૈરથી એકદમ રોષ ઉત્પન્ન થતાં જ બાણ સાંધી તે રાજર્ષિ ઉપર છોડવા તૈયાર થાય છે તેટલામાં તે મુનિની દ્રષ્ટિ તેની સામે પડે છે.

## વિચિત્ર કર્મની વિચિત્રતા.

પોતા ઉપર બાણ ફેંકવાની તૈયારીવાળા તે ભિલને જોતાંની સાથે તે ત્રિવિક્રમ મુનિએ તેના ઉપર તેજોલેશ્યા મુકી બાળી નાખ્યો. કર્મની ગતિ કોઈ વિચિત્ર છે. રાજરિદ્ધિને તણખલાની પેઠે છોડી, તીવ્ર વૈરાગ્યથી રાજર્ષિ બનેલા મુનિ તે એક અસાર દેહના રક્ષણની ખાતર પંચેન્દ્રિનો ઘાત કરતાં પણ આંચકો ખાતા નથી તો એ વિચિત્ર કર્મની વિચિત્રતા નહિં તો બીજું શું ?

## વૈરની પરંપરા.

પક્ષિમાંથી ભિલ બનેલા તેની ઉપર તેજોલેશ્યા પડતાં ભસ્મીભૂત બનેલો તે ભિલનો જીવ કોઇ જંગલમાં સિંહ થાય છે. હવે ત્રિવિક્રમ મુનિ

પણ વિહાર કરતા કરતા દૈવયોગે તે જ જંગલમાં આવી કાયોત્સર્ગ ધ્યાને રહ્યા, ત્યાં તે સિંહના દેખવામાં આવતાંની સાથે જ એકદમ ત્રાપ મારી મુનિને મારવા દોડે છે એટલામાં તે મુનિને ખબર પડતાં તેના ઉપર તેજોલેશ્યા છોડે છે જેથી તે સિંહ વૈરની પરંપરાની વૃદ્ધિ કરતો બળી મરી ગયો.

## સિંહ બદલી દીપડો.

હવે ચોથા ભવમાં તેજોલેશ્યાથી બળી મૃત્યુ પામેલો તે સિંહ કોઇ જંગલમાં દીપડાના અવતારને પામે છે. દૈવયોગે તે મુનિ પણ તે જ અરણ્યમાં કાયોત્સર્ગ કરી રહેલા તે મુનિને દેખતાં જ તે દીપડો વૈરના ઉદયથી મારવા દોડયો, પોતાને મારવા આવતો દેખી તેના ઉપર પણ તેજોલેશ્યા મુકી બાળી નાંખે છે.

## દીપડામાંથી જંગલી સાંઢ.

ત્રિવિક્રમ મુનિએ મુકેલી તેજોલેશ્યા વડે મરણ પામેલો તે દીપડો એક ગાઢ અરણ્યમાં જંગલી સાંઢપણે ઉત્પન્ન થયો હવે દૈવયોગે તે મુનિ પણ તે સાંઢવાળા જંગલમાં આવી કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

## સાંઢ મરી દ્રષ્ટિવિષ સર્પ.

હવે કાઉસ્સગ્ગમાં ઉભેલા તે મુનિને જંગલમાં ફરતા તે જંગલી સાંઢે દેખ્યા કે તુરતજ પુંછડું ઝાટકતો તે મુનિને મારવા દોડયો. પોતાને મારવા આવતા તે સાંઢ ઉપર તેજોલેશ્યા મુકવાથી તે સાંઢ પરલોકનો પ્રાહુણો થયો, એટલે મરણ પામી ઉજ્જયિની નગરીના ઉદ્યાનમાં સિદ્ધવડની કોટરમાં દ્રષ્ટિવિષ સર્પ થયો. હવે ત્રિવિક્રમ મુનિ પણ ભવિતવ્યતાને યોગે તે જ સિદ્ધવડ પાસે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

## તિર્યંચ બદલી મનુષ્ય.
## ( દ્રષ્ટિવિષ સર્પમાંથી દ્વિજ )

વડની કોટરમાંથી બહાર નીકળેલા દ્રષ્ટિવિષ સર્પે કાઉસ્સગ્ગ ધ્યાને ઉભેલા તે મુનિને જોવાની સાથે જ ઉદય આવેલા પૂર્વભવના વૈરથી ફુંફાડા મારતો ડંખ દેવા આવે છે. તેવું જાણી વળી પણ તે મુનિ એકદમ તેના ભણી તેજોલેશ્યા મુકી બાળી મુકે છે. તેજોલેશ્યાથી મરણ પામેલો તે સર્પ અકામ નિર્જરાવડે તિર્યંચમાંથી મનુષ્ય બન્યો, (કોઈ ગામમાં બ્રાહ્મણ થયો.) હવે ત્રિવિક્રમ મુનિ પણ ભવિતવ્યતાથી તે સર્પનો જીવ જે ગામમાં

બ્રાહ્મણનો પુત્ર થયેલો છે તે જ ગામના ઉદ્યાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા છે.

## બ્રાહ્મણ પુત્રમાંથી રાજકુમાર.

હવે ગામ બ્હાર ફરવા નીકળેલા તે દ્વિજ પુત્રના જોવામાં તે મુનિ આવે છે. જોતાંની સાથે જ પૂર્વની વાસનાથી લાકડી લહી મારવા દોડયો. પોતાને મારવા આવતા તે ઉપર ધગધગાયમાન કરતી તેજોલેશ્યા મુકતાંની સાથે જ તે દ્વિજ–પુત્ર અધિક અકામ નિર્જરા વડે મરણ પામી કાશીદેશે વારાણસી નગરીમાં નૃપતિ કુલમાં મહાબાહુ નામે રાજકુમાર થયો, શ્રાવક ધર્મનું પાલન કરતા નૃપને ત્યાં અવતરવાથી તે કુમાર પણ સુસંસ્કારી બન્યો. હવે ગ્રામાનુગ્રામ વિચરતા એવા કોઈ મુનિ મહારાજ પણ જે નગરમાં તે કુમારનો જન્મ થયો છે. તેજ નગરમાં ગૌચરી ફરતા તે મુનિને ઝરૂખામાં બેઠા રાજકુમાર જુએ છે. સુસંસ્કારી તે રાજપુત્ર દેવગુરૂ પ્રત્યે બહુ પ્રેમ (ભકિત) ભાવવાળો હતો. પરન્તુ આ મુનિને રાજમાર્ગમાં દેખતાની સાથે બહુમાન જાગવાને બદલે કંઇક દ્વેષભાવ (પૂર્વની વૈર વાસનાથી) પ્રગટયો. મુનિ મહાત્માને દેખીને

ભક્તિભાવ જાગ્રત થવો જોઇએ, તેને બદલે અભાવ થતાં સંસ્કારી કુમારને દુઃખ થાય છે અને વિચારે છે કે આનું કારણ શું ? એટલામાં શુભ અધ્યવસાયથી જાતિસ્મરણ જ્ઞાન થતાં છેક પક્ષિના ભવથી પૂર્વના સાત ભવોને જુએ છે. મૂચ્છાંથી સ્વસ્થ બનેલો તે રાજકુમાર તે મુનિમહારાજને વિધિપૂર્વક વંદન કરી પોતાને સ્થાને આવી તે ત્રિવિક્રમ રાજર્ષિની શોધને માટે પોતાના અનુભવ મુજબ અર્ધશ્લોક બનાવી ઉદ્‌ઘોષણા ( જાહેરાત ) કરાવે છે કે જે આ શ્લોકનો ઉત્તરાર્ધ કરી આપશે તેને

**રાજા એક લાખ સોના મહોર આપશે**

**તે શ્લોકનો પૂર્વાર્ધ**

વિહગઃ શબરઃ સિંહો, દ્વિપી, સંઢઃ ફણી દ્વિજઃ

એક લાખ સોના મહોરની લાલચે પ્રાયઃ નગરના સર્વે વાણીયા-વેપારી ખેડુત અને ગાયો ચારનાર ગોવાળીઆઓ શુદ્ધાં આ અર્ધશ્લોક કંઠે કરી હાલ-ચાલ તે જ બોલ્યા કરે છે. હવે ત્રિવિક્રમ રાજર્ષિ પણ ગ્રામાનુગ્રામ વિચરતા તેજ નગરના ઉદ્યાનમાં કે જ્યાં રાજકુમારે બનાવેલો અર્ધશ્લોક બહુધા બોલાઇ રહ્યો છે. તે ઉદ્યાનમાં પધારેલા તે

મુનિ અરહટ્ટ (કોશ) ખેડનાર ખેડુત પાસે શ્લોકાર્ધ સાંભળી વિચારે છે એટલે પોતાના જ સંબંધને આ શ્લોક જાણી તેના ઉત્તરાર્ધની રચનાથી પૂર્ણ કરી આપે છે.

પૂર્વાર્ધ=વિહગઃ શબરઃ સિંહો, દ્વિપી, સંઢઃ ફણી, દ્વિજઃ
ઉત્તરાર્ધ=યેનાડમી નિહંતા, કોપાત સકથં ભવિતાહહા
॥ ૧ ॥

આ ઉત્તરાર્ધ મુનિ મહારાજના મુખથી સાંભળી તે ખેડુત યાદ કરી રાજસભામાં આવી તે શ્લોકાર્ધ સંભળાવે છે. રાજકુમારને તે યથાર્થ જણાય છે. પરંતુ શ્લોકાર્ધ બનાવનાર આ (ખેડુત) ન હોવો જોઇએ. જેથી તેને પુછયું કે સત્ય કહે કે આ ઉત્તરાર્ધ કોણે કહ્યો ત્યારે તે પણ મુનીના મુખથી સાંભળવાનું કહે છે ત્યારે રાજકુમાર પરિવાર સહિત તે ત્રિવિક્રમ રાજર્ષિ પાસે આવે છે.

## રાજર્ષિ અને મહાબાહુ રાજા પરસ્પર વૈર ખમાવી આત્મ નિંદામાં તત્પર બન્યા.

ત્રિવિક્રમ મુનિનાં દર્શન થતાં મહાબાહુ રાજા વિધિપૂર્વક વંદન કરી મુનિ મહારાજ પાસે પોતાના દોષો પ્રગટ કરી માફી માગતાં કહે છે કે હે મહા-

મન્ મેં તે તે ભિલ વગેરે ભવોમાં આપને ધ્યાનથી ચુકાવી સંતાપ્યા તે આપ સાહેબ ક્ષમા કરો. મહાબાહુ રાજાની નમ્ર વિનંતિ સાંભળી આ ત્રિવિક્રમ મુનિ પણ પોતાનાજ દોષોને જોતા કહે છે કે હે રાજન્! જીવ સર્વે કર્મને વશ છે અને પક્ષિ વગેરે તે તે ભવોમાં હું મહાવ્રતધારી છતાં મેં એક ક્ષણભંગુર દેહને માટે મારી પ્રતિજ્ઞાનો ભંગ કરી તારો ઘાત કરનાર બન્યો; માટે તે સંબંધી હું ખમાવું છું. આ બન્ને પરસ્પર વૈરભાવ ખમાવી આત્મનિંદા કરી રહ્યા છે એટલામાં દેવ દુંદુભિ સાંભળી તપાસ કરતાં કોઇ મુનિ મહાત્માને ક્ષપક શ્રેણી માંડવા વડે ઘાતિ કર્મના ક્ષયથી કેવલ જ્ઞાન ઉત્પન્ન થયાનું સાંભળતાં ત્યાં જઇ કેવલી ભગવાનને વંદન કરી પોત પોતાના દોષો પ્રકટ કરી પાપથી છુટવાનો ઉપાય પુછતાં તે કેવલી મહારાજ શ્રી સિદ્ધગિરિની યાત્રા કરી તપજપથી કર્મ ખપાવવાનો ઉપાય બતાવતાં મહાબાહુ રાજાએ શ્રી સિદ્ધગિરિનો સંઘ કાઢયો.

તે સંઘમાં ત્રિવિક્રમ મુનિ પણ પધાર્યા ચતુર્વિધ સંઘની સાથે ગિરિરાજની સ્પર્શના (યાત્રા)

કરી કેવલી ભગવાનના કહેવા પ્રમાણે ત્રિવિક્રમ રાજર્ષિ તથા મહાબાહુ રાજા શ્રી વિમળગિરિની· નિશ્રાએ રહી તપ જપ ધ્યાનમાં તત્પર બની જીને· શ્વર ભગવાનના ગુણ ગ્રામ અને સ્વનિંદા કરતા અંતે સર્વ આત્મ પ્રદેશે વિમળ થયા. (કેવલ જ્ઞાન પામ્યા) અંતે ચાર અઘાતિ કર્મનો ક્ષય કરી, ચૌદમે અયોગી ગુણ ઠાણે, પાંચ હ્રસ્વાંક્ષર (અ, ઇ, ઉ, ઋ, લૃ,) જેટલે કાળ રહી બન્ને અજર અમરપણા (મુકિત) ને પામ્યા. આવા પ્રકારનાં બોધ આપતાં દૃશ્યો (ચિત્રો) શ્રી પુંડરીક સ્વામીજીના દેરાસરમાં વર્તમાનકાળે દેખાય છે. અહિં પણ (યાત્રા વિધિનું) ચૈત્ય વંદન કરવું. પુંડરીક ગણધર મહારાજાના દેરાસરની સામે ઉગમણેબાર શ્રી સિદ્ધાચલના ભૂષણસમા મૂળનાયક આદીશ્વ-રજીનું સોલમા ઉદ્ધાર (વિક્રમ સંવત ૧૫૮૭ વૈશાખ વદ ૬ પ્રતિષ્ઠા) કરાવેલું દેરાસર શોભી રહેલું છે. હવે સોળમો ઉદ્ધાર કહ્યો એટલે તેના પહેલાંના પંદર ઉદ્ધાર કોણે અને કયારે તેની સાથે આ સોલમા ઉદ્ધારનું, એમ ૧૬ ઉદ્ધાર અને ભાવિમાં થનાર ૧૭મા ઉદ્ધારનું, સંક્ષેપમાં વર્ણન નીચે પ્રમાણે.

૧– શ્રી રૂષભદેવ સ્વામિના જયેષ્ઠ પુત્ર ભરત ચક્રવર્તીનો જેનું વર્ણન ગિરિરાજ ઉપર ચડતાં પાદુકાના દર્શન વખતે આવેલું છે.

૨– આઠમે પાટે થયેલાં દંડવીર્ય રાજા કે જે સ્વામિ ભાઇની ભકિત અને અષ્ટમીની આરાધનામાં દ્રષ્ટાંતરૂપે બનેલા છે. તેમણે કરાવ્યો.

૩– પ્રથમ જીનેશ્વર અને અજીતનાથ સ્વામિના અંતરમાં મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા સીમંધર સ્વામીની દેશનાથી ૨ જા દેવલોકના સ્વામિ ઇશાનેંદ્રે કરાવ્યો.

૪– ત્યારપછી એક ક્રોડ સાગરો–પમને આંતરે ચોથા દેવલોકના સ્વામિ માહેંદ્રે કરાવ્યો.

૫– દશક્રોડી સાગરો પમને આંતરે પાંચમા સ્વર્ગનામાલિક બ્રહ્મેંદ્રે પાચમો ઉધ્ધાર કરાવ્યો.

૬– એક લાખ ક્રોડને આંતરે છઠો ઉધ્ધાર ભુવનપતિ નિકાયના ચમરેંદ્રે કરાવ્યો.

૭– શ્રી અજીતનાથ ભગવાનના કાકા સુમિત્ર રાજાના પુત્ર શ્રી સગર ચક્રવર્તીએ કરાવ્યો.

૮– શ્રી અભિનંદન સ્વામિના સમયમાં વ્યંતરેંદ્રે કરાવ્યો.

૯– શ્રી ચંદ્રપ્રભ પ્રભુના સમયમાં ચંદ્રયશા રાજાએ કરાવ્યો.

૧૦– શ્રી શાંતિનાથ ભગવાનના નંદન (પુત્ર) ચક્રાયુધે કરાવ્યો અને ત્યાર પછી સંયમ ગ્રહણ કરી પ્રથમ ગણધરપદ પામ્યા.

૧૧– શ્રી દશરથનંદન બલદેવ એવા શ્રી રામચંદ્રજીએ શ્રી મુનિ સુવ્રત સ્વામિના સમયમાં કરાવ્યો.

૧૨– પાંચ પાંડવોને પાંડવો અને કૌરવની લડાઈ થતાં પાંડવોએ કૌરવોને હણ્યા, (માર્યા) જેથી પુત્ર વત્સલા કુંતા માતાએ કહ્યું બેટા આ ગોત્ર હત્યાનું મહાન્ પાપ લાગ્યું. તેથી છુટવા માટે શ્રી શત્રુંજયનું શરણ લેવા જરૂરી છે. તે સાંભળી તે સુપુત્રોએ માતાની શિખામણ મસ્તકે ચડાવી શ્રી શત્રુંજય આવી ગિરિરાજ ઉપર બારમો ઉદ્ધાર કરાવ્યો. ધન્ય છે સન્માર્ગે વાળનાર તે નંદન વત્સલાજનનીને. અને ધન્ય છે તે માતૃભક્ત સુપુત્રોને કે જે માતુશ્રીના મુખમાંથી નીકળતા વચનને વધાવી શ્રી શત્રુંજયનો ઉદ્ધાર કરવા તત્પર બન્યા. અને ત્યાર પછી શ્રી ધર્મ[illegible]ર મહારાજ પાસે પ્રવ્રજ્યા આદરી, શ્રી સિદ્ધગિરિ ઉપર અણ-

સણ કરી, ૨૦ ક્રોડ મુનિ સાથે આસો શુદ પૂર્ણિ-
માએ મોક્ષે પધાર્યા. જેનું વર્ણન ગિરિરાજ ઉપર
ચડતી વખતના રસ્તાના અધિકારમાં આવેલ છે.

૧૩મો વિક્રમ સં. ૧૦૮ માં દશ પૂર્વધર યુગ પ્રધાન શ્રી વયર (વજ્ર) સ્વામિની નિશ્રાએ જાવડશાહે કરાવ્યો.

૧૪મો બાહડ (વાગ્ભટ્ટ) મંત્રી (પિતાશ્રી ઉદ્દાયન મંત્રીની અંત સમયની ભલામણથી) ઉદ્ધાર કરવાને ઇચ્છતા એક પંથ અને દોકાજની જેમ સંઘપતિ (બહુવ્રિહિસમાસ પ્રમાણે) તિલક ધારણ કરી ચતુર્વિધ સંઘનું બહુમાન—ભકિત કરતા પાટ-ણથી શ્રી સિદ્ધગિરિ તરફ પ્રયાણ કરતા રસ્તામાં પડાવ નાંખતા જાય છે તે વખતે જે ગામોની પાસે ડેરા તંબુ ખડા થાય છે ત્યાં એક મ્હોટા શહેર જેવો દેખાવ થાય છે ત્યાં તે ગામના અને આજુ બાજુના શ્રાવકો (ગૃહસ્થો) ને ખબર મળતાં તેઓ કોઇની પ્રેરણા સિવાય પોતાની ભાવનાથી ઉધ્ધાર ફંડમાં રકમ આપવા કહે છે મંત્રી લેવા ઇચ્છતા નથી જેથી નમ્રતાપૂર્વક આજીજી કરી કોઇ પાંચ હજાર તો કોઇ ૧૦૦૦૦ દસ હજાર તો કોઈ તેથી પણ

વિશેષ ઉત્સાહપૂર્વક નામ મંડવતાંની સાથેજ (તે સુશ્રાવકો સમજતા હતા કે ઉછામણી બોલ્યા પછી જેટલો વખત આપવામાં ઢીલ તેટલું વ્યાજ ચડતું થાય છે જેથી) રોકડા પૈસા આપી ત્રણ પ્રકારના સાહુકારોમાં પ્રથમ નંબરે આવતા હતા.

## ૩ પ્રકારના સાહુકારો.

૧લા નંબરવાળા બોલી બોલતાંની સાથેજ ખીસ્સામાંથી કાઢી ચુકાવી આપે.

૨જા નં. વાળા સભામાંથી ઉઠી ઘેર જઇ પાણી પણ વાપર્યા પહેલાં તુરતજ પહોંચતા કરે.

૩જા નં. વાળા સંઘ તરફથી ઉઘરાણીએ આવનારને પહેલેજ ફેરે ચુકાવી આપે.

આ સિવાયના લાંબી મુદત થતાં છતાં ઉઘરાણીએ આવનારને સંતોષકારક ઉત્તર જેટલીએ ઉદારતા દર્શાવે નહિં. બીજા-ત્રીજા વર્ષોમાં ખાતાં ખેંચાયે જાય, અને કોઇ કાર્યવાહક હિતની ખાતર જલ્દી આપવા કહે તો શું દેરાસર વગેરે તમારા એકલાનું છે? આમ બોલી ઉલટા કલેશ કરે છે. આવાઓને કયા નંબરમાં ગણવા એ વિચારણા વાંચક સ્વયં કરી લ્યે.

આ પ્રમાણે જે જે ગામોની પાસે સંઘનો ઉતારો થાય તે તે ગામના તથા આજુબાજુના ભાગ્યશાળીઓ મંત્રીશ્વર કે તેમના લાગતાવળગતા કોઇએ ઇસારો સરખોય કર્યા વિના ઠેકાણે ઠેકાણે લાખોના પ્રમાણમાં આપ્યે જ જાય છે. આ ધડો વર્ત-માન કાળના સદ્‌ગૃહસ્થોએ કેવી રીતે રકમ ભરવી અને કેવી રીતે (સેકેલું બીજ વાવ્યાની પેઠે) ભરાય છે એ ખાસ વિચારી આપેલો પૈસો સંપૂર્ણ લાભ-દાયક થાય તેમ કરવું જોઇએ. આ રીતે ચતુર્વિધ સંઘની ભકિત કરતા મંત્રીશ્વર શ્રી સંઘની સાથે શ્રી સિદ્ધગિરિની છાયા (તલાટી) પાસે ઉતારો કરી બેઠા છે ત્યાં પણ દરેક સ્થળોની પેઠે આજુબાજુથી ખબર પડતાં અનેક પુણ્યશાળીઓ ઉદ્ધાર ફંડમાં નાણાં આપવા વિનવે છે તો પણ મંત્રીશ્વર લેવા ના કહે છે એટલે આગ્રહભરી વિનંતિ કરી આપે છે ત્યારે દાક્ષિણ્યતાથી સ્વિકારાય છે.

## પાંચ કલ્પવૃક્ષોમાં પહેલું નિર્ધન અવસ્થામાં દાનના દ્રષ્ટાંતરૂપે ભીમો કુડલીઓ.

ઉપર પ્રમાણે શ્રીસંઘના દર્શનાર્થે તથા પૈસા આપી લાભ લેનારની ઠઠ્ઠ એટલી જામી છે કે

વિશાળ એવા પણ સંઘપતિના તંબુમાં ક્યાંએ માર્ગ દેખાતો ન હતો. આ વખતે નજીકના ગામમાં રહેનાર તદ્દન સામાન્ય સ્થિતિનો (કુડલીમાં ઘી ભરી વેચતો હોવાથી) જેનું નામ ભીમા કુડલીઆ તરીકે પ્રસિદ્ધિને પામેલું છે એવો તે ભીમો શ્રાવક તંબુના બારણા સુધી તો આવ્યો, પણ જાડાં અને જરા મલીન કપડાં હોવાથી છડીદાર અંદર પ્રવેશ કરવા આપતો નથી જેથી ઊંચો નીચો થઇ રહેલ છે.

## ઉત્તમ પુરૂષોની ઉદારતા.

જેની દૃષ્ટી ચારેબાજુ ફરે છે એવા બાહડ મંત્રીની દ્રષ્ટી બારણા તરફ ગઇ. જોતાં જાણ્યું કે આ ભાગ્યશાળીને અંદર આવવું છે પરંતુ પોળીઆના રોકવાથી આવી શકતો નથી જેથી દ્વારપાળને હુકમ કર્યો કે અંદર પ્રવેશ કરાવ જેથી તે ભીમા કુડલીઆને અંદર દાખલ થવા દીધો. સભામાં આવેલો તે પોતાની સ્થિતિને અનુસારે તેમજ બીજે સ્થળે માર્ગ નહિ દેખાવાથી એક બાજુ પ્રથમ આવેલાઓનાં જોડાં પાસે બેઠો. આ વખતે ઉદાર દિલના મંત્રીશ્વરે (સાચી સ્વામીભાઇની ભક્તિને વ્યકત કરતાં) પોતાની પાસે ગાદી ઉપર બેસવા કહ્યું તો પણ મનમાં સંકોચાતો તેને જોઇ તેનો

હાથ પકડી મંત્રીશ્વર પોતાની જાતે જાડાં અને ઝાંખા કપડાવાળા ભીમા કુડલીઆને પોતાની જોડે જ્યાં મખમલના તકીયાઓ ગોઠવેલાં છે એવી રેશમી ગાદી ઉપર બેસાડે છે. કેવો અને કેટલો હશે સ્વામી ભાઈ પ્રત્યે પ્રેમ? અત્યારના ગર્ભશ્રીમંતોએ સ્વામીભાઇની ભક્તિનો આ દાખલો ધ્યાનમાં લેવા જેવો છે. સભામાં બેઠેલો ભીમો કુડલીઓ ત્યાં આવેલા સ્વામીભાઈમાંના કોઇ પાંચ તો કોઇ દશ તો કોઇ પચ્ચીશ પચ્ચાસ હજાર ભરાવતા જોઈ અનુમોદના કરતો વિચારે છે કે ધન્ય છે આ મહાનુભાવોને કે જે મહાન્ તીર્થના ઉધ્ધારમાં વ્યય કરી અસાર એવી લક્ષ્મીવડે સાર એવા લાભ ને ઉપાર્જન કરે છે. સાચી ભાવનાવાળા એકલી કોરી અનુમોદના કરી બેસી રહેતા નથી, પણ શક્તિ અનુસારે અમલમાં મુકી સાર્થક કરી બતાવે છે. તે પ્રમાણે આ ભીમો શ્રાવક પણ આપવાની ભાવનાથી ખીસ્સામાં હાથ નાખે છે અને કાઢે છે. વળી વિચારે છે કે આ લાખો અને હજારો આગળ મારા નામના પૈસા કયા હિસાબમાં આ ભાવનાથી તરબોળ બનેલા તે ભીમા શ્રાવકને મંત્રીશ્વર પુછે છે કે કેમ? મહાનુભાવ તમારે કાંઇ આપવા

ભાવના થાય છે ? મંત્રીશ્વરના આ પ્રશ્નથી ઉંડો નિશ્વાસ નાખી વિચાર સાગરમાં ડુબકી મારતા ભીમા શ્રાવકને ફેર મંત્રીરાજ કહેવા લાગ્યા આમાં વિચારમાં પડવા જેવું કશું નથી જેની જેટલી શકિત અને ભાવના હોય તે પ્રમાણે પણ આપી શકે છે વાત્સલ્ય ભાવના આ વચનથી ઉત્સાહિત બનેલા ભીમા શ્રાવકે ખીસ્સામાં જેટલું હતું તેટલું બહાર કાઢી કહે છે કે આજે કલયુગમાં કલ્પતરૂ એવા શ્રી સિદ્ધાચલ તીર્થની યાત્રા કરી એક રૂપી-આના ફુલ વડે દાદા શ્રી રૂષભદેવ સ્વામિની પૂજા કરી તલાટીમાં આવતાં પુણ્યોદયથી શ્રી સંઘના દર્શન થયાં અને મારી પાસે મુડી-મિલ્કત આ ગંજવામાંથી નીકળી તે છે. જેથી મારી આ નજીવી રકમ સ્વિકારી આ સેવકને કૃતાર્થ કરશો, ભીમા શ્રાવકની આ ઉમદા ઉદારતાથી અતિ ખુશ થયેલા મંત્રીરાજે એક રૂપીયો અને ૬ છ દ્રમ (તે વખતનું ચાલતું નાણુ) સ્વિકારી લઈ તે વહીમાં સૌથી મથાળે (પહેલું) નામ તેનું ચડાવ્યું આ બનાવથી મ્હોટી રકમો ભરાવનાર શ્રીમંતો તો વિચારમાં પડી ગયા કે આ શું ? પણ મંત્રીશ્વરને કહી કોણ શકે,

જેથી એક બીજાના મુખ સામું જુએ છે. વિચક્ષણ મંત્રી તુરતજ કળી જઇ કહી દે છે કે આ અલ્પ રકમ આપનારના પ્રથમ નામથી તમારાં મન દુઃખાય છે પરંતુ મહાનુભાવો ન્યાય બુદ્ધિથી વિચાર કરાય તો પણ સમજી શકાય છે કે, હું અને તમો ક્રોડો, લાખો કે હજારો આપીએ તોએ ઘરમાં રાખી તે પ્રમાણે આપીએ છીએ જયારે આ ભાગ્યશાળી તો ઘરનું સર્વસ્વ આપી, દરિદ્ર અવસ્થામાં દાન એ પ્રથમ કલ્પ વૃક્ષના દ્રષ્ટાંત રૂપે બનેલ છે તો તેનું મુખ્ય નામ એ વ્યાજબીજ છે એમ તમારે પણ સમજી લેવું જોઇએ. હવે પ્રથમ નામવાળાને પહેરામણી કરાવવાના ક્રમ પ્રમાણે મંત્રીશ્વરે ઉમદા પોષાક તથા અલંકાર (ભંડારી પાસેથી મંગાવી) પહેરવા આગ્રહ કરી ભકિત દર્શાવી ત્યારે નિઃસ્પૃહ એવો તે ભીમો કુડલીઓ સાફ ના કહી દેતાં કહે છે કે અલ્પ પૈસા આપવાવાળો એવો હું આ ઉમદા પોષાકનો અધિકારી ન હોઉં મંત્રીશ્વરના અત્યાગ્રહ છતાં નિઃસ્પૃહ ભીમા કુડલીઆએ ન લીધો તે ન જ લીધો હવે સંઘને તથા સંઘપતિને નમસ્કાર કરી તે ભીમો શ્રાવક પોતાને ઘેર આવે છે.

## ઉગ્ર ભાવનાનું તાત્કાલિક ફળ.

આ બાજુ ભીમા શ્રાવકના ઘરમાં તેની સ્ત્રી પ્રભાતે પ્રભાતીઆ અને સાંઝે સાંઝી (કડવા–કઠોર શબ્દથી) સંભળાવી કલેશ કરવાના સ્વભાવવાળી, એવી પ્રતિકુલા, તે પણ આજે ભીમા કુડલીયાની ઉગ્ર ભાવનાથી કરેલા ધર્મના પ્રભાવ વડે એકાએક સાનુકુલા બની, સ્વામીને આવતા દેખી ઉઠી ઊભી થઈ, બહુમાનપૂર્વક મધુર વાણીથી આદર સત્કાર કરી સુખશાન્તિના સમાચાર પુછી, ગરમ પાણી વડે પગ પ્રક્ષાલી આસને બેસાડી પડોશમાંથી ભોજનની સામગ્રી (ઉધારે) લાવી મિષ્ટભોજન બનાવી સ્નેહપૂર્વક પતિને જમાડતી હતી. સરલ હૃદયના ભીમા શ્રાવકે જે સંઘપતિની સભામાં બનેલી હકીકત તે નિખાલસપણે પત્ની પાસે કહી દીધી. તે સાંભળી પરિવર્તન સ્વભાવવાળો તે ગૃહીણી આનંદપુર્વક અનુમોદન કરે છે. આવા પ્રકારના અનુભવથી, ભીમો શ્રાવક તો આશ્ચર્યમુગ્ધ બની જઈ વારંવાર સુકૃતની અનુમોદના કરે છે. હવે તે આંગણામાં બાંધેલી ગાયે ખીલો ઉખેડી નાખવાથી, તે ખીલો મજબુત બેસાડવા માટે જમીનને જરા

ઉંડી ખોદે છે એટલામાં ૧૦૦૦૦ દશ હજાર સોના-મહોરનો ચરૂ નીકળે છે, તે સોનામહોરો સાથે લહી શેઠાણીની અનુમતિ મેળવી સીધો સંઘપતિના તંબુમાં આવે છે અને તે સઘળી મિલ્કત ઉદ્ધાર ફંડમાં લેવાની મંત્રીશ્વરને આજીજી કરે છે. ત્યારે મંત્રીશ્વર કહે છે કે હવે ઉદ્ધાર ફંડનું કાર્ય સમાપ્ત થતું હોવાથી જરૂર નથી તેમજ આ લક્ષ્મી પુણ્ય પ્રભાવથી મળેલી તેનો ભોગવટો તમોજ કરો. એમ મહા મુશીબતે સમજાવી તેને ઘેર મોકલ્યો. અને ભીમો કુંડલીયો ઘેર જઇ તે લક્ષ્મીનો સદ્વ્યય કરી સદ્ગતિનો પ્રાહુણો બન્યો. હવે મંત્રીરાજ સંઘ સાથે શ્રી સિદ્ધ-ક્ષેત્રની યાત્રા કરી શ્રી સિદ્ધ ગિરિરાજ ઉપર (સં. ૧૨૧૩ માં) ઉદ્ધાર કરાવી કૃત કૃત્ય બન્યા.

૧૫- ઉદ્ધાર સંવત ૧૩૭૧ માં શેઠ સમરા શાહે કરાવ્યો.

૧૬- ઉધ્ધાર (વર્તમાનમાં ચાલતો) સં. ૧૫૮૭ વૈશાખ વદ ૬ કરમાશાહે કરાવ્યો જે આજે જયવંતો વર્તે છે. આ સોળ ઉદ્ધારમાં કયા કયા ઉદ્ધાર કયા આરામાં થયા તેની વિગત.

૧ લો ઉધ્ધાર ત્રીજા આરામાં ૨ જાથી ૧૨

સુધી ચોથા આરામાં ૧૩ થી ૧૬ સુધીના ૪ ઉદ્ધાર આ પાંચમાં આરામાં થયા. અને ૧૭ મો છેલ્લો ઉદ્ધાર આ પાંચમા આરામાં પણ તે ભાવી (હવે) યુગ પ્રધાન એકાવતારી દુ:પસ્સહ સૂરીશ્વરજીના ઉપદેશથી વિમલવાહન રાજા કરાવશે.

આ ચાલતા સોળમા ઉધ્ધારના જીનમંદિરમાં તીર્થ પતિ શ્રી આદિનાથ સ્વામીની સ્તુતિ ભાવ પુર્વક (વીતરાગ પ્રભુના ગુણ અને આત્મ નિંદા જેમાં આવે તેવી) એકાગ્ર ચિત્તથી કરતાં મોહનીયની સાથે ચારે ઘાતિ કર્મનો ક્ષય થવાથી ધીર રાજાને જેમ કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું, તેમ વર્તમાન કાળમાં પણ ભાવીતાત્માઓ પોત પોતાની ભકિત અને ભાવનાનુસારે લાભ લહી આત્મકલ્યાણ સાધી રહ્યા છે છતાં વિવેકને અભાવે કે અધીરતાને લહી કોઇ વખતે કેટલાક યાત્રાળુઓ પરસ્પર ભાઈઓ અને બ્હેનોની દર્શન પુજા વખતે ધકા ધકી અને તેને લહી કેટલીક વખત કષાયનું સ્વરૂપ દેખાય છે.

તે વીતરાગ પ્રભુનાં દર્શનથી વીતરાગપણું ઈચ્છનાર (માગનાર) ને શરમાવનાર છે. અહિં શાન્તિથી ચૈત્ય વંદન કરવું. એટલે યાત્રાને અંગે

પાંચ ચૈત્ય વંદન પૂર્ણ થાય છે. દ્રવ્ય પૂજા અધિકાર (ગૃહીને) મહાનિશિથસૂત્ર ૩ જુ અધ્યયન ભાવસ્તવ મુનિને ભલોજી બિહું ભેદે ગૃહીધાર, ત્રીજે અધ્યયને કહ્યોજી, મહાનિશિથ મઝાર સવા સેંગાથા સ્તવન ઢા૦ ૯ ગા૦ ૧ લી રોગીને ઔષધની જેમ ગૃહસ્થને દ્રવ્ય પુજાનો અધિકાર હોવાથી પ્રથમ સાત પ્રકારની શુદ્ધિ સગવિહ શુદ્ધિ સાતમી પુજા સગ ગઈ સગ ભય હારા ॥ ચો૦ પ્ર૦ પુ૦ અં૦

## અંગ શુદ્ધિ.

૧– પ્રથમ અંગ શુદ્ધિ, દ્રવ્ય પુજા કરનારે પ્રથમ અંગ શુદ્ધિ (સ્નાન) કરવાનો વિધિ. પૂર્વ સન્મુખ મુખ રાખી જ્યાં આજુબાજુ લીલફુલ કે કીડી મંકોડીનાં નગરાં ન હોય તેવે સ્થાને પરનાળા વાળા બાજોઠ ઉપર બેસી ન્હાવાનું પાણી તે પરનાળા વાટે હેઠળ ગોઠવેલી કુંડી વગેરેમાં પડે અને સ્નાન કર્યા પછી તે ન્હાવાનું પાણી છુટું છુટું ચોખ્ખી જગ્યામાં પરઠવે. હવે અંગ શુદ્ધિ–બાહ્ય મેલ દુર કરવો તે તેમાં શરીરનાં કકાર છે જેની આદીમાં એવા સાત અવયવોમાં મેલ વધારે રહી શકે છે. માટે તે સાત પહેલાં શુદ્ધિ કરે.

## સાત ફકા (અંગ) નાં નામ.

૧ કપાળ ૨ કોટ (ડોક) ૩ કાન ૪ કાંખ ૫ કોણી ૬ કાંડા (કર–હાથનાં) ૭ કમર (કેડ) હાથ પગનાં કાંડા ભેળાં ગણવાં પરંતુ ભુલવું જોઇતું નથી કે; પ્રમાણોપેત ઉપરાંત (એક કુંડીથી ચાલી શકે છતાં બબ્બે ત્રણ કે વધારે લેવું ગરમમાં ઠંડુ ભેળ-વવું, સાબુ ચોળીને ન્હાવું; કે કાંસકાથી વાળ ઓળવા, આ બધી શરીરની શુશ્રુષા દોષ અને અનાદર હોવાથી) ન વાપરવું જોઇએ ન્હાયા પછી ન્યારા ટુવાલ જેવા શુદ્ધ કપડાંથી શરીર કોરૂં કરાય પરંતુ જે પંચીયાથી સ્નાન કર્યું હોય તેનાથી ન લુહાય છેવટે પગ તળીયાં પણ કોરાં કરવા જોઇએ નહિ. કાં ભીના પગને કીડી મં ાડી ચોટે અને બીજો પગ મુકતાં તે જંતુ મરી પણ જાય ત્યારપછી ઉત્તર સન્મુખ મુખ રાખી પૂજાનાં કપડાં પહેરે.

**બીજી વસન (વસ્ત્ર) શુદ્ધિ** પૂજામાં પહેરવાનાં કપડા શ્વેત (ધોળાં) શુધ્ધ અખંડ સાંધા વિનાનાં (ફાટેલ કપડાથી આયંબીલ અથવા નિવિનું પ્રાય-શ્ચિત કહ્યું છે.) અને તે કપડા બે એક ધોતીયું, અને બીજું ઉત્તરાસન એટલું લાંબું હોવું જોઇએ

કે તેમાંથી અષ્ટ (આઠ) પડો મુખકોશ બાંધવો જોઇએ.

## ત્રીજી મનઃ શુદ્ધિ.

આધિ (મનની પીડા,) વ્યાધિ અને ઉપાધીથી મનને વાળીને વીતરાગ પ્રભુના ગુણ ગ્રામમાં પરોવે.

## ચોથી ભુમિકા શુદ્ધિ.

સાત શુધ્ધિમાં આ ચોથી ભૂમિકા શુદ્ધિની પણ ખાસ જરૂરી છે. જેથી ૩ પ્રદક્ષિણા દેતાં, ભમતિમાં કે આજુબાજુ, દેરાસરની જગતીના કોઈપણ ભાગમાં અશુચિ પદાર્થ હોય તો તેની શુદ્ધિ કરાવે. અને કોઇ ન હોય તો જાતે પણ કરે. તેમજ ભોંય તળીએ ધૂળ–કચરો કે ભીંતે અંદર કે બહાર, ખુણે–ખોચરે, જાળાં વગેરે બરાબર તપાસી જીવ જંતુને ઈજા થવા ન પામે, તેવી રીતે શુદ્ધિ કરાવે, અથવા કરે, વૃધ્ધ સંપ્રદાયથી સાંભળવામાં આવ્યું છે કે દેરાસરનો કાજો લેનારને એક છઠ્ઠ ( બે ઉપવાસ ) નો લાભ મળે છે. તેમાં પણ પરમ પવિત્ર ગિરિરાજની ભૂમિશુધ્ધિ તો વિશેષ પણે જાળવવાની જરૂરી, છતાં સાંભળવા પ્રમાણે કોઇ કોઇ તો માત્રા (પેશાબ) ની શંકા થઇ હોય

એટલે ન્હાતી વખતે શુદ્ધિ થઇ જાય છે. એવી સમજણથી તે વખતે ન્હાવાને સ્થાને તેમ (પેશાબ) કરી દયે છે. પરંતુ ધ્યાનમાં લેવા જરૂર છે કે જે ગિરિરાજ સંપૂર્ણ ( તલાટીથી તે શિખર સુધી ) પૂજ્ય અને પવિત્ર તો છેક દેરાસરોની નજીક સ્નાન કરવાને સ્થાને તો બહુજ દોષ (આસાતના) લાગે એતો સ્હેજ સમજી શકાય તેવું છે. ખાસ શરીરનું કારણ હોય અને યાત્રા કરીને વળતા સુધી રોકી (રહી) શકાય તેવું ન હોય તો એક વાસણમાં રક્ષા (રાખોડી) નાખી તેમાં હાજત ટાળી ગિરિરાજ ઉપરથી ઉતરી તલાટીથી દુર છુટી પરઠવે.

## ૫- મી પૂજોપકરણ શુદ્ધિ

પૂજામાં વપરાતાં સાધનો, કળશ, રકાબી, કંચોળી-વાટકો, ધૂપ, ધાણું, ફાનસ વગેરે ઉપકરણો જેવી સામગ્રી સંપન્નતા તે પ્રમાણે સોના ચાંદી કે ધાતુનાં પણ પોતાના ઘરનાં વાપરવાં જોઇએ તેમજ અંગ અગ્ર પૂજામાં વપરાતાં દ્રવ્યો જલ, ચંદન, કેસર, બરાસ, કસ્તુરી, પુષ્પ ધુપ (દશાંગી યાવત અગરબતી) ઘૃત, અક્ષત (ચોખા) ફળ નૈવદ્ય અંગલુહણા વગેરે પણ પોતાના ઘરનાંજ

વાપરવાં કે જેથી આત્મા કોઈ અનેરો આહ્લાદ મેળવવા સાથે લક્ષ્મીની મૂર્ચ્છા ઉતરવાથી સદ્વ્યયને। મહાન્ લાભ મળે. તદુપરાંત દેરાસરમાં વપરાતાં અને રહેતાં હાંડા, કળશ, કુંડીઓ, થાળ, સિંહાસન (સ્નાત્ર-પૂજા ભણાવવાનું) વગેરે ઉપકરણો પણ અવાર નવાર વહીવટદારોની દેખરેખ તળે સુંદર ઝળકતાં આહ્લાદક હોવાં જોઇએ.

## ૬- ઠી ન્યાય દ્રવ્ય શુદ્ધિ.

અન્યાયના અનેક પઇસાઓ કરતાં ન્યાયનો એક (અલ્પ) પઇસો વિશેષ ફળીભુત થાય છે. તેના ઉપર

## શેઠ (શ્રાવક) અને રાજાનું દ્રષ્ટાંત.

કોઇ નગરને વિષે વ્યાખ્યાન વાચસ્પતિ મુનિમહારાજા પધાર્યા. પૂર્વના ક્ષયોપશમથી વ્યાખ્યાન શૈલી અજબ અસરકારક હોતાં, શ્રોતાઓ સાંભળ્યા પછી પોતાના ઘરકુટુંબમાં, આડોસ પાડોસમાં, તેમજ મિત્રમંડળ પાસે, વ્યાખ્યાનનો વિષય ચર્ચી, બીજાઓને પણ ઉત્સુક બનાવતા, જેથી સભા દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી હતી. બે પ્રકારની પ્રભાવનામાં આ પ્રથમ પ્રભાવના છે.

## પ્રભાવનાના બે ભેદ.

૧– લી ભાવ પ્રભાવના દેશનામાં સાંભળેલું યાદ રાખી પોતાનાં બાળ–બચ્ચાં સગાં–સંબંધી સહવાસમાં આવનારને સંભળાવી તેમને વ્યાખ્યાન સાંભળવાના રસીયા બનાવે.

૨– જી દ્રવ્ય પ્રભાવનામાં ભાવિક ઉદાર દિલના ગૃહસ્થો દ્રવ્ય વસ્તુ– પતાસાં, લાડુ, શ્રીફળ, રોકડનાણું અને અલંકાર (વિંટી–મુદ્રિકા) વગેરે દ્વારા શ્રોતાઓ અને તપસ્વી વગેરેની ભકિત કરે છે. તે, આ પ્રભાવના પણ ભવિષ્યમાં અધિક લાભને આપનારી થાય છે, કારણ પતાસાંને માટે આવેલ પણ તત્ત્વ પામી જાય છે, તેવી રીતે વ્યાખ્યાન વાચસ્પતિ મુનિ મહાત્માની વાણી સાંભળનાર ઉદાર શ્રોતાઓ ભાવ પ્રભાવનાથી અનેક જીવોને શાસ્ત્ર સાંભળવામા તત્પર બનાવતા હતા. જેથી શ્રોતાઓની સંખ્યામાં વૃદ્ધિ થતાં છેવટે વાત રાજદરબાર સુધી પહોંચી એટલુંજ નહિ પણ રાજ્યાધિકારી રાજાજીને પ્રેરણા કરી વ્યાખ્યાનમાં લઈ પણ ગયા. હવે તે વખતે માર્ગાનુસારીના ૩૫ ગુણમાંનો પ્રથમ ન્યાયસંપન્ન વિભવ અને તેથી વિપરીત અન્યાય

દ્રવ્ય તેના લાભાલાભનો વિષય ચાલતાં ઉપર કહ્યા પ્રમાણે ન્યાયના અલ્પ દ્રવ્યથી અન્યાયના અધિક દ્રવ્ય કરતાં પણ મહાન્ લાભ થાય છે. આ વાત નૃપતિને ગળે ન ઉતરતાં પ્રશ્ન કરે છે કે મહારાજ! તેનું પ્રમાણ શું? મુનિમહારાજ કહે છે રાજન્! ૧ રૂપીયો તમારા ભંડાર (પ્રાયઃ અન્યાયના) માંથી અને ૧ રૂપીયો આ સુશ્રાવકનો કેવળ ન્યાય સંબંધી એ બન્ને રૂપીયા તમારા એક વિશ્વાસુ સેવકને સોંપી ભલામણ કરવી કે, તમારો રૂ. તેની દ્રષ્ટિમાં આવતા એક ધર્મીને, અને સુશ્રાવકનો રૂ. પાપીને આપે અને તે બન્નેનું શું પરિણામ આવે છે તેની પૂર્ણ ખાતરી કરી તમોને કહે. ભૂપતિને તે યુકિત રૂચી, વ્યાખ્યાનની સમાપ્તિ થતાં, ખાનગી સેવકને મુનિમહારાજની કહેલી યુક્તિથી વાકેફ કરી, બન્ને (રાજા તથા શેઠ)નો અકેકો રૂ. આપી તેનું અંતિમ પરિણામ જણાવવાનું કહી મોકલ્યો. હવે તે સેવક ચાલતો નગરના દરવાજા પાસે આવ્યો, તેવામાં એક ધીવર (મચ્છીમાર) હાથમાં માછલાં પકડવાની જાળ લઇને જતાં દેખ્યો. રાજસેવકે મચ્છીમારને પુછ્યું તું કયાં જાય છે? તેણે કહ્યું

માછલાં પકડવા. તે સાંભળી રાજસેવકે સુશ્રાવકનો રૂપીયો તેને આપ્યો. તે રૂપીયો મચ્છીમારના હાથમાં આવતાંજ ( ન્યાય દ્રવ્યના પ્રભાવથી ) તેને શુભ વિચાર આવ્યો કે મહામહેનતે આખા દિવસમાં આઠ આના માંડ માંડ મળે છે. માટે આ રૂપીયો મલવાથી બે દિવસ સુધી માછલાં પકડવા નહિં જાઉં. આવા વિચારથી રૂપીયો લહી દાણા લેવા ગયો. ત્યાં વેપારીને રૂ. આપી દાણા માગ્યા. વેપારીએ પુછયું દરરોજ તો મોડો આવે છે અને ઉધારે લહી જઇ પછી પઇસા આપે છે તો આજે અત્યારમાં અને રોકડા પઇસા કેમ ? ઉત્તરમાં મચ્છીમાર કહે છે કે આજે જાળ લહીને માછલાં પકડવા જતો હતો ત્યાં રાજસેવકે સામા મળતાં આ રૂપીયો આપ્યો, જેથી મેં વિચાર્યું કે બે દિવસ માછલાં પકડવા નહિ જાઉં, હવે તે રૂપીયો વેપારીના હાથમાં આવતાં તેને પણ સુવિચાર આવ્યો કે એક રૂપીયો મળતાં આ બે દીવસની હિંસા છોડે છે, તો મારે ત્યાં નોકરની જરૂર તો રહે છે તો આને રાખી લઉં તો કાયમની અહિં-સાનો લાભ મળે. તુરતજ તે મચ્છીમારને કહે છે કે

તને દરરોજ આઠ આનાના પગારથી રાખું તો ? ધીવર કહે, તો કોઈ દિવસ જીવ વધ ન કરૂં. ત્યારે તે વેપારીએ કહ્યું કે તારી જાળને કાપી નાખ. જેથી તેના દેખતા જાળના ટુકડે ટુકડા કરી નાખ્યા. અને કાયમને માટે હિંસાની પ્રતિજ્ઞા કરી. તે વેપારીને ત્યાં રહેવાની કબુલાત આપી. હવે રૂપીઆનું અનાજ લઇ ઘેર જઇ સ્ત્રીને આપતાં બનેલી હકીકત કહી જેથી તે ન્યાયના દ્રવ્યનું અનાજ હાથમાં આવતાં તેણે પણ અનુમોદન આપ્યું. ખુશી બતાવી. હવે જે રાજસેવક રૂપીયાનું પરિણામ તપાસવા આવેલ તેણે આદિથી અંત સુધી તપાસ કરી ધ્યાનમાં રાખી લીધું.

## રાજાજી (અન્યાય) નો રૂપીયો.

ત્યારપછી રાજસેવક રાજાજીના રૂપીયાના પરિણામની તપાસમાં નીકળ્યો. તેણે ફરતાં ફરતાં ઘણા વખતથી તપ જપ કરતા એક યોગીને જોતાં વિચાર્યું, ખરેખર આના જેવો બીજો ધર્મી કોણ ? માટે રાજાનો રૂપીયો આ જોગીને આપું એવો નિર્ણય કરી ઉંધે મસ્તકે ધ્યાન કરતા તે યોગીની પાસે મુકી પરિણામ તપાસવા રહ્યો ધ્યાન સમાપ્ત

થતાં, રૂપીયા તરફ દ્રષ્ટિ ગઇ ખુશી થતાં વિચારે છે કે મારા તપના પ્રભાવથી કોઈ દેવે મુકયો જણાય છે એમ અનુમાન કરી હાથમાં લેતાની સાથે વિચાર થયો કે ઘણા વખતથી કષ્ટ સહન કરતાં છતાં હજુ કોઈ ચમત્કાર કે રિદ્ધિ સિદ્ધિ મળી નહિં. તો કોણ જાણે પરભવ કોણે દીઠો છે માટે પ્રત્યક્ષ મળેલા ફળનો તો આસ્વાદ ચાખું. અન્યાયના દ્રવ્યથી તેને વેશ્યા ગમનનો વિચાર થવાથી વેશ્યાને ત્યાં જઈ પોતાની ઇચ્છા પ્રદર્શીત કરતાં વેશ્યાએ પૈસાની માગણી કરવાથી તે રાજા (વાળો) રૂપીયો આપી તે દિવસ ત્યાંજ ગુમાવ્યો તો ખરો પણ વિષયમાં લુબ્ધ બનેલા તે જોગીને ત્યાંજ રહેવાની કુબુદ્ધિ જાગી. જેથી બીજે દિવસે પણ વેશ્યા પાસે વિષયની પ્રાર્થના કરી જવાબમાં ગણિકા કહે છે કે અમો તો પઇસા આપનાર કોઢીયાની એ સેવા કરીએ. અને ધન વિનાના રૂપવંતને પણ ધક્કો મારી કાઢી મુકીએ. વેશ્યાનું આ પ્રકારનું વચન સાંભળી વિષયાંધ બનેલો તે બાવો દીનતા પૂર્વક કહેવા લાગ્યો. તારા ઘરનું જે કહીશ તે કામકાજ કરીશ પણ મહેરબાની કરી મને અહિં રહેવા દે. આ રીતે જુનો જોગી છતાં તપ, જપ,

ધ્યાન સર્વથા ગુમાવી કાયમને માટે ત્યાં રહેવા તૈયાર થયો. આ પ્રમાણે બન્ને રૂપીયાના પરિણામને તપાસવા આવનાર રાજસેવકે અથથી ઇતી સુધીનો જાતિ અનુભવ કહી સંભળાવ્યો. જેથી ગુરૂવચન પ્રત્યે જાગ્રત થયું છે બહુમાન જેને એવો તે રાજવી ન્યાય સંપન્ન વિભવમાં તત્પર બન્યો.

## ૭- મી વિધિ શુદ્ધિ.

### ૧૦ ત્રિક અને પાંચ અભિ-ગમાદી સાચવવા વડે પ્રથમત્રિક ૩ નિસિહિ.

પહેલી નિસિહિ રહેઠાણેથી નીકળતાં કહેવી જોઇએ. અને તે ન બને તો છેવટે દેરાસરના મુખ્ય બારણા પાસે તો અવશ્ય કહેવી. આ નિસિહિમાં ઘર-સંસાર સબંધી કાર્યનો નિષેધ થાય છે. બીજી નિસિહિ મધ્યદ્વાર (રંગ મંડપ)માં કહેવી. આ નિસિહિમાં દેરાસર સબંધી કામકાજની વાત ચીત (ભલામણ) નો નિષેધ થાય છે. અને ત્રિજી નિસિહિ પ્રભુ સન્મુખ દ્રષ્ટિ રાખી એકાગ્ર ચિત્તથી સ્તુતિ કરી દ્રવ્ય પૂજા કર્યા પછી ચૈત્યવંદન (ભાવપૂજા) કરતાં નિસિહિ કહી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ઇચ્છં આ નિસિહિમાં દ્રવ્ય પૂજાનો નિષેધ થાય છે.

૨- જી ત્રિકમાં ત્રણ પ્રદક્ષિણા જ્ઞાન, દર્શન ચારિત્ર સંબંધી અપાય છે.

ત્રિક ૩જી પ્રણામ ત્રિક એટલે ત્રણ પ્રકારના પ્રણામ.

૧- અંજલી બદ્ધ પ્રભુને દેખી બે હાથ જોડવા તે.
૨- અર્ધાવનત ઉભા ઉભા અર્ધું અંગ નમાડવું તે.
૩- પંચાગ (બે હાથ=બેઢીચણ=તથા મસ્તક આ પાંચે અંગ ખમાસણ દેતાં જમીનને અડકે તે

ત્રિક ૪ થી પૂજા ત્રિક.

૧- અંગ પુજા (જલ, ચંદન, કેસર, પુષ્પ) જે પ્રભુના અંગે ધરાય તે.
૨- અગ્ર પુજા (ધુપ, દીપ, અક્ષત, નૈવેદ્ય, ફળ વિગેરે) જે પ્રભુ સન્મુખ ધરાવાય તે.
૩- ભાવ પુજા=ચૈત્યવંદન સ્તુતિ વડે.

ત્રિક ૫ મી અવસ્થા ત્રિક

૧- લી છદ્મસ્થાવસ્થા તેના ૩ પ્રકાર પ્રથમ જન્માવસ્થા સ્નાત્રાદિ વખતે બીજી રાજ્યાવસ્થા અલંકાર પહેરાવવા તથા અંગ રચનાદિ વખતે ત્રીજી શ્રમણાવસ્થા ચારિત્ર ગ્રહણ (લોચાદિ) વખતે

૨ જી કેવલાવસ્થા અષ્ટ પ્રતિહાર્યાદિ દેખવા (રચના) વખતે.

૩– જી સિદ્ધાવસ્થા પદ્માસન અથવા કાયોત્સર્ગમાં મોક્ષે પધાર્યા તે દેખી જે ભાવવામાં આવે તે.

ત્રિક ૬ઠ્ઠી ત્રણ દિશિ વર્જન

જે દિશામાં વીતરાગ પ્રભુ બિરાજતા હોય તે સિવાયની દિશામાં જોવાનું વર્જવું તે.

૭ મી ત્રિકમાં ખમાસમણ ૩ આપતી વખતે ઉત્તરાસનાદિથી ૩ વખત ભુમિ પ્રમાર્જન કરવું તે ભુમિ પ્રમાર્જના નામની ૭ મી ત્રિક જાણવી.

૮– મી ત્રિક આલંબન ત્રણ.

૧– વર્ણાલંબન મૂળ પાઠમાં ઉપયોગ.

૨– અર્થાલંબન, તેના અર્થમાં ઉપયોગ

૩– પ્રતિમાલંબન, જીનેશ્વર ભગવાનની પ્રતિમા સન્મૂખ દૃષ્ટિ રાખી જીન ગુણમાં તન્મય થવું તે.

૯– મી મુદ્રાત્રિક. ( ત્રણમુદ્રા. )

પ્રથમ યોગ મુદ્રા તે અન્યોન્ય (બન્ને હાથની) આંગળીઓ મેળવી ( કોશાકારે કરી ) બન્ને હાથની કોણીઓ ઉદર (પેટ) ઉપર સ્થાપના કરવી. બીજી

બન્ને પગને આગળના ભાગમાં ચાર આંગળ અને પાછળ ચારથી કંઇ ઉણું અંતર રાખી ઉભા કાઉસ્સગ્ગ કરવાથી બીજી જીન મુદ્રા જાણવી.

ત્રીજી મુકતા સુકિત મુદ્રા આ મુદ્રામાં બન્ને હાથ મેળવી (પોલા–છીપની પેઠે) મસ્તક પ્રદેશે અડાડવા અને બીજા મતે નહિ અડાડવાથી. ૧૦–મી પ્રણિધાન ત્રિક.

૧ જાવંતિ ચેઇઆઈ–૨– જાવંત કેવિ સાહુ (મુનિવંદન) ૩– જય વીઅરાય (પ્રાર્થના સ્વરૂપ) અથવા મન, વચન, કાયાની એકાગ્રતા આ પ્રમાણે પ્રણિધાન ત્રિક થાય છે. અને પ્રણિધાન ત્રિક સંપૂર્ણ થતાં ૧૦ ત્રિકો પણ સંપૂર્ણ થઇ. તેમજ પાંચ અભિગમ–૨ સચિત્ત દ્રવ્યનું ૧ છોડવું ૨ અચિત્તનું ગ્રહણ. ૩ મનની એકાગ્રતા ૪ એક સાડી ઉત્તરાસંગ ૫ બે હાથ જોડવા.

આ અધિકાર પ્રથમ ત્રિવિક્રમ રાજાના કથાનકમાં ચર્ચાઇ ગયેલ છે. આ પ્રમાણે સાતે શુદ્ધિ–પૂજા દર્શન વખતે અવશ્યમેવ સાચવવી જોઇએ. પ્રસ્તુત અવસર પૂજાનો ચાલુ હોવાથી તે સંબંધી અધિકાર ઉપર જણાવેલ વિધિ પ્રમાણે સ્નાન કરી પૂજાનાં

કપડાં પહેરી અષ્ટ પ્રકારી વગેરે પૂજામાં જોઇતાં દ્રવ્યો તૈયાર કરી વીતરાગ પ્રભુની પુજા પહેલાં તેમની આજ્ઞા મસ્તકે ચડાવવા રૂપે પોતાને લલાટે (મસ્તકે) તિલક કરે. આ અધિકાર ચાલે છે શ્રી સિદ્ધગિરિ ઉપર પૂજાનો એટલે અહિં પૂજા-ભક્તિ કરવાવાળાએ ધ્યાનમાં રાખવું જોઇએ કે, ન્હાયા પછી અશુદ્ધ કપડાંવાળા માળી લોકોને અડકી જે ફુલ લેવાનો રિવાજ છે તેના કરતાં પ્રથમથી લેવા કાળજી રાખવા સાથે તે સૂઇથી પરોવી હાર બનાવેલ હોય તે પસંદ નહિં કરતાં હાથના ગુંથેલાં અથવા છુટા પુષ્પો લેવાં ઘણાં શ્રેષ્ટ છે. આ સ્થળે શેઠીયા શ્રીમંતોએ ધ્યાન આપવાની બીના એ છે કે પોતે પુજા કરવા તૈયાર થાય ત્યારે પુજારીઓને થાળ ઉપડાવી સાથે ફેરવે છે. પણ તેમાં એવું બને છે કે, તે વખતે પુજારી પ્રભુને ન્હાવણ કે અંગ લુહણાં, અથવા પુજા વગેરે જે કાર્ય કરતા હોય તેને અધુરૂં જેવી ને તેવી સ્થિતિમાં મુકિને પણ શેઠ સાહેબોનું આહ્‌વાન થતાં પ્રાયઃ શેઠ શ્રીમંતો ની આજ્ઞા ઉઠાવવા ( લોભ દશા કે તેવાં બીજાં કારણોને લહી) હાજર થવું પડે છે. હવે આવ્યો (દાદાની) પુજાનો અવસર.

પુજા નવ અંગે શા માટે ? અને તે તે અંગે કરવાનો હેતુ શ્યો ? પ્રથમ ચરણ (પગ)ને અંગુઠે જલભરી સંપુટ પત્રમાં યુગલિક નર પુજંત, રૂષભ ચરણ અંગુઠડે, દાયક ભવ જળ અંત ॥ ૧ ॥

આ ભરતક્ષેત્રમાં અઢાર કોડાકોડી સાગરોપમ સુધી વિચ્છેદ થયેલા એવા ધર્મના બતાવનાર (મોક્ષ દાયક) ધર્મના નાયક શ્રી રૂષભદેવ ભગવાન આ અવસર્પિણીના સુષમ દુષમા નામના ત્રીજા આરાને છેડે (૮૪૦૦૦૦૦ પુર્વ ૩ વર્ષ અને સાડાઆઠ માસ બાકી રહેતાં) સર્વાર્થ સિધ્ધ વિમાનમાંથી ચ્યવિ મરૂદેવા માતાની કુક્ષીમાં ઉપન્યા માતાએ ચૌદ સ્વપ્ન દેખ્યા સ્વપ્નનું ફળ શ્રી નાભિ રાજાએ કહ્યું. ચઇતર વદ ૮ (મધ્ય રાત્રે) પ્રભુનો જન્મ થયો. પ્રથમ છપન્ન દિકકુમારીઓએ અને પછી ચોસઠ (અસંખ્ય) ઈંદ્ર અને દેવોએ સુરગિરિ પર જન્માભિષેક મહોત્સવ કરી સૌધર્મેન્દ્ર, સ્વામિને માતાજી પાસે પધરાવી ગયા હવે પ્રભુ કલ્પવૃક્ષના અંકુરની પેરે સુખ પુર્વક વૃદ્ધિ પામતા દેવોએ આણેલા કલ્પવૃક્ષના ફળ અને ક્ષીર સમુદ્રના જલના આહાર કરતા સુખપુર્વક કાળ નિર્ગમન કરતાં એક વરસના થયા ત્યારે સૌધર્મેન્દ્ર પોતાનો (કલ્પ) આચાર જાણી રિકત પાણિ (ખાલી હાથે)

હાથે મ્હોટા પુરૂષ પાસે ન જવાય જેથી સેલડી (સાંઠો) લહી, જ્યાં નાભિકુલકરના ખોળામાં બેઠા છે ત્યાં આવ્યા ઈન્દ્ર મહારાજે સેલડી ખાશો ? એમ પુછ્યું, ભગવાને પણ હાથ લાંબો કર્યો જેથી ઈક્ષુની ઈષ્ટતા જાણી ઇક્ષ્વાકુ કુળ અને કાશ્યપ ગોત્રની સ્થાપના કરી. ત્યાર પછી ૬ લાખ પુર્વ ગયા બાદ સુનંદા અને સુમંગલાની સાથે લગ્ન કરાવ્યું તેમાં વર સંબંધી કાર્ય સૌધર્મેન્દ્રે અને કન્યા પક્ષનું કાર્ય ઈંદ્રાણી–દેવાંગનાઓએ કર્યું ત્યારબાદ ચૌદલાખ પૂરવ એટલે જન્મથી વીસ લાખ પૂરવ ગયા બાદ કંઇ કંઇ પડતા કાળના ચિન્હથી પરસ્પર લડતા યુગલીયાઓને ઇન્શાફ આ પ ના ર રાજા– મહારાજાની જરૂર પડતાં નાભિરાજા પાસે માગણી કરતાં તેમણે (નાભિરાજાએ) કહ્યું કે તમારો રાજા રૂષભ થશે તેથી તે યુગલીયાઓએ ભગવાન પાસે પોતાના નૃપતિ થવા માગણી કરી એટલે સ્વામિ કહે રાજા તો રાજ્યાભિષેકથી સ્થાપન કરાય એટલે યુગલીકો નલિની પત્રમાં જલ ભરી જેટલામાં આવે છે તેટલામાં ઇંદ્રનું સિંહાસન ડોલ-વાથી સ્વ આચાર જાણી ઉતાવળે ર આવી સૌધ-ર્મેન્દ્રે રાજ્યાભિષેક કરી સર્વાંગે પ્રભુને શણગારેલા

તેઓ એ (યુગલિકો) જોયા. વસ્ત્રાલંકાર વડે સર્વાંગે સુશોભિત એવા સ્વામિને દેખીને વિચારે છે કે હવે અભિષેક ક્યાં કરવો? શણગારથી સુશોભિત એવા આ શરીર ઉપર તો અભિષેક ન કરાય એવા વિચારમાં રહ્યા છે એટલામાં જમણા પગનો અંગુઠો ખુલ્લો દેખી જલ અભિષેક કર્યો જેથી નવ અંગમાં પ્રથમ અંગુઠે પુજા કરાય છે.

## બીજુ અંગ જાનું (ઢીંચણ)

જાનું બળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશવિદેશ ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ ॥ ૨ ॥
દિક્ષા દિવસ (ચઇતર વદ ૮) થી એક સંવત્સર (બીજા વરસની અક્ષય તૃતીયા=વૈશાખ શુદ ૩) સુધી પૂર્વના અંતરાય કર્મના ઉદયથી આહાર પાણી નહિં મળવા છતાં અદીન દશામાં રહેલાં અને એક ૧૦૦૦ હજાર વરસ સુધી નિદ્રા તેમજ ભુમિ ઉપર બેસવા કે સૂતા વિના, તપ અને ધ્યાનમાં તત્પર રહી, ઉભા ઉભા કેવલ જ્ઞાન પામ્યા. જેથી બીજા અંગમાં જાનુ પૂજાય છે.

## ૩ જું અંગ કર (હાથ) કાંડું

લોકાંતિક વચને કરી વરસ્યા વરસીદાન, કર

કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન ॥ ૩ ॥

દરેક તીર્થંકરનો દિક્ષા અવસર થતાં પહેલાં એક વરસે પાંચમાં બ્રહ્મ–દેવ–લોકમાં વસનાર સારસ્વતાદિ નવ લોકાંતિક દેવો સયંમ સમય સુચના કરી તીર્થ પ્રવર્તાવવા વિનવે છે. ત્યારથી પ્રભુ વરસી દાનનેઃ પ્રારંભ કરે છે વરસી દાનનો વિધિ ત૦ અતિશય પ્રથમતો તીર્થંકરના પિતા ચાર દ્વારવાળી દાનશાળા કરાવે.

૧ લી શાળામાં આવનારને જમાડે.

૨ જી શાળા (દ્વારે) વસ્ત્ર આપે.

૩ જી એ ભૂષણુ (દાગીના) આપે.

૪ થી શાળા (દ્વારે) રોકડ સોનૈયા આપે તે સોનૈયામાં મહોર છાપ જીનેશ્વર અને તેમના પિતા શ્રીની અને વજનમા ૮૦ એંસી રતિ પ્રમાણે (અકેકી) હોય એકંદર એક દિવસના દાનમાં ૧૦૮૦૦૦૦૦ એક કરોડ આઠ લાખ સોનૈયાનું વજન ૯૦૦૦ નવ હજાર મણુ થાય છે અને તે વ..તના શકટ (ગાડાં) ૨૨૫ સવા બશેં ભરાય છે એક વરસના દીનારનો તોલ બત્રીશ લાખ ચાલીસ હજાર ૩૨૪૦૦૦૦ મણુ થાય છે.

એક વરસના દાનમાં ત્રણુસેં કરોડ (ત્રણુ અબજ) અઠ્ઠાસી કરોડ અને એંસી લાખ–૩૮૮૮૦૦૦૦૦૦ સોનૈયા થાય, તેમાં ૮૧૦૦૦, એકાશી હજાર ગાડાં ભરાય.

## વરસીદાનના ૬ (૫૯) અતિશય.

૧ લો જીનેશ્વર ભગવાનને જમણે પાસે ઉભા રહેલ સૌધર્મેન્દ્ર ભંડારમાંથી દાન આપવા માટે કાઢી આપે છે.

૨ જો ઈશાનેંદ્ર રત્ન જડીત કષ્ટિ (લાકડી) લહી પ્રભુ પાસે ઉભા રહી વિઘ્ન કરવા આવનાર અસુર દેવોને હાંકી કાઢે છે. તથા જે મનુષ્યના ભાગ્યમાં જેટલું હોય તેટલુંજ તેના મુખમાંથી કઢાવે છે.

૩ લેનારના ભાગ્ય કરતાં પ્રભુના હાથમાં વધારે આવ્યા હોય તો ચમરેંદ્ર તેમાંથી કઢાવી નાંખે છે.

૪ થો પ્રભુની મુઠ્ઠિમાં લેનારના ભાગ્ય કરતાં ઓછો આવ્યા હોય તો બલીંદ પુર્ણ કરી આપે છે.

૫ મો ભુવનપતિ ભરતક્ષેત્રના મનુષ્યોને દાન

લેવા તેડી લાવે છે.

૬ ઠ્ઠો અતિશય દાન લેવા આવેલાને વ્યંતર દેવ તેમના સ્થાને પહોંચાડે છે.

વિચારસાર ગ્રંથને અનુસારે વરસી દાનના ૧૫ અતિષય પણ કહેલા છે. તેમાં ષટ્ (છ) અતિશય ઉપર કહ્યા તે અને બીજા અતિશયમાં ઈશાનેંદ્ર હાથમાં રત્નની સોટી લઈ ઉભો રહે છે અને જેના ભાગ્યમાં જેટલું હોય તેટલું તેના મુખમાંથી કઢાવે છે તેનો એક અતિશય ગણ્યો છે પરંતુ તે બંનેને જુદા ગણીએ તો એક વધવાથી ૭ થાય અને તેમાંહે હવે કહેવાશે તે આઠ ભેળવીએ ત્યારે ૧૫ અતિશય થાય છે. સાત ઉપર કહ્યા તે અને

૮ મો જ્યોતિષી દેવો વિદ્યાધર મનુષ્યોને દાન લેવાના ખબર આપે છે.

૯ મો છખંડ પૃથ્વીમાં બાર વરસ સુધી વરસી દાનના પ્રભાવથી શાંન્તિ પ્રવર્તે છે.

૧૦ મો ચોસઠ ઈંદ્રો અને દેવો દાન લ્યે છે તેઓને પણ બાર વરસ સુધી માંહે માંહે કલહ (કજીઓ) થતો નથી.

૧૧ મો ચક્રવર્તી વાસુદેવ કે અન્ય કોઇ રાજા વરસીદાનની મુદ્રા પોતાના ભંડારમાં મુકી તેમાંથી બાર વરસ લગે ધન કાઢયા છતાં ખુટતું નથી (અખુટ રહે છે)

૧૨ મો વરસીદાન લેનાર બાર વરસ સુધી સ્વામીનાં યશો ગાન ગાય છે.

૧૩ મો વરસીદાન લેનારને (પંચ કલ્યાણક પુજા પંડિત પ્રવર શ્રી વીર વીજયજી મ૦ કૃત ૬ ઠ્ઠી ઢાળનો દુહો વરસીદાનને અવસરે, દાન લીએ ભવ્ય જેહ, રોગ હરે ષટ્ માસનો પામે નિર્મલ દેહ ||૧|| આ અભિપ્રાય પ્રમાણે) છ માસથી થયેલા રોગો નાશ પામે છે અને વિચારસાર ગ્રંથના અભિપ્રાયે બાર વરસના રોગો નાશ થાય એમ કહ્યું છે.

## તત્વ કેવલી ગમ્ય.

૧૪ મો દાન લેનારને બાર વરસ સુધી નવીન રોગો થતા નથી.

૧૫ દાન લેનાર મંદ બુદ્ધિ વાળો હોય તો આ પંદરમા અતિશયથી તે સુરગુરૂ (બ્રહસ્પતિ) સમાન બુદ્ધિવાળો થાય છે.

આ પ્રમાણે ૧૫ અતિશય સહિત અપાતું વરસીદાન ભવ્ય જીવ હોય તેજ લ્યે છે. જે કરકાંડે આવું અઢળક દાન આપી પ્રભુ ત્યાગી બને છે માટે ત્રીજા અંગમાં કર કાંડે પૂજા કરાય છે.

## ૪થું અંગ અંશ (ખભા)ની પૂજા

માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત,
ભૂજા બળે ભવ જલ તર્યા, પૂજો ખંધ મહંત ॥૪॥

માન (અહંકાર) અને તેના સહકારી ક્રોધ, માયા લોભ એ ચારે કષાયનો વાસ ભૂજા (ખભા)માં ગણાય છે અને એટલાજ માટે મુહપત્તિનું પડિલેહણ કરતાં ૫૦ બોલ બોલતી વખતે ક્રોધ, માન, અને માયા લોભ આવે છે. ત્યારે બન્ને ખભાની ઉપર અને નીચે મુહપત્તિ ફેરવી જાણે તેને (ક્રોધાદિને) દૂર કાઢી મુકતા હોઇએ તેવો અભિનય (દેખાવ) કરવામાં આવે છે. તો પછી માન ગયું દોય અંશથી ને બદલે કષાય ગયો દોય અંશથી એમ કેમ ન કહ્યું ? તેનો ઉત્તર આપ્રમાણે ચારે કષાય ચાર ગતિના જીવોમાં વહેંચાઇ ગયા છે એટલે તે તે ગતિમાં છે અને બીજી ગતિમાં નથી એમ નહિં તેમજ વિવક્ષિત ગતિમાં જે કહ્યો તે જ છે અને બીજા નથી એમ

પણ નહિ ? પરંતુ જે ગતિમાં જેનું હોવા પણું કહ્યું તે બહુધા (અધિક પ્રમાણમાં) જાણવું. એટલે ક્રોધ, નારકીના જીવોને, માન, માનવ જીવોને માયા, તીર્યંચોને અને લોભ દેવોને વધારે હોય આમાં માન, માનવને વધારે હોય તે અપેક્ષાએ, માન ગયું હોય અંશથી એમ ચોથા અંગની પુજામાં કહ્યું.

## ૫ મું અંગ પુજાનું (શિર શિખા)

સિદ્ધ શિલાગુણ ઉજળી, લોકાંતે ભગવંત,
વસિયા તેણે કારણ ભવિ શિર શિખા પૂજંત ॥૫॥

આત્માનો સ્વભાવ ઉંચે જવાનો છતાં કર્મ સંયોગમાં જોડાએલા આત્માઓ નીચે પણ ઉતરી જાય છે. પરંતુ કર્મ સત્તાથી (કર્મ ખપાવી) રહિત થયેલા આત્માઓને તો ઉંચા જ જવાનું હોય છે. અને જો ઊંચાજ જવાનું હોય તો પછી સિદ્ધ શિલા ઉપર કોસ (ગાઉ) ના છઠ્ઠા ભાગે જઇ કેમ અટક્યા? તેનો ઉત્તર જીવ અને પુદ્ગલ દ્રવ્યને ચાલવામાં સહાય કરનાર ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે અને તે અલોકમાં નહિં હોતા, લોકના અંત સુધિ રહેલ છે. જેથી જીવને આગળ સહાય કરનાર દ્રવ્ય (ધર્માસ્તિકાય નહિ હોવાથી) ત્યાં (લોકાંતે) જઇ અટકે છે

એટલે કર્મ રહિત આત્માઓ સાદિ અનંત ભાંગે એકજ સ્થિતિમાં ત્યાંજ રહે છે આ પ્રમાણે સિદ્ધ શિલા ઉપર સ્વ સ્વરૂપમાં સાચા અનંત સુખનો આ સ્વાદ અનુભવતા સિદ્ધાત્માઓ લોકાગ્રે રહેલા છે જેથી શરીરના અગ્રભાગે રહેલ શિર શિખા (પંચમ અંગ) ની પૂજા કરાય છે.

## છઠ્ઠા અંગ (ભાલ) ની પુજા

તીર્થંકર પદ પુણ્યથી ત્રિભુવન જન સેવંત,
ત્રિભુવન તિલક સમ પ્રભુ ભાલ તિલક જયવંત ॥૬॥

અતીત ત્રીજા ભવમાં સર્વ જીવોને શાસન રસિક બનાવવાની અપુર્વ ભાવનાથી જીનનામ કર્મની નિકાચના કરી, સ્વર્ગાદિનો એક ભવ કરી જેઓ તીર્થંકર પણે અવતરી, નવ પ્રકારે બાંધેલા પુણ્યને ભોગવવાના ૪૨ બેંતાલીશમા પુણ્ય ભેદને ભોગવવા માટે સુરવરોએ રચેલ રૂપાનો ગઢ અને સુવર્ણના કાંગરાં તથા સોનાનો ગઢ અને રત્નના કાંગરાં અને રત્નનો ગઢ અને મણિનાં કાંગરાં એવા ત્રિગડા ગઢ (સમવસરણ) ની મધ્યે રચેલા મણિ જડીત સોવનના સિંહાસન પર બિરાજમાન થઇ ચોત્રીશ અતિશયવંતા પ્રભુ પાંત્રીશ ગુણ યુકત વાણી વડે અનેક ભવ્ય

જીવોને તારવાથી ત્રણ ભુવનના તિલક સમ થયા. જેથી દરા અંગમાં શિર શિખા પુજાય, છે ૭ મા અંગ કંઠ (ગળા) ની પુજા સોળ પહોર પ્રભુ દેશના કંઠે વિવર વર્તુલ, મધુર ધ્વની સુર નર સુણે, તિણે ગળે તિલક અમુલ ॥૭॥ શાસન નાયક, ચરમ તીર્થાધિપતિ પ્રભુ મહાવીર સ્વામી ભગવાને ગોળાકાર કંઠ વિવર વડે અખંડ ધારાએ સોળ પ્રહરની દેશના જે સાધન દ્વારાએ આપી અનેક જીવોને શાશ્વત સુખના રસીયા બનાવ્યા. તે કંઠ પ્રદેશની સાતમાં અંગમાં પુજા કરાય છે.

## ૮ મા અંગ(હૃદય) ની પૂજા

હૃદય કમળ ઉપશમ બળે, બાળ્યા રાગને રોષ, હિમ દહે વન ખંડને હૃદય તિલક સંતોષ ॥૮॥

ક્ષમા–સમતા–ઉપશમ ગુણના બળ વડે રાગ અને રોષ જેવા મહાન્ (દુર્જય શત્રુઓને હૃદય કમળ નામના આઠમા અંગ દ્વારા જીતીને કેવલી થયા.

પ્રશ્ન. ઉપશમ–સમભાવ તો શાંતિના પક્ષનો હોવાથી ઠંડક વાળો ગણાય તો તે બાળી કેમ શકે ?

**ઉત્તર.** જગત્માં પણ ઠંડા એવા હિમથી જંગલમાં રહેલાં લીલાં વૃક્ષો પણ બળી જાય છે

પરદુખ ભંજન હાર રાજા વિક્રમના પ્રતિબોધક શ્રી સિદ્ધસેના દિવાકર સૂરીશ્વરજી મહારાજાએ રચેલું શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર શ્લો૦ ૧૩ મો પણ આ બાબતની સાક્ષી પુરે છે ક્રોધસ્ત્વયા યદિ વિભો પ્રથમં નિરસ્તો, ધ્વસ્તાતદા બત કથં કિલ કર્મ ચૌરાઃ પ્લોષત્ય મુત્ર યદિ, વા શિશિરાડપિલોકે, નીલદ્રુમાણિ વિપિનાનિન કિં હિમાની ॥૧૩॥ હે પ્રભુ આપે ક્રોધનો પ્રથમથી જ નાશ કર્યો છે છતાં આશ્ચર્યની વાત છે કે આપે ક્રોધવિના ક્ષમા વડે તે કર્મ રૂપી ચોરોને કેમ માર્યા મતલબ કે એમ બને શી રીતે ? અથવા આ દુનિયામાં ઠંડો એવો પણ હિમ લીલાં વૃક્ષોના વનોને શું નથી બાળી નાખતો અર્થાત્ ? બાળી નાખે છે.

## ૯ મું અંગ નાભિની પૂજા.

રત્નત્રયી ગુણ ઉજળી, સકળ સુગુણ વિશ્રામ,
નાભિકમળની પૂજના કરતાં અવિચળ ધામ ॥૯॥

સઘળા એ ગુણોનું સ્થાન, ત્રણ રત્ન (જ્ઞાન દર્શન–ચારિત્ર) થી ઉજ્જવલ એવા નાભિકમળની

પૂજાથી, પૂજક અવિચળ (નિશ્ચળ ધામ–મોક્ષ) સ્થાનને પામે છે. હવે એકી સાથે નવે અંગની પૂજાનો હેતુ બતાવે છે. ઉપદેશક નવ તત્ત્વના, તિણે નવ અંગ જીણુંદ, પૂજો બહુ વિધ રાગ શું, કહે શુભ વીર મુણિંદ ॥૧૦॥ શ્રી જીનેશ્વર ભગવાન નવ તત્ત્વના ઉપદેશક હોવાથી પણ નવે અંગે પૂજવા લાયક છે. એમ પંડિત પ્રવર શ્રી શુભવિજયજી મહારાજના શીષ્ય રત્ન શ્રીમાન્ વીરવિજયજી મહારાજ કહે છે આ પ્રમાણે વીતરાગ પ્રભુની અંગ પૂજા–અગ્ર પૂજા કરી ભાવ પૂજા ચૈત્ય વંદન કરી પચ્ચખ્ખાણ લેવું.

## શ્રી સિદ્ધગિરિના તપનો લાભ.

શ્રી શત્રુંજય લઘુકલ્પ ગા. ૧૬ નવકારસિ પોરિસી, પુરિમઢેગાસણુંચ આયામં, પુંડરિઅં ચ સરંતો, ફલકંખી કુણુ ઇ અપ્તત્તઠું ૧૬ શ્રી સિદ્ધાચળ ઉપર નમુકકાર સહિઅં, પોરિસિ, પુરિમઠ્ઠ, એકાસન, આયંબિલ ઉપવાસથી થતું અનુક્રમેફલ તે સંબંધી ગાથા ૧૭ મી છઠ્ઠઠ્ઠમ, દસમ, દુવાલસાણું, માસદ્ધમાસ ખમણાણું તિગરણુ સુદ્ધોલહઇ સેત્તુંજં સંભરંતો અ ॥૧૭॥ ગાથાર્થ નીચે પ્રમાણે

નમુક્કાર સહિઅં વાળાને છઠ્ઠનું પોરિસિ કરનારને અઠ્ઠમનું પુરિમઠ્ઠ પચ્ચખ્ખાણવાળાને ચાર ઉપવાસ એકાસણું કરવાવાળાને પાંચ ઉપવાસનું આયંબિલ પચ્ચખ્ખાણથી પંદર ઉપવાસનું અને ઉપવાસ તપથી માસખમણનો લાભ શ્રી વિમળાચળ ઉપર પચ્ચખ્ખાણથી અનુક્રમે ફળ કહ્યું છે. માટે પરમ પવિત્ર ગિરિરાજની યાત્રા કરનાર ભાવિકોએ છતી શકિત નહિં ગોપવતાં અધિકાધિક લાભ ઉઠાવી પ્રયાસ સફળ કરવો. અહિં દાદાની મ્હોટી ટુંકમાં ઉપર બીજે માળે તેમજ નીચે આજુ બાજુમાં સ્થિરતાથી દર્શન કરી શેઠ મોતીશાની ટુંક વગેરે આઠ ટુંકો એટલે એકંદર નવે ટુંક પ્રસિદ્ધિમાં છે જેથી તેનું વર્ણન બીજાં કેટલાંક પુસ્તકોમાં અપાયલ છે ત્યાંથી જાણી લેવું. શ્રી સિદ્ધાચળની સ્પર્શના કરવા ઇચ્છનારે ચારે પાજેથી ચડવું જોઇએ ધવલ દેવળીયાંને સુરપતિ મલીયારે, કોઈ ચારે પાજે ચડાવેરે, નાગર સજ્જનારે કોઈ, કોઇ સિદ્ધાગીરિરાજ ભેટાવેરે વંદાવેરે, પૂજાવેરે, ફરસાવેરે, દેખાવેરે, બતલાવેરે, ગવરાવેરે, ૫ ॥ ના૦ સ૦ રે કોઇ શ્રી જ્ઞાનવિમલ સૂરીશ્વરજી કૃત સિદ્ધગિરિ સ્તવનની ગાથા ૩જી તેમાં ચારે પાજો કહેલી છે.

## ચાર પાજોનાં નામ.

૧ શ્રી પાલીતાણા પાજ (પાગ)
૨ શ્રી શત્રુંજયી નદીની પાજ
૩ શ્રી રોહિશાળની પાજ
૪ શ્રી ઘેટી પગલાંની પાજ

તદુપરાંત-પ-ગણુધોળ પાજ તેમજ ૧ાા ગાઊ તથા ૬ ગાઊની પ્રદક્ષિણા આપવાથી ઘણાખરા ગિરિરાજની ફરસના થઈ જાય છે

૧ પાલીતાણા પાજ (પાગ) તે તલાટી ચૈત્યવંદન કરી ચડાય છે તે જેનું વર્ણન-વિધિ અવસરે ઉપર જણાવેલ છે.

૨ શત્રુંજયી નદી આ પવિત્ર નદી શ્રી સુરનદી (ગંગા) નો પ્રવાહ કહેવાય છે.

## શત્રુંજયી નદી પાજેથી ચડવાનો અને ન્હાવાનો વિધિ

પ્રથમ તો ધર્મશાળાથી ચાલીને સાથે પાણી ગાળવાનું તથા પૂજાનાં કપડાં તથા પૂજાપો સાથે લઈ શત્રુંજયી નદીએ જઇ પાણી ગાળી સંખાળો સાચવી આરે બેસી પરિમિત જલથી ઉપરાંત નહિ વાપરવાની ખાસ કાળજી રાખી પૂજાનાં કપડાં

પહેરી શત્રુંજયી નદીનું જલ કલશમાં ભરી પૂજાની સામગ્રી સહિત પ્રથમ નદીને કાંઠે આદિનાથ સ્વામીની પાદુકાની પૂજા કરી પછી ગિરિરાજ ઉપર પગે ચાલીને પૂજાની સામગ્રી સહિત ચડે. છેવટે ઉપર પહોંચતાં દેવકીજીના ષટ્પુત્રોનાં દર્શન કરવા. દેવકીષટ્ નંદન ઈહાં સિદ્ધા, આત્મ ઉજવલ કીધારે, એ તીરથ તારૂ ॥ નવાણું પ્રકારી પૂ. ઢા. ૧૦મી અહિં દેવકીજીના છ પુત્રો (શ્રી કૃષ્ણ વાસુદેવ તથા ગજસુકુમાળના સગા ભાઈ જાણવા) અહિં સિદ્ધિ પદને પામ્યા છે. તેમના દર્શન કરી રામપોળની બારીમાંથી દાદાની મ્હોટી ટુંકમાં જઇ ત્યાં પૂજા કરે

શત્રુંજયી નદી ન્હાઈને, મુખ બાંધી મુખ કોશ,
દેવ યુગાદિ પૂજીયે, આણીમન સંતોષ ॥ ૧ ॥

નવાણું પ્ર. પૂ. ચોથી ઢાળનો દુહો ॥ આજ કાલમાં શત્રુંજયી નદી ન્હાવાની અજ્ઞાનતાથી અવિધિને લઇને જે નામ શેષ રહ્યું છે એટલે અંધારામાં ઉતારામાંથી નીકળી ઘોડાગાડી કે બેલગાડીમાં બેસી કે જોડાં પહેરી નદીએ જવું, અને નદીમાં પડી અળગણ પાણીમાં ન્હાઇ ફેર ઘોડા કે બળદોને દોડાવતા ધર્મશાળા ભેગું થઈ જવું આવા પ્રકારની પ્રવૃત્તિ બહુજ સુધારો માગે છે માટે તે પ્રમાણે

નવાણું પ્ર૦ પૂ. ચોથી ઢાળના દુહાનો અર્થ વિચારવાથી માલુમ પડશે.

શત્રુંજયી નદી ન્હાઇને, મુખ બાંધી મુખ કોશ,

એટલે ઉપર જણાવ્યા મુજબ અળગણ જલમાં નહિં ન્હાતાં વિધિ પ્રમાણે સ્નાન કરી પૂજાનાં કપડાં પહેરી નદી કાંઠે રહેલી પાદુકાની પૂજા કરી પછી શત્રુંજયીપાજથી ગિરિવરપર ચઢી સાથે લીધેલા ( શત્રુંજયી નદીના ) જલના કળશથી ( મુખે આઠ પડો મુખકોશ બાંધી ) કરે અને અહિં (ઉપર) થી શત્રુંજયી નદી જાય તો પણ ઉપર પ્રમાણે વિધિ સાચવી જલનો કળશ ભરી લાવી દેવયુગાદીપૂજીયે, આણી મન સંતોષ ।। એટલે તે લાવેલા જલથી સમતાપૂર્વક યુગાદિદેવની પૂજા કરે. ૩જી પાજ (પાગ) રોહિશાળ અહિં પ્રાચીન પગલાંની દેરી ગિરિરાજની દક્ષિણ દિશાથી ઉતરતાં છે હાલમાં ગામમાં નવીન દેરાસર તથા ધર્મશાળા થયેલ છે આ ત્રીજી પાજે પણ તીર્થનાયક શ્રી રૂષભદેવનાં પગલાં છે. ૪ થી પાજ (પાગ) ઘેટી પગલાં. ઘેટી પગલે જવાનો રસ્તો સગાળપોળ અને શેઠ મોતીશાની ટુંક આગળથી પશ્ચિમ ( આથમણી ) દિશા ભણીની બારીમાંથી

નીકળે છે. વચ્ચમાં એક દેરીમાં ચોવીશ તીર્થંકરનાં પગલાં આવે છે. ત્યાં દર્શન કરી આગળ જતાં મ્હોટી દેરીમાં શ્રી રૂષભદેવસ્વામીનાં પગલાં છે. જે ઘેટી પગલાંના નામે ઓળખાય છે. અહિંથી ઉતરતાં પશ્ચિમ દિશાની તળાટીમાં આદિપુર ગામ છે અને ત્યાંથી વાવ્ય ખુણુ અને ઉત્તર દિશામાં ૧ ગાઊથી કંઈક અધિક જતાં ઘેટી ગામ આવે છે જેના નામથી ઘેટી પગલાં કહેવાય છે. દાદા આદીશ્વરજી ૯૯ પૂરવવાર પધાર્યા તે ફાગણુ શુદ ૮ અને આ બાજુથી પધાર્યા એમ કહેવાય છે. અહિંથી ફેર ઉપર ચડી દાદાના દરબારમાં જઈ પ્રથમની યાત્રાની પેઠે પ્રદક્ષિણા, ચૈત્યવંદન વગેરે વિધિ સાચવે તો બે યાત્રાનો લાભ મળવાનું કહેવાય છે. આ ઉપરાંત ગણુ ધોળ પાજ આ પગે ચડવાનો રસ્તો બાર ગાઊ પ્રદક્ષિણામાં જતાં ચોક ગામ પછી જાળીયા ગામ આવે છે ત્યાંથી ચડતાં આ ગણુ ધોળ પાજેથી દાદાજીની ટુંકમાં જવાય છે. આ પાંચ રસ્તે જતાં આવતાં શ્રી સિદ્ધગિરિની દિશિવિદિશિની કેટલીક સ્પર્શના થઈ જાય છે. તદુપરાંત ૧ાા દોઢ ગાઊની પ્રદક્ષિણા કે જે રામપોળની બારી પાસેના ગઢ

આગળથી શરૂઆત કરતા નવે ટુંકને પ્રદક્ષિણા દેતાં સંપૂર્ણ થાય છે.

## છ ગાઉની પ્રદક્ષિણા

તેમજ તીર્થાધિરાજની પરમ પવિત્ર ભૂમિની સ્પર્શના કરવા ઇચ્છનાર ભાવિકોએ છ ગાઉની પ્રદક્ષિણાની જરૂર હોતાં તત્સંબંધી જાણપણું પણ મેળવવું જોઇએ. પ્રથમ વિધિ પૂર્વક ગિરિરાજ ઉપર ચડી મ્હોટી ટુંકમાં યાત્રા–દર્શન અને દ્રવ્ય પૂજાના અધિકારીઓએ દ્રવ્ય ભાવ પૂજાનો વિધિ સાચવી, રામ પોળની બારીમાંથી દક્ષિણ દિશાથી જરા પૂર્વ દિશામાં આગળ દેવકીજીના ષટ્ (છ) પુત્રોની દેરીનાં દર્શન કરી પશ્ચિમ દિશા ભણી વળતાં છ ગાઉની પ્રદક્ષિણામાં જવાય છે હવે ત્યાંથી આગળ ચાલતાં ઉલખાઝર આવે છે અને તેની પાસે ઊંચાણમાં દેરીમાં શ્રી રૂષભદેવ સ્વામીનાં પગલાં છે ત્યાં ચૈત્યવંદન કરી આગળ ચાલતાં બે દેરીઓ આવે છે

## શ્રી અજીત શાન્તિ સ્તવન ઉત્પાદક બન્ને દેરીઓ

આ અવસર્પિણી કાળમાં જે જિનેશ્વર ભગવાનના

સમયમાં ૧૭૦ તીર્થંકર વિચરતા હતા એવા શ્રી અજીતનાથ સ્વામી તથા બે પદવીધર (પાંચમા ચક્રવર્તી–તથા સોળમા તીર્થંકર) શ્રી શાન્તિનાથ સ્વામી આ બન્ને તીર્થંકરોએ આ ગિરિરાજ ઉપર ચાતુર્માસ (ચોમાસું) કરી આ તીર્થાધિરાજની પવિત્રતામાં વૃદ્ધિ કરી હતી તેમાં શાન્તિનાથ સ્વામીની સાથે ૧,૫૨,૫૫,૭,૭૭, એક ક્રોડ બાવન લાખ પંચાવન હજાર સાતશેં સત્યોતેર મુનિરાજો પણ ચોમાસું રહ્યા અને તે સર્વે ચોમાસાની પૂર્ણાહુતીમાં સિદ્ધિ પદને પામ્યા છે.

લખ બાવનને એક કોડીરે,
પંચાવન સહુસને જોડી રે,
સાતશેં સત્યોતેર સાધુ રે,
પ્રભુ શાન્તિ ચોમાસું કીધુ રે,
સિદ્ધાચળ શિખરે દીવો રે,
આદિશ્વર અલબેલો છે,
તવએવરી આ શિવનારીરે.

નવાણું પ્રકારી પૂ. ઢાળ ૯મી ગા–૩–૪

આ પ્રમાણે અજીતનાથ તથા શાન્તિનાથ જીનેશ્વરોના ચાતુર્માસની યાદી માટે બન્ને દેરીઓ

સામસામી સ્થાપન કરવામાં આવેલ એક નંદિષેણ નામના મુનિ મહારાજ કે જેઓ (એક મતે શ્રી નેમિનાથ સ્વામીના અને બીજા મતે શ્રી મહાવીર સ્વામીના વખતમાં થયા.)

આ ગિરિરાજની યાત્રા કરવા આવ્યા ત્યારે આ બન્ને દેરીઓ સામસામી હોવાથી એકની સામે બેસી ચૈત્યવંદન કરે તો સામેના બીજા ભગવાનને પુંઠ આવે, જેથી એવી રીતે સ્તુતિ કરી કે જેથી બન્ને દેરીઓ જોડાજોડ થઇ ગઇ અને આ સ્તુતિ તે અજીત શાન્તિ સ્તવન રૂપે પ્રગટ થઇ. આ દેરીઓની પાસે અતિશય મહિમા વાળી ચિલ્લણ તલાવડી તથા સિદ્ધશિલા (કાઉસ્સગ્ગ કરવાની)

## ચિલ્લણા તલાવડી

શ્રી ભરત ચક્રવર્તીના છ હરી પાલતા સંઘમાં અતિશય જ્ઞાની લબ્ધિવાન્ ચિલ્લણ મુનિ પણ સાથે હતા શ્રી ગિરિરાજના દર્શન થતાં અતિહર્ષાવેશમાં આવેલ સંઘમાંનો કેટલોક સમુદાય ગિરિરાજની સ્પર્શના કરવા માટે ચાલુ રસ્તો છોડી જેને જે રસ્તે ફાવ્યુ તે રસ્તે ચડતાં પરિશ્રમ અને તાપને લીધે અતિશય તૃષાતુર થતાં પ્રાણ સંકટ જણાતાં

શ્રી ચિલ્લણ મુનિની લબ્ધિ વડે નિર્મલ જલથી ભરપુર તલાવડી બની ગઇ જેથી યાત્રુઓની તૃષા શાન્ત થઈ. અદ્યાપિ પર્યંત તે ચિલ્લણ તલાવડીના નામથી ઓળખાય છે. આ નામનો અપભ્રંશ થવાથી કેટલાક લોકો તેને ચંદન તલાવડીના નામથી સંબોધે છે.

## સિદ્ધશિલા (કાઉસ્સગ્ગ સ્થાન)

આ શિલા ઉપર સંખ્યાતીત અંતરાત્માઓ અણુસણ કરી પરમાત્મપદને વરેલા હોવાથી આ સ્થલને સિદ્ધશિલાના નામથી ઓળખવામાં આવે છે. તેમજ અહિં સંસ્તારકમુદ્રાએ ૧૦૮, ૨૭, અથવા ૨૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાય છે શાન્ત પરમાણુ (વાતાવરણ) વાળું આ સ્થળ ખરેખર પૂર્વ (ભૂત) કાળને યાદ કરાવે છે. ત્યાંથી આગળ ચાલતાં

## આવ્યો ભાડવાગિરિ (પર્વત)

૭ ગાઉની પ્રદક્ષિણામાં આવતા આ ભાડવા નામના ગિરિરાજ ઉપર નવમા વાસુદેવ શ્રી કૃષ્ણના પુત્ર શામ્બ અને પદ્યુમ્ન ફાલ્ગુન શુદ ૧૩ને દિવસેં ૮૫૦૦૦૦૦૦ સાડી આઠ ક્રોડ મુનિવરોની સાથેં અજરામર (મોક્ષ) પદને પામ્યા છે. જેનો મહિમા વર્તમાન

કાળમાં પણ ફાલ્ગુન શુદ ૧૩ ચાલુ છે. ત્યાંથી ઉતરીને તલાટીમાં અવાય છે.

## સિદ્ધવડ (તલાટી)

છ ગાઉની પ્રદક્ષિણા કરતાં ભાડવા ગિરિરાજ સુધી ચડાવ ચડવાનું અને ત્યાંથી ઉતરવાનું થાય છે. ઉતરીને છેક તળાટી (નીચે)માં આવ્યા ત્યાં વડવૃક્ષનું સ્થાન છે.

## આ સ્થાન તેજ સિદ્ધવડ

કલિયુગમાં કલ્પતરૂસમા આ પરમ પવિત્ર ગિરિવર ઉપર કાંકરે કાંકરે અનંતા સિદ્ધિપદને પામ્યા છે- તેમાં પણ અમુક અમુક સ્થળે (અન્ય સ્થળની અપેક્ષાએ) તો અધિકાધિક પ્રમાણમાં સિદ્ધ થયેલા હોવાથી વધારે પ્રસિદ્ધિને પામેલ તે પૈકી આ સિદ્ધવડ પણ અનેક મુનિ મહાત્માઓના સિદ્ધિપદનું સ્થાન હોવાથી સિદ્ધવડના નામથી પ્રખ્યાત છે. અહિં ચૈત્યવંદન કરવું. ફાગણ શુદ ૧૩ અત્રનજીક ચતુર્વિધ સંઘને વિશ્રાંતિ લેવા માટે સગવડ કરાય છે તેમજ ભાવિક આત્માઓ ચતુર્વિધ આહાર તથા મન, વચન, કાયાથી ભક્તિ કરી નૃ ભવને સફળ કરે છે અને ત્યાંથી સર્વે

પાલીતાણા વગેરે ઇષ્ટ સ્થાને જઇ પહોચે છે.

આ પરમ પવિત્ર ગિરિરાજની યાત્રાથી અધર્મી પણ ધર્મી બનવા ઉપર–સુખલાલ શેઠ અને ગંગા શેઠાણીનું દ્રષ્ટાંત, આ જંબુદ્વિપના ભરત ક્ષેત્રમાં વિનોદપુર નામના નગરમાં ક્રોડાધિપતિ–દ્રવ્યથી લક્ષ્મીપતિ પણ ભાવથી લક્ષ્મીદાસ (કંજુસને કાકો) અને ધર્મથી વિમુખ સુખલાલ નામનો શેઠ રહેતો હતો. તેને નામે અને ગુણે કરી ગંગા શેઠાણી (સ્ત્રી) હતી. આ દંપતીનો સ્વભાવ એક બીજાથી વિલક્ષણ હતો એટલે શેઠ જ્યારે કંજુસ અને ધર્મધ્યાનથી દૂર, જ્યારે ગંગા શેઠાણી ઉદાર દિલની તથા ધર્મ-ધ્યાનમાં તત્પર રહેતી હતી. શેઠના ધર્મ પ્રેમના અભાવે શેઠાણીને બહુ લાગતું હતું કે હું જેની અર્ધાંગના સંબંધમાં જોડાયેલી એટલે મ્હારો સહવાસ છતાં પણ જો મારા પતિ ધર્મથી વિમુખ રહે તો મારૂં જાણપણું શ્યા કામનું ? વાંચકો એ, આ ગંગા શેઠાણીની પરોપકાર પરાયણતા ધ્યાનમાં લઇ જેમ બને તેમ ઘરમાં, કુટુંબમાં કે સહવાસીઓમાં ધર્મ ધ્યાનનો પ્રેમ જાગે તે રીતે પ્રયાસ કરવો જોઇએ. આમ ઉંચી ભાવનાથી બુદ્ધિબળ અને

યુક્તિઓ વડે કોઈ વખત દેવ દર્શન, કોઇ વખતે પૂજા કોઇ વખતે વ્યાખ્યાન શ્રવણ કરવા વગેરેના લાભો સમજાવે છે. પરન્તુ તાવવાળાને જેમ અન્ન અરૂચીકર લાગે તેમ બાહ્યવ્યવસાયમાં ગુંથાયલા અને પૈસાદિ પર વસ્તુને પોતાની માનનાર આ શેઠને હિતકર એવો પણ ઉપદેશ રૂચતો નથી. બીજી બાજુ મ્હોટી પેઢી જાણી ટીપ-ખરડો કરવા આવનાર તે શેઠને ટીપની વહી આપી પોતાનું આવવાનું કારણ દર્શાવવાની સાથેજ તે વહીને પણ દૂર ફેંકી અપમાન કરે. તથા વિશાળ દેખાતી અને ગુમાસ્તાઓ તેમજ આવેલા આડતીયા અને ઘરાકોથી ભરચક રહેતી એવી આ દુકાનમાંથી કંઇક સારા પ્રમાણમાં પ્રાપ્તિ થશે એવી આશાથી ઉત્સાહભર આવેલા યાચકો શેઠને આશીર્વાદ આપી જેટલામાં પોતાની ઇચ્છા વ્યકત કરે, તેટલામાં તો શેઠ અન્ય સાંભળનારને પણ તે વચનો ઉપર તિરસ્કાર છુટે તેવા શબ્દો સંભળાવે, છતાં ગરજુને અક્કલ ન હોય તે કહેવત પ્રમાણે યાચક વધારે કરગરીને માગે તો નોકરને મારવાનો હુકમ આપી એવી રીતે યાચકને કઢાવે છે કે આવતાં જેટલા ઉત્સાહથી આવ્યો તેના કરતાં વૃદ્ધિ પામતા ખેદથી

નીકળવું. પડતું આવા સમાચાર પણ ગંગા શેઠાણી પાસેઆવતાં દયાળુ શેઠાણીનું મન બહુ દુભાતું હતું જેથી શેઠ ઘેર આવે ત્યારે શેઠાણી નમ્રતા પૂર્વક જણાવે છે કે હે આર્ય પુત્ર? ઘરમાં ક્રોડની મિલ્કત છતાં વારસદાર કોઈ સંતાન તો છે નહિં તેમજ આપણી અવસ્થા પણ લગભગ વૃદ્ધપણાને નજીક આવી પહોંચી છે. બીજું ગયા ભવમાં અધિક પુણ્ય કર્યું હશે જેથી સામગ્રી સંપન્ન આ મનુષ્યભવ મળેલો છે તો ફેર પુણ્ય-ધર્મ વિશેષ કરવો જોઈએ તેને બદલે દેવદર્શન, પૂજા, વ્યાખ્યાન, શ્રવણ, વ્રત, પચ્ચખાણ તો કંઈ નહિં પણ ઉલ્ટા પરમાર્થ ભાવથી વખત અને પૈસાનો ભોગ આપી ધર્માદાની ટીપો લાવનારને આપવાને બદલે કઠોર વચન સંભળાવી અપમાન કરવું, તેમજ આપણુને ચેતવણી આપનાર યાચકો તો એમ સૂચવે છે કે અમો ગત્ત ભવમાં દાનાદિ નથી કર્યા તેથી હલકો એવો પવન તેના કરતાં હલકું આકડાનું તુલ (રૂત) અને તેના કરતાં પણ હલકા અમો યાચકો થયા કે જેથી ન બોલાવવા જેવાને પણ બોલાવવા પડે છે, પણ તેના કરતાં એ તદ્દન હલકા (નીચ) તો તેઓ છે કે જે યાચના કરવા આવનાર માગણુને નિરાશ વાળે કે

મન દુભાવે તે છે. માટે કંઈ આવતા ભવનો વિચાર કરો હિતકારી એવી પણ શીખામણ સાંભળતાં આ અભિમાની શેઠને સુઘરીએ જેમ વાંદરાને શિખામણ આપતાં અવળી પડી તેમ સુખલાલશેઠને અવળી લાગતાં કહે છે કે બેઠી હો બેઠી હો દોઢ ડાહ્યાની દીકરી મ્હોટી શિખામણ દેનારી, અમે નહિં જાણુતા હોઈએ કેમ ?

## સુઘરી અને કપિ (વાંદરા)નું દ્રષ્ટાંત.

વર્ષા સમે સુગ્રીવ તે પક્ષિ, કપિ ઉપદેશ કરાય, તે કપિને ઉપદેશ ન લાગ્યો સુગ્રીવ ગૃહ વિખરાય મૂરખને જ્ઞાન કદિ નવિ થાય કહેતાં પોતાનું પણ જાય. ॥ મૂ૦ ॥ ૧ ॥

અર્થ એક વૃક્ષ ઉપર એક સુઘરી માળો બાંધી પોતાનાં બચ્ચાં સહિત માળામાં બેઠેલી છે. ચોમાસાની ઋતુ હોતાં ઝરમર ઝરમર વરસાદ વરસી રહેલો છે પવન પણ સુસવાટાબંધ ઠંડો વાઇ રહ્યો છે એવા અવસરમાં ઠંડીથી જેની દાઢી ખડખડી રહી છે એવો એક વાનર તે વૃક્ષ નીચે આવીને બેઠો છે, તેને ટાઢે ઠરતો જોઈને દયા આવવાથી સુઘરી કહે છે ભાઈ! કપિરાજ ? દેખવામાં હાથ પગે મનુષ્ય

જેવા જણાઓ છો તો ચોમાસા પહેલાં એક નાનું સરખું એ ઘર (સ્થાન) બનાવ્યું હોત તો આજે ઠંડીનું દુઃખ વેઠવું ન પડત. આટલું સાંભળતાંની સાથેજ અવળી બુદ્ધિવાળો વાનર કહે છે કે અમો ઘર બાંધવામાં તો કાયર છીએ ;પણ પારકાં ઘર ભાંગવામાં તો શુરવીર છીએ. જોઇલે મારૂં પરાક્રમ એમ કહીને છલંગ મારીને તેનો (સુઘરીનો) માળો તોડી ચારે બાજુ તરણાં ફેંકી દીધાં. બિચારી સુઘરી બચ્ચાં સહિત ચોમાસામાં ઘર વિનાની બની બેઠી આ દ્રષ્ટાંત ગંગા શેઠાણીને પણ શેઠને શિખામણ દેતાં લાગુ પડયું. પરન્તુ પરોપકારમાં એક નિષ્ટાવાળી બાઇ ગંગાબાઈ તો સમતાપૂર્વક સઘળુંય સાંભળી વિચારે છે કે જેની પાસે શિલકમાં હોય તેજ નીકળે, માટે મારે ખોટું નહિં લગાડતાં ગમે તે ઉપાયે મારા પતિ ધર્મ માર્ગમાં જોડાય તો મારો સઘળોએ પ્રયાસ સફળ માનીશ. આ પ્રમાણે શુદ્ધ ધારણાને આગળ કરી વિચારે છે કે જ્યાં સુધી વ્યાપારાદિ વ્યવસાયની નજીક હશે ત્યાં સુધી કોઇ રીતે ધર્મ પામી શકે તેવું જણાતું નથી. માટે સિદ્ધગિરિરાજની યાત્રાને બ્હાને જો ઘરથી બહાર નીકળે તો કાર્ય થવા સંભવ છે.

આવો નિશ્ચય કરી એક દિવસ અવસર પામી ગંગાબાઇ શેઠને કહે છે કે હે સ્વામીનાથ બીજું કંઇ ન બને તો શ્રી શત્રુંજયગિરિરાજની, જીંદગીમાં એક યાત્રા તો કરો, શેઠે વિચાર કર્યો કે વારંવાર તિરસ્કાર કરવો હલકા શબ્દો બોલી નોકર ચાકર અને લોકોને ખોટી અસર કરાવવી કે પરસ્પર દંપતી ( સ્ત્રી ભરતાર ) માં સંપ નથી જેથી લડયા કરે છે તેના કરતાં એવું યુક્તિ પૂર્વક વચન સંભળાવી દઉં કે ફરી બોલતી બંધ થઇ જાય જેથી કહે છે કે વાત સાચી પણ પૈસાના ખર્ચ સિવાય તે બને તેમ નથી અને તે ખર્ચવામાં મારો જીવ ચાલતો નથી. ઉદાર દિલની શેઠાણી અવસર પામી કહે છે કે મારા પિયરમાંથી લાવેલા દાગીનામાંથી યાત્રા કરાવું તો, ત્યારે નિરૂત્તર બનેલા, નામથી સુખલાલ પરન્તુ કદર્યપણાથી લોકોએ રાખેલુ નામ છે દુ:ખલાલ જેનું એવા તે શેઠ કહે છે કે ત્યારે ભલે (સારૂં) આથી ગંગા શેઠાણી, બહુ આનંદપૂર્વક નજીકના મુહુર્તે શેઠ તથા નોકર-ચાકરના પરિવાર સાથે સિદ્ધગિરિ ભણી પ્રયાણ કરે છે ગાડાંનું

સ્વતંત્ર વાહન હોવાથી ૪ પાંચ ગાઉનું દરરોજ પ્રયાણ હોતાં જ્યાં ઉતારો કરે ત્યાં જોગવાઇ પ્રમાણે પૂજા, દર્શન ઉભય ટંક આવશ્યક, અને તે સિવાયનો સમય ધર્મકથામાં ગાળે છે. હવે ગંગા શેઠાણી પ્રથમની ધારણા પ્રમાણે શેઠને ધર્મમાં જોડવા મધુર વચને સમજાવે છે કે રાત્રી ભોજન બાવીશ અભક્ષ્યમાં ૧૩ મું અભક્ષ્ય છે કારણ કે તેમાં અનેક જીવોની વિરાધના થાય છે. તેમજ આ ભવમાં શારીરિક તથા પરભવમાં નરક, તિર્યંચની યોનિમાં ભટકવું પડે છે રાત્રી ભોજનના વિષયમાં શ્રી કુંથુનાથ (૧૭મા) ભગવન્તે સમવસરણમાં દેશના આપી તેમાં રાત્રી ભોજન કરનારને ચાર ( ગૌ, બ્રહ્મ, સ્ત્રી, બાળ ) હત્યાઓ કરનાર કરતાં પણ વધારે દોષ લાગે છે. આ દેશના સાંભળી વૃક્ષ ઉપર બેઠેલાં ચકલા ચકલીએ નિશિ ભોજનનાં પચ્ચખ્ખાણ કર્યાં. ( તીર્યંચો પણ જીનેશ્વર ભગવાનની વાણીમાં સમજે એ વાણીના ૩૫ ગુણ પૈકીનો ગુણ છે. ) અહિં અમારૂં મન મજબુત હોય તો પચ્ચખ્ખાણની શી જરૂરી છે. એમ કહેનારને જાણવાનું કે પચ્ચખ્ખાણ લેનાર અન્નથ્થણા

સોગેણું, સહસાગારેણું વગરેઆગાર ( છુટ લ્યે છે. ) રાખે છે.

## વિસ્સરણમણા ભોગો સહસ્સાગારો સયંમુહપવેસો

પચ્ચખ્ખાણ ભાષ્ય ગા. ૨૪ પૂર્વાર્ધ એટલે પચ્ચખ્ખાણ લીધા પછી વિસરી જવાથી અનાયાસે મુખમાં કોઈ વસ્તુ નંખાઈ જાય અને તુરત યાદ આવે તો મુખમાંથી કાઢી (રાખમાં ભેળવી) નાખે તો પચ્ચખ્ખાણ ન ભાંગે માત્ર અતિચાર લાગે તેનું ગુરૂ મહારાજ પાસે પ્રાયશ્ચિત લહી શુદ્ધ થાય. આ થયો અન્નથ્થણા ભોગેણંનો અર્થ, અને સહસાગારેણં એટલે ચોમાસાની રૂતુ વરસાદ વરસતાં અથવા ગાય ભેંસ દોહતાં પાણી કે દુધનો છાંટો ચઉવિહારવાળાના મુખમાં પડે તો પચ્ચખ્ખાણ ન ભાંગે અને જે પચ્ચખ્ખાણ નહિ લેતાં મનથી નિશ્ચય કરે છે તેનું તો મૂળથી વ્રત જ ભાંગે છે (આગારને અભાવે) કુંથુનાથ ભગવાન પાસે રાત્રી ભોજનનો નિયમ લીધા પછી કોઇ વખત ચકલાને બ્હાર જવાનું થતાં ચકલી પાસે વાત કરી રજા માગે છે ત્યારે ચકલી સોગન ખાઇ જવાનું કહે છે.

ત્યારે ચકલો ચાર હત્યાના સોગન ખાય છે, ત્યારે ચકલી તે કબુલ કરતી નથી એટલે ચકલો કહે છે ત્યારે તારો શ્યો વિચાર છે? ચકલી કહે રયણી ભોજન કરનારને જે દોષ લાગે તેવા સમ ખાઓ તો જવા દઉં આ સાંભળી ચકલો પોતાની પાંખો વડે બે કાન ઢાંકે છે અને સાથે કહે છે કે એ પાપ મારાથી સંભળાયે નહિં તો સોગન તો ખવાયજ કેમ? આ ઉપરથી રાત્રી ભોજનનું કેટલું પાપ હશે? તેનો વાંચક સ્વયં વિચાર કરે. નિશિ-ભોજનના નિયમનું દૃઢતાપૂર્વક પાલન કરી શુભ ભાવનાથી આયુષ્ય પૂર્ણ કરી તે બન્ને (ચકલો ચકલી) રાજા, રાણી થાય છે; અને ત્યાં સદ્‌ગુરૂ જોગે ધર્મ પામી વીતરાગ ધર્મનું આરાધન કરી (પ્રવ્રજ્યા ગ્રહણ કરી) ચરમશરીરી તેજ ભવે સિદ્ધિ-ગતિને પામ્યાં વિશેષ વિસ્તારને જાણવા ઇચ્છનારે શ્રી જીનહર્ષ કૃત રાત્રી ભોજન રાસથી જાણવું, આ દૃષ્ટાંતથી સુખલાલ શેઠે રાત્રીભોજનનો નિયમ કર્યો. તેમજ કોઈ વખતે બ્રહ્મચર્ય (સર્વથા પરસ્ત્રી સહોદરપણાનો લાભ અને મૈથુન તથા પરસ્ત્રી આસકિતમાં રહેલા દોષો યુકિતપૂર્વક સમજાવે છે વળી રાવણનું દૃષ્ટાંત કહે છે. રાવણપ્રતિ-વાસુદેવ શ્રીમતીસીતાજીનું

હરણ કરી લંકાનગરીના બગીચામાં લાવેલ અને વખતોવખત પોતાને વશ થવા પ્રાર્થના કરતાં મહાસતીજી ચોખ્ખી ના કહે છે પરન્તુ કોઇ પણ પરસ્ત્રીને બલાત્કાર કરવાના નિયમવાળા શ્રી રાવણે તે બરાબર સાચવેલ છે પરન્તુ શ્રીમતી સીતાજીને છોડતો નથી. લઘુભાઇ વિભિષણ પરસ્ત્રીનાં પાપને સમજાવે છે.

નજરે મેળો નજરનોજી, હોવે જેટલીવાર,
પલક પલક પલ્યોપમેજી, વસવું નરક મઝાર
આજીવરેતું શિલ તણો કર સંગ રામરાસ.
ઢાળ ૪૧ મી

આમ ઘણી રીતે સમજાવ્યા છતાં, વિનાશકાળે વિપરીત બુદ્ધિ એ દૃષ્ટાંતે છેવટે હિતશિક્ષા નહિં માનવાથી શ્રી રામચંદ્રજી, તથા શ્રી લક્ષ્મણજીની સાથે લડાઇ થતાં હાર્યો (મરણ પામ્યો) આ પ્રમાણે પરસ્ત્રીના દોષ સમજાવી વળી બોળ અથાણાના દોષ સમજાવે છે મરચાં, ગુંદા, કેરાં, લીંબુ વગેરે જે અથાણાં કરાય છે તેને મીઠું-મસાલો ચડાવ્યા પછી બીજે દીવસે ( અને ખટાઇવાળું (લીંબુ વગેરે) ચોવીશ પહોર પછી ) અભક્ષ્ય થાય છે ત્યારે નરકનું

ચોથું બારણું અનંતકાય-કંદમૂળ વગેરે ( ૩૨ ભેદ વાળું ) તેના દોષો સમજાવે છે સૂઇ ( સોય ) ના અગ્ર ભાગ ઉપર રહી શકે તેટલા અનંતકાયમાં અનંત જીવો હોવાથી તેની વિરાધના થવા સાથે અનંત જીવોની સાથે વૈર બંધાય છે, પ્રકૃતિ તામસી સાથે વિકાર કરે છે કહ્યું છે કે,

કંદમૂળ ખાતાં માનવી, નિશ્ચય નરકે જાય,
પુત્ર માંસ ખાધા થકી, પાપ અધિકું થાય ॥૧॥

શ્લોક

ચત્વારિ નરકાદ્વારાણિ, પ્રથમં રાત્રિભોજનં,
પરસ્ત્રીગમનંચૈવ, સંધાનાડનંત કાયિકે ॥૧॥
નરકતણા છે ચારરે દ્વારા, રાત્રિભોજન પહેલુંરે,
પરસ્ત્રી ત્રીજું બોળ અથાણું, અનંત કાય
તેમ છેલ્લું રે ॥ નરકતણાં૦ ॥ ૧ ॥

## નરકના ચાર દરવાજા ( બારણાં )

૧–રાત્રિભોજન ૨–પરસ્ત્રી રમણ ૩–બોળ અથાણું ૪–અનંતકાય ગંગા શેઠાણીના બોધ-વચનથી સુખલાલ શેઠે નરકનાં ચારે બારણાં બંધ કર્યાં ( નીયમ લીધા ) આ પ્રમાણે ધર્મ કથામાં વખત વ્યતીત કરતાં અનુક્રમે શ્રી સિદ્ધગિરિરાજની

નજીકમાં ( દૂરથી પહેલાં દર્શન થાય તે સ્થળે ) પહોંચ્યાં, વિવેકવતી ગંગા શેઠાણીએ સોના રૂપાના ફુલથી ગિરિરાજને વધાવી વિધિપૂર્વક ચૈત્યવંદન કર્યું તે સુખલાલ શેઠ અને સાથેના સર્વેએ સાંભળ્યું, ત્યાં રાત્રિ જાગરણ (દેવગુરૂના ગુણગ્રામ ગાવા પૂર્વક) કરી અનુક્રમે શ્રી સિદ્ધાચલની છાયા સમાન શ્રી પાલીતાણા-ધર્મશાળામાં ઉતર્યાં ત્યાર પછી ગિરિરાજ-ની યાત્રા કરનારે કેવા વિવેક અને વિધિ સાચવીને યાત્રા કરવી તે આ પુસ્તકની શરૂઆતમાં કેટલાક વિવે-ચન સાથે લખાયલું છે ત્યાંથી જોઇ લેવું. તેવી રીતે આ ગંગા શેઠાણીએ પણ વિધિપૂર્વક પોતે યાત્રા કરી અને સુખલાલ શેઠ તથા સાથેના માણસોને અને તદુપરાંત વિધિના ખપી અને નવીન જાણવાની ઈચ્છાવાળાં બીજાં પણ કેટલાં ભાઇ બ્હેનોએ પણ સાથે રહી મ્હોટી ટુંક તથા બીજી આઠ ટુંકો ઘેટીપાજ વગેરે પાજો છ ગાઊ, દોઢ ગાઊ વગેરે યાત્રાથી શ્રી મહા ગિરિરાજની ઉત્સાહ પૂર્વક સ્પર્શના કરી દ્રવ્ય (ધન) તથા વખત (સમય)નો સદુપયોગ કર્યો. ભાવ પૂર્વક યાત્રા કરવા આવનારને સુપાત્ર દાનની ભાવના પણ હોવી જોઇએ. દશકોટી શ્રાવકને જમાડે, જૈન તીરથયાત્રા કરી

આવે, તેથી એક મુનિદાન-દીયંતાં લાભ ઘણો સિદ્ધાચલ થાવે ॥ ગિરિવર દર્શન૦ આ સ્થળે કેટલાએક કહેછે કે જેવો તેવો સંયમી વિમળાચળ પૂજનીક ॥ અને તેનો અર્થ એવો કરે છે કે ગમે તેવો માર્ગથી ખસી ગયેલો હોય પણ વેષ હોય એટલે બસ. અહિં તેવો અર્થ નહિં કરતાં મૂળમાં રહેલો શબ્દ શું કહે છે તેનો વિચાર કરવા જરૂર છે. જેવો તેવો પણ સંયમી હોવો જોઇએ એટલે ઉત્તર ગુણમાં ખામી હોય તો ચલાવી લેવાય પણ મૂળ ગુણમાં ખામી હોવી ન જોઈએ. તેમજ દાન પણ આધાકર્મી કે ઔદ્દેસિકપણાથી રહીત (સુઝતું-શુદ્ધ) હોવું જોઈએ. એટલે ગૃહસ્થની રસોઈ કરતાં પણ ઉદારતા હોય, તેમજ સ્વધર્મી ભાઈને જમાડનાર હોય. તેમાંથી સુપાત્ર (મુનિ) દાનનો સ્હેજે લાભ મલી શકે. પરન્તુ આજકાલમાં જે મુનિમહારાજની ભક્તિને નામે જે કરાય છે તેતો શુદ્ધ માર્ગ નથી. હવે ગંગા શેઠાણી પણ યાત્રા કરી શેઠ તથા સર્વ પરિવાર સાથે દાદાને વળતી વખતે નમસ્કાર કરી નીચે ઉતરી ઉતારે આવ્યાં પ્રથમથી સ્વામીભાઈ તથા બ્હેનોને જમવાનું આમંત્રણ કરેલ જેથી પોતાના ગુમાસ્તાને પહેલેથી મોકલી જમણ (રસોઇ)

નો બંદોબસ્ત પહેલેથી કરાવેલ હોવાથી, સુખલાલ શેઠને ગુમાસ્તા સાથે મુનિમહારાજ તથા સાધ્વીજીને વિનંતિ કરવા મોકલ્યા, શેઠ તદ્દન અજ્ઞાત હતા પરન્તુ જાણુ ગુમાસ્તે શેઠને મુંઝાવા ન દીધા. સાધુ સાધ્વીજી અવસરે વ્હોરવા પધાર્યાં, ત્યારે વિવેકવતી શેઠાણી શેઠને હાથે દાન અપાવે છે. ગાડાની મુસાફરી હોવાથી દોઢેક માસ જતાં તેમજ તેટલોજ વળતાં એટલે ૩ માસ જેટલો વખત તો રસ્તા (મુસાફરી)માં જાય, ત્યારે સ્હેજે માસેક રોકાવાની ભાવના તો રહેજ, તે રીતે ગંગા શેઠાણીએ પણ શેઠ પાસે એક માસ લગભગ રહેવા કબુલ કરાવેલ, જેથી પરોપકારપરાયણા ગંગાબાઇ પોતે તો વિધિપૂર્વક યાત્રા કરી ચારેપાજો, છગાઉ, દોઢ ગાઉ વગેરેથી ગિરિરાજની સ્પર્શના કરે છે પણ શેઠને તથા સાથે રહેનાર બીજા યાત્રાળુ ભાઇબ્હેનોને પણ લાભ લેવરાવે છે. આ પ્રમાણે પખવાડીઉં પંદરેક દિવસ થયા ત્યાં તો શેઠને એકાએક પેઢી તથા તિજોરી યાદ આવે છે એટલે ગંગા શેઠાણીને કહે છે કે આપણે તો આજને આજ અહિંથી ઉપડવું છે, શેઠાણી કહે તમોએ માસ લગભગ રહેવા કબુલ્યું છે તે? શેઠ કહે એ કંઇ જાણું નહિ. મારે

તો હવે જલ્દી ઘેર પહોંચવું છે, વિદુષા શેઠાણી સમજી ગયાં કે હવે તાણવાથી તુટી પડશે. એટલે ગુમાસ્તાને બોલાવી લેતી દેતીના હિસાબ પતાવી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં જે ખાતામાં જ્યારે આપવા જોગું જેમાં જણાય ત્યારે તેમાં ભરાવવા જરૂર, તે રીતે આ શેઠાણીએ પણ ઉદાર-તાથી ખાતાઓમાં ભરાવ્યું. આ સ્થળે ધ્યાનમાં લેવા જેવું એ છે કે આ વર્તમાનમાં કેટલાક ધનાઢયો ધર્મશાળાઓ વગેરે બંધાવી હજારો અને લાખો ખર્ચે છે પરન્તુ તેમાં કેટલાક તો માલિકીની દુકાન જેવું વર્તન રાખે છે એટલે પોતાની ધર્મશાળા પેઢી, ગુમાસ્તા, વાસણ, ગાદલાં, ગોદડાં અને વળી કોઇ કોઈ ભાગ્યશાળીઓતો જીનમંદીર પણ બંધાવે છે જોકે આ છે તો પ્રશંસવા લાયક પણ વસ્તુસ્થિતિ બદલી જવાથી તેમાં પણ ધણીઅપ જેવુંજ રખાય છે, એટલે યાત્રાળુઓ ઉતરનારને પૂજા ભણાવવી હોય તો પણ અમારે ત્યાં અને ખાતામાં પૈસા ભરાવવા હોય તોપણ અહિંજ (અમારી ધર્મશાળામાં) ભરાવે આ વસ્તુ ઘણો સુધારો માગે છે.

આણંદજી કલ્યાણજી એટલે સમગ્ર સંઘની પેઢી અને સંઘમાં અમે અને અમો એટલે શ્રી

સંઘનું અંગ એટલે ખરીરીતે તો ધર્મશાળા અને જીનમંદિર શેઠ આણંદજી કલ્યાણજીને સુપરંદ કરી ખરી ઉદારતા દર્શાવી, દેખરેખ રાખવી પણ માલિકી નહિં રાખવી જોઇએ. ઉપર દર્શાવ્યા પ્રમાણે માલીકી રાખવાથી શ્રી સંઘની પેઢીને આવકમાં છેલ્લાં કેટલાંક વરસોથી ધક્કો પહોંચ્યો છે તે ધ્યાનમાં લેવા જેવું છે. પતિ અનુયાયીએ ચાલનાર ગંગાબાઇ પરિવાર સહિત ગિરિરાજને નમન કરી ઘર તરફ પ્રયાણ કરે છે. જેવી રીતે આવતી વખતે ધર્મ-કથાઓથી નવરાસનો વખત ગાળી અનેક સાંભળનારને ધર્મ માર્ગમાં જોડતાં હતાં તેવીજ રીતે વળતાં પણ ષટ્ કર્મ સાધતાં.

## શ્રાવકનાં ષટ્ (છ) કર્મ.

દેવપૂજા,[૧] ગુરૂપાસ્તિ,[૨] સ્વાધ્યાય,[૩] સંયમ,[૪]
સ્તપ:[૫] દાનં[૬] ચેતિ ગૃહસ્થાનાં ષટ્ કર્માણિદિનેદિને ॥૧॥

ઘર તરફ જતાં પણ ગંગા શેઠાણી વંદિત્તા સૂત્રની ૪૬ મી ગાથાને અનુસારે શ્રાવક જેવી રીતે કાલ વ્યતીત કરે તેમ ચિર સંચિય પાવપ્પણાસણીઇ, ભવસય સહસ્સ મહણીએ, ચઉવીસજિણ વિણિગ્ગય કહાઇ વોલંતુમે દિઅહા ॥ વંદિ૦ ગા૦ ૪૬ ॥

અર્થ, ઘણા કાળથી એકઠાં થયેલાં પાપોને નાશ કરનારી (અને) લાખો ભવોને હણી નાખનારી એવી ચોવીશ તીર્થંકર ભગવાનના મુખમાંથી નીકળેલી ધર્મકથાઓ વડે મારા દિવસો વ્યતીત થાઓ ॥ આ પાંચમા ગુણ ઠાણાવાળા શ્રાવક શ્રાવીકાઓની ભાવના તેને ગંગા શેઠાણી સાર્થક કરતાં હતાં. અનુક્રમે ચાલતાં તેરસ તિથિનો દિવસ આવ્યો ત્યારે ગંગાબાઈ શેઠને કહે છે કે આવતી કાલે પાખ્ખી (૧૪) નો દિવસ છે માટે આપની ઈચ્છા હોયતો આવતા ગામમાં આવતી કાલે રહી પાખ્ખીની આરાધના કરાય. ગિરિરાજની યાત્રા અને ધર્મ કથા શ્રવણથી કંઈક નમ્ર બનેલા સુખલાલ શેઠે સમ્મતિ આપી, અનુક્રમે ગામની ધર્મશાળામાં ઉતારો કરી ગામનું નામ પુછ્યું તો ઉત્તર મળ્યો કે આ સુખપુર નામનું શહેર છે. દેરાસર તથા વ્યાખ્યાનની પૃચ્છા કરતાં જાણવામાં આવ્યું કે આ નગરમાં શિખરબંધ તથા ઘર દેરાસરો, તેમજ તત્ત્વવિજયજી નામના મહારાજ સપરિકર, અત્ર કેટલાક દિવસોથી બિરાજે છે, અને વ્યાખ્યાન દરરોજ ચાલુ હોવા સાથે વ્યાખ્યાન શૈલી આકર્ષક હોવાથી જૈન તથા જૈનેતરો પણ લાભ લહી રહ્યા છે.

જોતું હતું અને વૈદ્યે બતાવ્યાના ન્યાયે ગંગાબાઈને બહુજ આનંદ થયો. આ ઉપરથી સમજવાનું એ છે કે શ્રાવક મુસાફરીમાં પણ અષ્ટમી કે ચતુર્દશી વગેરે પર્વણી તિથિઓની આરાધના માટે કેવી કાળજી રાખે અને તે દિવસે પ્રાયઃ ગામતરૂં ન કરે અને જ્યાં જાય ત્યાં જીનમંદિર ગુરૂ મહારાજ અને વ્યાખ્યાનની પુછા કરે. હવે ગંગા શેઠાણીએ દૈવસિક તથા રાત્રિક પ્રતિક્રમણ ત્યાંજ કરી અવસર થયો ત્યારે શેઠને સાથે લહી દેવ દર્શને નીકળ્યાં વિધિપૂર્વક દર્શન–ચૈત્યવંદન કરી પાછે પગે બ્હાર નીકળ્યાં કે શેઠે તો ધર્મશાળા (ઉતારા) નો રસ્તો લેવા માંડયો. ત્યારે પરોપકારમાં એકનિષ્ઠાવાળાં ગંગાબાઇ કહે છે કે અત્ર ઉપાશ્રયમાં મુનિ મહારાજા બિરાજે છે તેમજ વ્યાખ્યાનનો પણ અવસર થવા આવ્યો છે માટે ગુરૂવંદન કરી જીનેશ્વર ભગવાનની વાણીનું શ્રવણ કરીએ. આજે જમાનાના નામે વીશમી એકવીશમી સદીના સુસવાટાબંધ ફુંકાતા પવનમાં સરખા હકકના નામે અનાર્યનાં ખાણાં તેમજ પહેરવેષ અને ભાષામાં આર્યપણાને ભૂલી જઇ ધંધ મચાવી વીતરાગ પ્રભુનો ધર્મ પરોપકાર અને જયણા વગેરે તદ્દન નષ્ટ પ્રાયઃ બનવાનો વખત

આવી લાગ્યા પ્રસંગે, ગંગા શેઠાણીનું દ્રષ્ટાંત દ્રષ્ટિ આગળ રાખી પોતાના પતિ વગેરે પરિવારને ધર્મ પમાડવાના કે ધર્મ પામેલાને સહાય કરવામાં જો સમયનો સદુપયોગ કરે તો આજે ચોથા આરાની વાનકી (નમુના) નો અનુભવ કરે.

## વ્યાખ્યાન શ્રવણનું ફળ

ભાવ વિના પણ ગંગા શેઠાણીની પ્રેરણાથી સુખલાલ શેઠ ઉપાશ્રયે ગયા ગુરૂવંદન કરી એકબાજુ ખુણામાં (ઝોકાં આવે અને પડી જવાય તો લાગે નહિ તેવી રીતે) જઇ બેઠા સમય થતાં ગુરૂ મહારાજ વ્યાખ્યાન પિઠિકા ઉપર બિરાજમાન થતાં શ્રોતાઓએ ઉભા થઇ વિનય સાચવી, વિધિ પૂર્વક વંદન કરી યોગ્ય સ્થળે ગુરૂ મહારાજની સન્મુખ દેશના સાંભળવા બેઠા. વકતાએ મંગલાચરણ કરી સભા સન્મુખ દ્રષ્ટિ કરતાં જૈન અને જૈનેતરો સર્વ સમજી (લાભ લહી) શકે તેવી શૈલીથી વ્યાખ્યાન શરૂ કર્યું સભા ઓળખીને એટલે જેવી સભા તે પ્રમાણે સંસ્કૃત પ્રાકૃત–માગધી ભાષામાં રાસ, સઝાય સ્તવન કે કવિતનું વિવેચન કરતા હોય પણ ખુબી એ છે કે દરેકમાં ત્યાગ વૈરાગ્યજ પોષાતો હોય શાશન

સમ્રાટ શ્રી વૃદ્ધવાદીસૂરીવાદમાં (શ્રી સિદ્ધસેન દિવાકરની સાથે)મધ્યસ્થ પણે રહેલા ગોવાળીઆઓ પાસે અવસર ઉચિત કવિતથીજ જય પામ્યા. નવિ મારી એ, નવિ ચોરીએ. પર દાર ગમણુ નિવારીએ, થોવુ થેવુ દાઇ એ તો સગ્ગે મટ મટ જાઇએ ॥ ૧ ॥ તેવીજ રીતે આ તત્ત્વ વિજયજી મહારાજે પણ અવસરને અનુસરી, આ ઘર બાર વગેરે મારૂં મારૂં કરો છો પણ તેમાં તમારૂં કંઇ નથી, આવા અર્થવાળું (વૈરાગ્ય મય) જ કહ્યું પણ મૂલમાં તો- સજી ઘરબાર સારૂં, મિથ્યા કહે છે મારૂં મારૂં, તેમાં નથી કંઈ તારૂં રે પામર પ્રાણી ચેતતો ચેતાવું તનેરે ॥ ૧ ॥

માખીએ મધ પુડું કીધું ન ખાધું ન દાન દીધું લુંટનારે લુંટીલીધું રે ।પામ૦॥૨ . જેમ માખીઓ ભમી ભમી રસ લાવીને મધપુડો બ..ાવે છે પણ પોતે ખાતી નથી તેમજ કોઈને આપતી તો નથી પરંતુ અનાયાસે કોઈનો હાથ અડી જાય તો પણ ચટકો ભરે છે તેમ લોભી માણસ પૈસા ભેળા કરી શુભ માર્ગે ખર્ચતો નથી તેમ પુરૂં ખાતોએ નથી ઉલટું કોઇ સાતક્ષેત્રાદિકમા ખર્ચવા કહે તો તેના ઉપર રીસ કરે છે- આ સાંભળતાની સાથે ઓઢીંગણુ દઈને ખુણામાં બેઠેલા શેઠ એકદમ ચોંકયા, આ મહારાજ

શું જ્ઞાની છે કે મારા ઉપરજ મને સમજવા કહે છે કે ઘરબાર માલ-મિલકત કંઇ આપણું નથી વાત પણ ખરી છે મારૂં માનનારા ઘડીભર ધર્મને માટે નવરાશ નથી મળતી એમ કહેનારા પણ ચાલ્યા ગયા, વળી કહ્યું કે માખીના મધપુડાની પેઠે આપણે મેળવેલા પૈસાનો માલીક પણ કોઇ બીજોજ બનશે તે પણ સાચું છે, હવે મહારાજ શું કહે છે તે સાંભળવા જીજ્ઞાસા થતાં ઓઠિંગણુ છોડી, એકાગ્ર ચિત્તે સાંભળે છે, ત્યાંતો ધ્વની નીકળ્યો કે?

ખંખેરીને હાથ ખાલી, ઓચિંતાનું જવું ચાલી, કરે માથાકુટ ઠાલીરે ॥પામ૦ ॥૩॥ આનો અર્થ ગુરૂ મહારાજ કહે છે ત્યારે શેઠ વિચારે છે, ખરે ખર ખાલી હાથે ઓચિંતુ જવું પડશે. માટે આ બધી કર્મબંધનની માથાકુટ છે. ખોળામાંથી ધન ખોયું, ધુળથી કપાળ ધોયું, જાણુ પણું તારૂં જોયુંરે ॥ પામ૦ ॥ ૪ ॥ ગત ભવના સુકૃતથી સામગ્રી સંપન્ન મનુષ્ય ભવ રૂપી સ્વતંત્ર (ખોળામાં) મળેલું ધન તેને તું વિષય કષાયમાં ગુમાવી બેઠો અને પૌદ્‌ગલિક ઇચ્છારૂપી ધુળથી કપાળ ધોયા જેવું કર્યું તેથી તારૂં જાણુ પણું જોવાઇ ગયું; શેઠ તો સાંભળી અજાયબ થાય છે. ત્યાં તો કમાયો તું માલ કેવો,

આશે તારી સાથ એવો, અવેજ તપાસ તેવોરે ॥ પામ૦ ॥ ૫ ॥ તેં વેપાર તો કર્યો પણ તેમાં અહિં રાખી જવું પડે તેવી? કે સાથે આવે તેવી? કેવી કમાણી કરો, તેનો તપાસ તો કર શેઠ આ સાંભળી બહુ ચિંતાતુર થાય છે ત્યાં તો હજી હાથમાં છે બાજી, કરતું પ્રભુને રાજી, મુળો તારો થશે તાજી રે ॥ પામ૦ ॥ ૬ ॥ જ્યાં સુધી ઇંદ્રિઓ સ્વ સ્વ વિષયને ગ્રહી શકે ત્યાં સુધી બાજી હાથમાં કહેવાય જેથી ત્યાં સુધી ધર્મ ધ્યાન કરે તો પણ પુણ્ય રૂપી મુડી તાજી થાય–

શાહુકારીમાં સવાયો; લખપતિમા લેખાયો, કહેને સાચું શું કમાયો રેં ॥ પામ૦ ॥ ૭ ॥ દૈવે તને મણી દીધી, તેની તેં ન કીમત કીધી, મણી સાટે મસ લીધી રે ॥ પામ૦ ॥ ૮ ॥ શેઠ વિચારે છે ખરેખર આજનું વ્યાખ્યાન ગુરૂ મહારાજે જ્ઞાનથી જાણીને મારા ઉપર જ આપ્યું જણાય છે કારણ દુનિયાદારીમાં સાહુકારીમાં સવાયો છતાં સાચું (પરભવ સાથે આવે તેવુ) તો કાંઇ નથી કમાયો અને માનવ ભવ રૂપી મણીને બદલે પાપારંભરૂપી મેસ લીધી છે. ત્યાં તો વળી ધ્વની આવ્યો કે, તારે હાથે વપરાશે, તેટલું જ તારૂં થાશે, બીજુ તો બીજાને જાશે રે,

॥ પામ૦ ॥ ૯ ॥ હાથમાંથી બાજી જશે. પાછળથી પસ્તાવો થશે, પછી ન કરી શકાશે રે ॥ પામ૦ ॥ ૧૦ ॥ હાથે તે સાથે એ ન્યાયે, પોતાને હાથે વપરાય તેટલું પોતાનું અને ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ થયા પછી ધાર્યું ન બની શકવાથી પછીથી પસ્તાવો થાય છે આ બોધ વચન સાંભળતાં તો શેઠના જીવનમાં એકદમ પલટો થતાં વિચારે છે કે ક્રોડની મિલકતમાંથી ૯૯૦૦૦૦૦ નવાણું લાખતો ગુરૂમહારાજ બતાવે તે માર્ગમાં ખર્ચી ૧૦૦૦૦૦ એક લાખ રાખી અમારી હયાતીમાં વાપરવું અને તેનું એ વીલ કરી રાખવું હવે મહારાજના મુખમાંથી ઝરતા અમૃત વચનની રાહ જુવે છે ત્યાં તો સાંભળવામાં આવ્યું કે–

મનનો વિચાર તારો, મનમાં રહી જનારો,
આખર ન આવે વારો રે ॥ પામ૦ ॥ ૧૧ ॥

તે વિષે કહ્યું પણ છે કે કાલ કરતો આજ કર, આજ કરતો અબ, અબ કરતાં ધબ થાશે, પછી કરીશ કબ ॥૧॥ આ અંતિમ વચનામૃતોથી તો તે શેઠને એમજ નિશ્ચય થયો કે કદાચ મનના વિચાર પણ મનમાંજ રહી જાય માટે હવે તો

ક્યાં તે પણ જેમ બને તેમ ત્વરાથીજ કરી લેવું વ્યાખ્યાન સમાપ્ત થતાં ગુરૂ મહારાજને ૯૯૦૦૦૦૦ નવાણું લાખ ખર્ચવાની સલાહ પુછવાથી ગુરૂ મહારાજ કહે છે કે

૧ સુંદર જીનમંદિર, ૨ જીર્ણોદ્ધાર ૩ જ્ઞાન ભંડાર લખાવવા, જીન પ્રતિમા ભરાવવી તથા પ્રતિષ્ટા ૪–૫ સાધુ–સાધ્વીની યોગ્ય ભકિત, તથા ૬–૭ શ્રાવક- શ્રાવિકાની ભકિત તેમજ છ કરી પાલ તો સંઘ તથા ઉદ્યાપન (ઉજમણું) અને અનુકંપા દાન વગેરેમાં, ગુરૂ મહારાજના કહેવા મુજબ ઉતારો કરી ગંગા શેઠાણીને કહે છે કે આપણે જલ્દી ઘેર પહોંચવું છે માટે આજે જ ચાલો, જીવન પલટો થવાથી કહે છે તે શેઠાણીને ખબર નથી, એટલે સમજુ શેઠાણીએ તો પ્રયાણુની તૈયારી કરી લીધી. રસ્તામાં ગંગા શેઠાણી શેઠને પુછે છે કે એકદમ ઉતાવળ કરવાનું પ્રયોજન શું ? ધર્મ વસ્યો છે જેના દિલમાં એવા સુખલાલ શેઠે સત્ય હકીકત કહેવાથી ગંગાબાઈના આનંદનો પાર ન રહ્યો. ઘેર પહોંચ્યા પછી ગુરૂ મહારાજના કહેવા પ્રમાણે ધનની સઘળી વ્યવસ્થા કરી વ્રત નિયમનું આરાધન કરી બન્ને (દંપતી) સદ્દગતિમાં

ગયાં એટલે સુખલાલ તે સુખીયા થયા. અહિં ગંગા શેઠાણી અને સુખલાલ શેઠની ગિરિરાજની યાત્રાથી થયેલાં લાભનું દૃષ્ટાંત સમાપ્ત થતા ગ્રંથ ગૌરવના ભયથી કેટલાક વિષયો સંક્ષેપવા પૂર્વક સિદ્ધ પ્રભાવી સિદ્ધ ગિરિરાજની યાત્રાના અનુભવ નામનું આ લઘુ પુસ્તક પણ સમાપ્ત કરતાં જાણ પણાને અભાવેં કે દૃષ્ટિ દોષથી ભૂલ ચુક રહી હોય તો પંડિતોને સુધારવા વિજ્ઞપ્તિ કરી મિચ્છામિ દુક્કડં માગી અત્ર વિરમું છું

શ્રી સિદ્ધ પ્રભાવી સિદ્ધગિરિની યાત્રાનો અનુભવ વિભાગ સંક્ષેપમાં સમાપ્ત.



# વિભાગ ૨ જો

## ગતા ગતિ બોલ (૩૮) નું સ્તવન.

– દુહા –

(૧)

**શ્રી શાન્તિનાથાય નમ**

વંદુ શાતી જીણંદને શારદ ગુરૂ સુપસાય. જીવતણા ભેદ વરણવું ; તિમગતિ આગતી છ કાય ॥ ૧ ॥ સયપંચ ત્રેસઠ જીવતણા ભેદ કહ્યા જગદીશ સાવધાન થઇ સાંભળો; ગતા ગત બોલ અડત્રીંશ ॥ ૨ ॥ દુવીશ ભેદ સ્થાવર તણા, વિગલેંદ્રીય ખટ જાણ; વીશ પંચેંદ્રી તીર્યંચના, ત્રણ સય ત્રણ માણ પ્રમાણ ॥ ૩ ॥ ઈગ સય અઠાણું સુર તણા, નિરય ચતુર્દશ ભેદ તેહથી રાગદેષ પરીહરો; જયું હોવે કર્મનો છેદ ॥ ૪ ॥ એહ ભેદ સંક્ષેપથી આગળ કહું વિસ્તાર, ત્રીકરણ શુધ્ધેં સ્થિર થઇ સાંભળજો નર નાર ॥ ૫ ॥

(" **ઢાળ પેહલી** " વાલો પ્રભુ પાસજી મુજ મળીયારે. એ દેશી. ) પૃથ્વી પાણી તેઉવાય રે,

વણુ સઈ પંચમી કાય કહેવાય રે; તેહના દો ભેદ ગણાયરે ॥ સેવો સદા જ્ઞાન જેમ સુખ થાય રે ॥ મિથ્યા તિમિર જેહથી જાય ॥ સેવો૦ ॥ ૧ ॥ દો ભેદ સાધારણુ પ્રત્યે કરે, પ્રત્યેક વણુસઈનો ભેદ એ કરે ॥ બાકી પંચ સૂક્ષ્મ બાદર લેખ ॥ સેવો૦ ॥ ૨ ॥ એમ ભેદ થયા અગીયાર રે, પર્યા અપર્યા પતે ધાર રે; સંખ્યાએ બાવીશ વિચાર ॥ સેવો૦ ॥ ૩ ॥ ખટ ભેદ વિગલેંદ્રીના જાણુ રે, બીની ચોરીંદ્રીઅ તેહી પ્રમાણે રે; પર્યા અપયા પતા મન આણુ ॥ સેવો૦ ॥ ૪ ॥ એહુ ભેદ થયા અડવીશ રે, પંચેદ્રી તીર્યંચના વીશ રે; પહેલા પંચ ભેદ કહીશ ॥ સેવો૦ ॥ ૫ ॥ જલથલ ખેચર નિરખીયે રે, થલચરના ત્રણુ ઓળખીયે રે; ચતુષ્પદ ઉરપરિ ભુજ પરિત્તે ॥ સેવો૦ ॥ ૬ ॥ પંચ ભેદ પંચેદ્રી તીર્યંચનાં રે, ગર્ભજ સમુર્છીમ દશ એહના રે પર્યા અપર્યા પતે વીશ તેહના ॥ સેવો૦ ॥ ૭ ॥ તીર્યંચ તણા ભેદ કીધા રે, સર્વ સંખ્યાએ મળી લીધા રે; અડતાલીશ જે છે પ્રસિદ્ધા ॥ સેવો૦ ॥ ૮ ॥ પહેલી ઢાળ એ પુરી થાય રે, ગુરૂ જીત-વિજયજી પસાય રે, કહે ગોપાલ ગુરૂ સુખદાય ॥ સેવો૦ ॥ ૯ ॥ સર્વગા૦ ॥ ૧૪ ॥

## દુહા

મનુષ્ય ભેદ હવે વરણવું, અઢી દ્વીપની માંહ્ય જંબુ દ્વીપધાતકીખંડ, પુષ્કર અર્ધ ઉરછાંય ॥ ૧ ॥ પંચ દશ કર્મ ભૂમિતણા, ત્રીશ અકર્મ ભૂમિશ; છપન્ન અંતર દ્વીપ છે, સાંભળો મન જગીશ ॥ ૨ ॥

॥ 'ઢાળ ૨ જી' ॥ ચતુર સ્નેહિ મોહના ॥ (સર્વગા૦ ॥ ૧૬ ॥ ) મનુષ્ય ભેદ હવે જાણીયે, ત્રણ સયને ત્રણ ભેદેરે, જ્ઞાનથી સવીસુખ સંપજે જ્ઞાનથી કર્મને છેદે રે ॥ મનુષ્ય૦ ॥ ૧ ॥

કર્મ ભુમીનાં ત્રણ ક્ષેત્ર છે, જંબુ દ્વીપ મઝારરે; ભરત એરવત તેમ વલી મહાવિદેહ વિચાર રે ॥ મનુષ્ય૦॥૨॥ ધાતકી ખંડે દુગુણા ષટ્ખંડ પુષ્કર દ્વીપે રે, જંબુ પ્રમાણે નામ છે; સુણીયું સુગુરૂ સમીપેરે ॥ મનુષ્ય૦ ॥ ૩ ॥ એ ભેદ કર્મ ભુમી-તણાં, પંચ દશ તે જાણુરે; હવે અકર્મ ભુમીતણા ચુગલનું રહેઠાણુ રે ॥ મનુષ્ય૦॥ ૪ ॥ ભરત થકી ઉત્તર દીશેં, છેડે ચુલ્લ હીમવંતરે; તે ગીરીથી ઉત્તર દીશેં, હીમવંત નામે ક્ષેત્રરે ॥ મનુષ્ય૦ ॥૫॥ એરવત થકી દાહિણુ દીશેં,છેડે શીખરી નામે રે

તે ગીરીથી દાહિણુ દીશે, હીરણ્યવંત ક્ષેત્ર અભિરામ રે ॥ મનુષ્ય૦ ॥ ૬ ॥ એ દોય ક્ષેત્ર યુગલતણા અકર્મ ભુમી કહેવાય રે; ત્રીજો આરો દેહ કોશ એક પલ્યોપમ આય રે ॥ મનુષ્ય૦ ॥ ૭ ॥ હીમવંત ક્ષેત્રથી ઉત્તરે, પર્વત મહા હિંમવંત રે; તેહથકી ઉત્તરે દીશે, હરી વર્ષ નામે ક્ષેત્ર રે ॥ મનુષ્ય૦ ॥ ૮ ॥ હિરણ્યવંતક્ષેત્રથી દાહિણે રૂપી પર્વત એક સોયરે, તેહ થકી દક્ષિણુ દીશે ક્ષેત્ર રમ્યક એક હોય રે ॥ મનુષ્ય૦॥ ૯ ॥ એ બે પણુ અકર્મ ભૂમી પલ્યોપમ બે આયરે, બીજો આરો સદા તિહાં, બે કોસ તેહની કાય રે ॥મનુ-ષ્ય૦ ॥ ૧૦ ॥ હરી વર્ષ ક્ષેત્ર યુગલતણું, તેહથી ઉત્તરે જાણો રે; પર્વત લાલ રંગે કહ્યો નીષધ નામ વખાણો રે ॥ મનુષ્ય૦॥ ૧૧ ॥ તેહની પાસે ઉત્તર દીશે, દેવ કુરૂક્ષેત્ર તે કહીયે રે; રમ્યક ક્ષેત્રથી દાહિણે, નીલવંત પર્વત લહીયે રે ॥ મનુષ્ય૦ ॥ ॥ ૧૨ ॥ નીલે વર્ણે તે કહ્યો, તેહથી દક્ષિણુ દીશે રે; ઉત્તર કુરૂમક્ષેત્ર છે, જીન વચને ચિત હિંશે રે ॥ મનુષ્ય૦॥ ૧૩ ॥ એ બે ક્ષેત્ર યુગલતણાં, અકર્મ ભુમી પહેલો આરો રે; ત્રણુ પલ્યોપમ આઉખું, ત્રણુ કોશ કાયા વિચારો રે ॥ મનુષ્ય૦ ॥ ૧૪ ॥

એ ખટ ખેત્ર યુગલતણાં, જંબુદ્વીપે કહીશરે અસિ આદીક કર્મ જીહાં નહિ, તે અકર્મ ભુમીશરે ॥ મનુષ્ય૦ ॥ ૧૫ ॥ દ્વાદશ ભેદ ધાતકી ખંડે, દ્વાદશ પુષ્કરે માંહ્ય રે. નામાદીક પણ તેહવાં ત્રીશ ભેદ એમ થાય રે ॥ મનુષ્ય ॥૦॥ ૧૬ ॥ પીસ્તાલીશ ભેદ એ થયા, હવે અંતર દ્વીપ સુણીયેં રે; તેહના ભેદજ જાણવા આઠને સાતે ગુણીયેં રે ॥ મનુષ્ય૦ ॥ ૧૭ ॥ જંબુદ્રીપ ભરત છેડે પર્વત ચુલ્લ હીમવંત રે; લાંબો લવણ સમદ્ર લગેં, પૂર્વ પશ્ચિમેં રહંત રે ॥ મનુષ્ય૦ ॥ ૧૮ ॥ દાઢા દો દો તેહની નીકલીં, સમુદ્ર માંહ્ય રે; એમ બંન્ને દીશી તણી, ચાર દાઢા તે થાય રે ॥મનુષ્ય૦ ॥ ૧૯ ॥ તેમ હીજ એરવત છેડલે શીખરી પર્વત જેહ રે, તેહ પ્રમાણે તેટલી ચાર દાઢા કહી તેહરે ॥મનુષ્ય૦॥૨૦॥ એમ બંને પર્વત તણી દા[illegible], અષ્ટ તે ભણીયેં રે; દાઢા એકે અંતરદ્વીપ સપ્ત સપ્ત તે ગણીયેં રે ॥મનુષ્ય૦॥ ૨૧ ॥ એ ભેદ અંતરદ્વીપના છપન્ન થયા તે ધારરે ત્યાં પણ યુગલીયા રહે એકાંતરે લ્યે આહાર રે ॥ મનુષ્ય ॥ ૨૨ ॥ આયુષ્ય તેહનું જાણીએ પલ્યોપમ ભાગ અસંખ્યે રે, કાયા ધનુષ્ય આઠસે ઉચપણે તે કહીયે રે ॥ મનુષ્ય૦ ॥ ૨૩ ॥ પંદર

કર્મ ભુમિતણા ત્રીશ અકર્મના લીધા રે છપન્ન અંતર દ્વીપના ભેદ ઈગસય એક કીધા રે ॥ મનુષ્ય ॥ ૨૪ ॥ તેના પર્યાઅપર્યાપતા બશેં બે ભેદ પ્રમાણ રે; ગર્ભજ મનુષ્ય તેહ છે હવે સમુર્છીમ જાણુરે ॥ મનુષ્ય ॥ ૨૫ ॥ ગર્ભજ મનુષ્ય જે કહ્યા તેહના શ્લેષ્માદીક સ્થાને રે; ચૌદસ્થાનકે ઉપજે, એમકહે જીન જ્ઞાને રે ॥ મનુષ્ય૦ ॥ ૨૬ ॥ એકસો એક ભેદ તેહના, કહ્યા, અપર્યાપતા રે પર્યા પતી પુરી નહિં અધુરી પ્રર્યા એ ચ્યવતારે ॥ મનુષ્ય૦ ॥ ૨૭ ॥ ગર્ભજ સમુર્છીમ એમ મલી ત્રણશેં ત્રણ ભેદ કહિયે રે; જીત વિજય ગુરૂ નામથી, ગોપાલ સદા સુખ લહિયે રે ॥ મનુષ્ય૦ ॥ ૨૮ ॥ ॥ સર્વ ગાથા ॥ ૪૪ ॥

## -: દુહા :-

સય ત્રણ ઈગવન એમ થયા સુર તણા હવે સાર, એકસો અઠાણું ભેદ છે જેહના ચાર પ્રકાર ॥ ૧ ॥ ॥ સર્વ ગાથા ॥ ૪૫ ॥

॥ "ઢાળ ૩ જી" કુંવર ગંભારો નજરે દેખતાંજી. એ દેશી ॥ ઇગસય અઠાણું ભેદે કહ્યાજી જેહના ચાર પ્રકાર રે; ભુવન પતિ વ્યંતર તેમ

વલીજી, જોઇસ વૈમાનીક સાર રે ॥ ઇગસય૦ ॥૧॥ તેહ તણા ભેદ વરણવુંજી, પંદર પરમા ધામરે; તેહનાં નામ હવે દાખવુંજી, અંબ અબંરસી ત્રીજો શ્યામરે ॥ ઇગસય૦ ॥ ૨ ॥ ચોથો સંબલ રૂદ્ર પાંચમોજી ઉપરૂદ્ર સાતમો કાલ રે, મહાકાલ ભેદ આઠમેજી અસીપત્ર ધનુષ વિકરાલ રે ॥ ઇગસય૦ ॥ ૩ ॥ કુંભી ભેદ અગીયારમેજી, કાલુ વૈતરણી બહુ રોષરે ખર સ્વર નામ ચૌદમોજી, પંદરમો મહા ઘોષરે ॥ ઇગસય૦ ॥ ૪ ॥ એ નામ ભેદ પંદર થયાજી, નારકીમાં રહે તેય રે; નારકીના જીવને વળીજી છેદન ભેદન કરેય રે ॥ ઇગસય૦ ॥ ૫ ॥ સોળ ભેદ વ્યંતર તણાજી, વ્યંતર વાણ વ્યંતર એહરે; અષ્ટ અષ્ટ ભેદ તેહનાજી, નામ સુણો સસનેહરે ॥ ઇગસય૦ ॥ ૬ ॥ પીશાચ નામ પહેલા તણુંજી ભુત યક્ષ વિચાર રે ચોથો રાક્ષસ કીન્નર પાંચમોજી છઠ્ઠો કીં પુરૂષ ધાર રે ॥ ઇગસય૦ ॥ ૭ ॥ મહોરગ નામે સપ્તમો કહ્યોજી, આઠમેં ભેદેં ગંધર્વ રે; એ આઠ ભેદ વ્યંતર તણાજી, વાણ વ્યંતર સુણો સર્વ રે ॥ ઇગસય૦ ॥ ૮ ॥ અણ પન્ની નામ પહેલે હુવેજી, બીજે પણ પન્નીની કાય રે; નામ ઈસીવાદી ત્રીજેજી, ચોથે ભુતવાદી

થાય રે ॥ ઈગસયં॰ ॥ ૯ ॥ કંદી પંચમે મહા-
કંદી છઠેજી સપ્તમે કોહંડ પ્રમાણુ રે; પયંગ નામ
આઠમા તણુંજી, વાણુ વ્યંતર એમ જાણુ રે
॥ ઇગસયં॰ ॥ ૧૦ ॥ એ સોળ નામ વ્યંતર
તણાજી, ભેદ પણુ તેમ સોળ રે; પંદર પરમાધામી
મળીજી. ઇગત્રીસ ભેદ જોડ રે ॥ ઇગસયં॰ ॥ ૧૧ ॥
દસ ભેદેં ભુવન પતિજી, નામ આગમ અનુસાર રે;
અસુર નાગ સુવર્ણ ત્રીજોજી, વિદ્યુત અસિકુમાર
રે ॥ ઈગસયં॰ ॥ ૧૨ ॥ છઠ્ઠો દ્વીપ ઉદધિ
સાતમોજી, આઠમો દીસી કુમાર રે; પવન નામ
નવમા તણુંજી, દશમો સ્તનિત કુમાર રે ॥ ઇગસય
॥૦॥ ૧૩ ॥ ભુવનપતિ ભેદ એ કહ્યાજી, નામ
કહ્યાં દશ એહ રે; ઈગત્રીસ ભેદ તેમાં મળીજી,
એકતાલીસ થયા તેહ રે ॥ ઈગસયં॰ ॥ ૧૪ ॥
દસ તિર્યગ્ જંભક હવેજી. નામ સુણો મનરંગ રે,
અન્ન જંભગ પાન જંભગ બીજોજી, ત્રીજો વસ્ત્ર
જંભગ રે ॥ ઇગસયં॰ ॥ ૧૫ ॥ લેણુ જંભગ
ચોથા તણુંજી, પુષ્પ ફ્લ જંભગ પાંચ મોયરે; ફ્લ
જંભગ છઠ્ઠો કહ્યોજી, પુષ્પ ફ્લ જંભગોય રે ॥ઇગ-
સયં॰ ॥ ૧૬ ॥ સયણુ જંભગ ભેદ આઠમોજી,
વિદ્યા જંભગ કહ્યો તેમરે; દસમો અવિયત જંભગ

વળીજી તીર્યંગ જંભગ નામ એમ રે ।। ઇગસય ।। ૧૭ ભેદ એકતાલીસ જે કહ્યાજી, તેમાં ભેળો દસ સાર રે; ઇમ ભેદ ઇગવન થયાજી; હવે જોઇસ વિચાર રે ।। ઇગસય૦ ।। ૧૮ ।। ભેદ દસ હવે તેહનાજી, સુર્ય ચંદ્ર ત્રીજો ગ્રહરે; ચોથે નક્ષત્ર તારા પાંચમોજી ચર સ્થિર એમ દહરે ।। ઇગસય૦ ।। ૧૯ ।। ચરતે અઢી દ્વીપમાં ફરેજી, નવિ ફરે સ્થિર તેહ રે; તેર હે અઢી દ્વીપ બાહિરાજી, દસ જ્યોતિષ ભેદ એહ રે ।। ઇગસ૨૦ ।। ૨૦ ।। ઇગવનમાં દસ એ મળીજી, ભેદ થયા ઇગસઠ રે; દેવ કિલ્બિષિઆ હવેજી, ત્રણ મળતાં ભેદ ચોસઠ રે ।। ઇગસય૦ ।। ૨૧ ।। રહેવાનાં સ્થાનક તેહ તણુંજી, સાંભળજો સુવિવેક રે, સુધર્મા ઇશાન હેઠળ રહેજી કિલ્બિષિનો ભેદ એ કરે ।। ઇગસય૦।। ।। ૨૨ ।। ત્રણ પલ્યોપમ આયુ તેહનુંજી, ભેદ બીજો હવે જાણ રે; સનત કુમાર માહેન્દ્ર હેઠેજી, આયુ સાગરતિ પ્રમાણ રે ।। ઇગસય૦।। ।। ૨૩ ।। બ્રહ્મ દેવ લોક પાંચમોજી, લાંતક છઠ્ઠો કહેવાય રે, ત્રીજા એ બંને વચ્ચે રહેજી, તેર સાગર જસ આય રે ।। ઇગસય૦।। ।। ૨૪ ।। એ ત્રણ ભેદ કિલ્બિષનાજી, જાણો પ્રાય ચાંડાળી કરે ચોસઠ ભેદ કહ્યા સુરતણાજી, હવે નવલો

કાંતિ કરે ॥ ઈગસય ॥ ૨૫ ॥ પહેલો સારસ્વત આદીત્ય બીજોજી, વન્હિ અરૂણ ગઈ તોય રે; તુષિત અવ્યા બાધ સાતમોજી, આઠમે ભેદે આગ્નેય રે ॥ ઇગસય૦ ॥ ૨૬ ॥ અરિષ્ઠ નામ નવમા તણુંજી, રહે પાંચમે દેવ લોક રે; આયુ સાગર આઠ તેહનું જી, એ નવ કહ્યા લોકાંતી કરે ॥ ઇગસય૦ ॥ ॥ ૨૭ ॥ એ નવ ચોસઠમાં મળીજી, ભેદ થયા તહોંતેર રે; બાર ભેદ દેવ લોકનાજી, નામ સુણો શુભ પેર રે ॥ ઈગસય૦ ॥ ૨૮ ॥ ઇગ સુધર્મ ઇશાન બીજોજી, ત્રીજો સનત કુમાર રે; ચોથો માહેંદ્ર બ્રહ્મ પાંચમોજી. લાંતક છઠ્ઠો વિચાર રે ॥ ઇગસય૦ ॥ ૨૯ ॥ શુક્ર સાતમો, સહસાર આઠમોજી; આનત પ્રાણુત સારરે, આરણને અચ્યુત બારમોજી, એ થયા દેવ લોક બારરે ॥ ઈગસય૦ ॥ ૩૦ ॥ તહોંતેરમાં એ દ્વાદશ મળીજી, ભેદ પંચ્ચાશી ચંગ રે; ભેદ નવ ગ્રૈવેયેકનાજી, નામ કહું ઉચ્છરંગ રે ॥ ઈગસય૦ ॥ ૩૧ ॥ પહિલે સુદર્શન સુપ્રતિષ્ટ બીજેજી, ત્રીજે નામે મનોરમ રે; સર્વ ભદ્ર વિશાલ પાંચમેજી, સૌમ્ય સૌમનસ સપ્તમ રે ॥ ઈગસય૦ ॥ ૩૨ ॥ પ્રીયંકર નામ આઠમેજી, આંદીત્ય ઈમ નવ

જાણુ રે; નવને પંચ્ચાસી ચોરાણું થયાજી, હવે પંચ અણુતર વિમાણુ રે ॥ ઇગસય૦ ॥ ૩૩ ॥ વિજયને વિજયંત બીજેજી, ત્રીજે જયંત પ્રસિદ્ધ રે; અપરાજીત ચોથા તણુંજી. પાંચમે સર્વાર્થ સિદ્ધ રે ॥ ઇગસય૦ ॥ ૩૪ ॥ ચોરાણુંમાં પંચ એ મળીજી, ભેદ નવાણું વિચારરે; પર્યા અપર્યાપ્રતા તેહનાજી, ઈગસય અઠાણું ભેદ સારરે ॥ ઈગસય૦ ॥ ૩૫ ॥ નર તીર્યંચ ભેદજ કહ્યાજી, ત્રણસેં એકાવન ખાસ રે; સુર ભેદ તેહમાં મહ્યેજી, સય પંચ ઓગણપચાસ રે ॥ ઈગસય૦ ॥ ૩૬ ॥ એમ એ ભેદ જે વરણ-વ્યાજી, સુહ ગુરૂતણે સુપસાય રે; જીત વિજય ગુરૂ નામથીજી, કહે ગોપાલ સુખ થાય રે ॥ ઈગસય૦ ॥ ૩૭ ॥ ॥ સર્વ ગાથા ॥ ૮૨ ॥

## —: દુહા :—

નીરય ભેદ હવે વરણવું ચૌદ પ્રકારે જેહ; નામ ગોત્ર કહું તેહનાં સાંભળજો ધરી નેહ ॥ ૧ ॥ ॥ સર્વ ગાથા ॥ ૮૩ ॥

॥ "ઢાળ ૪ થી" જગદાનંદ ગુણ નીલોરે. એ દેશી ॥ ધમા પહેલી નારકી રે, બીજી વંશારે જાણુ; સેલા નામ ત્રીજી તણું રે, ચોથી અંજણુ

પ્રમાણુ રે ॥ ધન્ય જીનરાજને, ભાખ્યા જેણે એ ભેદ રે; નમિએ તેહને ॥ ૧ ॥ પાંચમી રીઠા નામની રે, મઘા છઠી કહાય; માઘવતી કહી સાતમી રે, જયાં બહુલાં દુઃખ થાય રે ॥ ધન્ય૦ ॥ ૨ ॥ નામ કહ્યા એ નારકી રે, ગોત્ર કહું હવે તેય; રતન પ્રભા પહેલી તણું રે, શર્કર પ્રભા બીજેય રે ॥ ધન્ય૦ ॥ ૩ ॥ વંશા ગોત્ર વાલુ પ્રભારે, અંજણુ પંક પ્રભાય; રીઠા પાંચમી નારકી રે, તેનું' ધુમ પહાય રે ॥ ધન્ય૦ ॥ ૪ ॥ મઘા ગોત્ર હવે કહું રે, તમ પ્રભા એ ખટ; માઘવતીનું તમ તમારે, નામ ગોત્ર એ સપ્ત રે ॥ ધન્ય૦ ॥ ૫ ॥ નીરય નામ એમ જાણીયે રે, સપ્ત કહ્યા ભેદ તેહરે; પર્યા અપર્યા પતા તેહનારે, ચોદ ભેદ કહ્યા એહરે ॥ ધન્ય૦ ॥ ૬ ॥ પાંચસે ઓગણુપચાસમાં રે ચોદ ભેળવતાંરે; તેમ સય પંચને ત્રેસઠ થયા રે, ચારે ગતિ મળી એમરે ॥ ધન્ય૦ ॥ ૭ ॥ ગુરૂ પસાયે એ કહ્યારે, જીતવિજયજી નામ; તેહનો શ્રાવક વિનવેરે ગોપાલજી ધરી હામ રે ॥ ધન્ય૦ ॥ ૮ ॥

॥ સર્વ ગાથા ॥ ૯૧ ॥

## -: દુહા :-

પાંચસે ત્રેસઠ ભેદ એ, સર્વ જીવના કીધ; ગતિ આગતિ હવે તેહની અડત્રીશ બોલે પ્રસિદ્ધ ॥ ૧ ॥ ॥ સર્વ ગાથા ॥ ૯૨ ॥

॥ "ઢાળ ૫મી" ॥ મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે ॥ એ દેશી ॥ આગતિ ગતિ સર્વે ભેદની રે, તેના બોલ અડત્રીશ; પહેલે બોલે પહેલી નરકમાં રે, આવે ભેદ પચીશ ॥ આગતિ૦ ॥ ૧ ॥ પંદર કર્મજ ભુમિ મનુષ્યના રે, દશ પંચેદ્રી તીર્યંચ; તેમાં પંચ ગર્ભ તીર્યંચનારે, સમુર્છીમ તિમ પંચ ॥ આગતિ૦ ॥ ૨ ॥ પહેલી નરકની આગતિએ કહીરે, ગતિ ભેદ ચાલીશ; પંદર કર્મભૂમિ મનુષ્યમાં રે, પંચ ગર્ભતિરિએ વીશ ॥ આગતિ૦ ॥ ૩ ॥ પર્યા અપર્યા પતા તેહના રે, ભેદ થયા ચાલીશ; બીજે બોલે બીજી નરકની રે, આગતિ ભેદ તેવીશ ॥ આગતિ૦ ॥ ૪ ॥ પચીશમાંથી પંચ વર્જતાં રે, તિરી અસન્ની જેહ; બીજી નરકમાં આવે તેટલા રે, શેષ રહ્યા વીશ જેહ ॥ આગતિ૦ ॥ ૫ ॥ ત્રીજી નરકની આગતિ હવે કહું રે, ઓગણીશ ભેદની જાણ; વીશ

માંહેથી એકને વર્જતાં રે, ભુજપરી નામ પ્રમાણ ॥ આગતિ૦ ॥ ૬ ॥ ચોથે બોલે ચોથી નરકમાં રે, આવે ભેદ અઢાર; ઓગણીશ માંહેથી એક વર્જતાં રે, ખેચર નામ તે સાર; ॥ આગતિ૦ ॥ ૭ ॥ રીઠા નરકની આગતિ સતરનીરે ચઉપદ વર્જયે હોય; છઠી નરકની આગતિ, સોળની ઉર-પરી ભેદ વર્જોય ॥ આગતિ૦ ॥ ૮ ॥ બીજી નરકથી છઠી નરકનાં રે, પાંચ બોલ કહ્યા જેહ; ભેદ ચાલીશ માંહે ગતિ તેહની રે, પહેલી પ્રમાણે એહ ॥ આગતિ૦ ॥ ૯ ॥ એ ખટ બોલની આગતિ ગતિ કહી રે, હવે સાતમો બોલ સાતમી નરકની; આગતિ સુણો રે, છઠી પ્રમાણે સોલ ॥ આગતિ ॥ ૧૦ ॥ દશ ભેદમાંહે તેહની ગતિરે, ગર્ભ તિરિતે થાય; પર્યાપ્રાસ તેમ અપર્યા પતા રે, પંચ પંચ કહાય ॥ આગતિ૦ ॥ ૧૧ ॥ આગતિ ગતિ એ કહી નરકની રે, સાત થયા એ બોલ; જીત વિજયજી ગુરૂ નામથી રે, ગોપાલ કહે રંગરોલ ॥ આગતિ૦ ॥ ૧૨ ॥ (સર્વ ગાથા ॥૧૦૪॥)

—: દુહા :—

સાત બોલ કહ્યા નરકના, તીર્યંચતણા હવે જાણ;

આગતિ ગતિ હવે તેહની,નવ બોલે તેહ પ્રમાણ ॥ ૧ ॥ (સર્વ ગાથા ॥ ૧૦૫ ॥)

॥ " ઢાળ ૬ ઠી" અરણિક મુનીવર ચાલ્યા ગોચરી. એ દેશી ॥ આગતિ ગતિ હવે તીર્યંચ તણી, તેહના નવ બોલા સારજી; પહેલે બોલે ભુદ ગબાદર વલી, વણુસઈ પ્રત્યેક વિચારજી ॥ આગતિ૰ ॥ ૨ ॥ દુસય ત્રેતાલીસ તણી આગતિ કહી, ભેદ સુણો સુવિવેકજી; ત્રીશ કર્મ ભુમી મનુષ્ય તણા, અસન્ની ઇગસય એકજી ॥ આગતિ૰ ॥ ૧ ॥ તીર્યંચ તણા ભેદ અડતાલીસ કહ્યા, ચોસઠ સુરતણા લીધાજી; પરમાધામીથી બે દેવ લોક લગે, આગતિ ભેદ એમ કીધાજી ॥ આગતિ૰ ॥ ૩ ॥ ઇગસય ઓગણુએંશી ભેદમાં, એ ત્રણની ગતિ થાયજી; ઇગસય ઈગત્રીસ મનુષ્યતણાતિરી અડતાળીશ માંહ્યજી ॥ આગતિ૰ ॥ ૪ ॥ હવે તેઉવાઉની આગતિ, ઇગસય ઓગણુએંશી જાણુજી; પૃથ્વી આઉવણુ અઇ કહી, તેહની ગતી પ્રમાણુજી ॥ આગતિ૰ ॥ ૫ ॥ તેઉ વાઉની ગતિ જાણુંજો, તીરી અડતાલીશ જેહજી; સરીખી વિગલતણી, આગતિ ગતિ ઇગસય, ઓગણુએંશી તેહજી ॥ આગતિ૰ ॥ ૬ ॥

તીરી અસન્ની આગતિ. સાંભળો વિગલ પ્રમાણે કહાયજી, ત્રણશે પંચાણું માહે ગતિ કહી કર્મભુમી ત્રીશ થયાજી ॥ આગતિ૦ ॥ ૭ ॥ ઈગસય દ્વાદશ અંતર દ્વીપના, એક સો એક અસન્ની મનુષ્યજી; અડતાળીશ ભેદ તીર્યંચ તણા, પહેલી નરકના એ ભેયજી ॥ આગતિ૦ ॥ ૮ ॥ પરમાધામીથી તીર્યગજાં, ભકસુધી એકાવન ભેદે દેવજી; પર્યા અપર્યા પતા તેહના મળી, ત્રણશો પંચાણું ચેવજી ॥ આગતિ૦ ॥ ૯ ॥ બસેં સડસઠ ભેદ તણી કહી, જલચર માંહે આગતજી, એકસો ઓગણાએંશી જે કહ્યા, સાતે નરકના સાતજી ॥ આગતિ ॥ ૧૦ ॥ આઠમા દેવ લોક લગેં કહ્યા, સુર ભેદ એશીને એકજી; ગતિ સંચ પંચ સત્તાવીશમાં, ભેદ સુણો સુવિવેકજી ॥ આગતિ૦ ॥ ૧૧ ॥ નવમા દેવલોક થકી કહ્યા, સવઠ લગેં સુર જેહજી; તેહના વળી પર્યા અપર્યાપતા છત્રીશ થયા એહજી; ॥ આગતિ૦ ॥ ૧૨ ॥ પાંચસે ત્રેસઠ સર્વે જીવના, ભેદ કહ્યા જગદીશજી; તેહમાંથીએ છત્રીશ વર્જતાં, સય પંચ સત્તાવીશજી ॥ આગતિ૦ ॥ ૧૩ ॥ એ ભેદમાંહે જલચરની ગતિ, હવે ઉરપરી પ્રમાણજી;

સાતમે આઠમે બોલે તેમ વલી, ચઉપદ ખેચર જાણુજી ॥ આગતિ૦ ॥ ૧૪ ॥ નવમે બોલે ભુજપરી કહ્યો, તીર્યંચ બોલ એ સારજી; ઉરપરીથી ભુજપરી લગેં, બોલ કહ્યા એ ચારજી ॥ આગતિ૦ ॥ ૧૫ ॥ બોલ બસે સડસઠ તણી આગતિ કહીએ ચારેની માંહ્યજી; જલચરની આગતિ જેમ કહી, તેહ પ્રમાણે કહાયજી ॥ આગતિ૦ ॥ ૧૬ ॥ હવે એ ચારની ગતિ કહુ, જેમ કહી જગદીશજી; પાંચસે ત્રેવીશ માંહે તેમ વલી, સયપંચને એકવીશજી ॥ આગતિ૦ ॥ ૧૭ ॥ પાંચસે ઓગણીસ માંહે કહી, પાંચસે સત્તર માંહ્યજી; જલચરની ગતિ ભેદ માંહ્યથી, બે નરક વર્જાયજી ॥ આગતિ૦ ॥ ૧૮ ॥ બે નરક તે છઠી સાતમી, પર્યા અપર્યા પતા તેહજી; તેહ-માંથી એ ચારે વર્જતા, ઉરપરી ગતિ એહજી ॥ આગતિ૦ ॥ ૧૯ ॥ તેહ માંહેથી બે ભેદ વર્જતા, પાંચમી નરકનાં જાણુજી, શેષ સય પંચ એકવીશ જે રહ્યા, ચતુષ્પદ ગતિ પ્રમાણુજી ॥ આગતિ૦ ॥ ૨૦ ॥ તેહ માંહેથી ચોથી નરકના, વર્જતા ભેદ બેયજી; ખેચરતણી ગતિ એ ભેદમાં ભુજપરીની હવેયજી ॥ આ ગતિ૦ ॥ ૨૧ ॥ તેહ

માંહેથી બે ભેદ વર્જતાં, નરક ત્રીજીના કહાયજી; શેષ સંચપંચ સત્તર જે રહ્યા, તેમાં ભુજપરી જાયજી ॥ આગતિ૦ ॥ ૨૨ ॥ આગતિ ગતિ કહીએ, તીર્યંચની તેહતણા નવ બોલજી; સાત નરકના સાત પ્રથમ કહ્યા, બોલ થયા એમ સોલજી ॥ આગતિ૦ ॥ ૨૩ ॥ આગમ અનુસરે બોલ એ વરણવ્યા સુગુરૂતણે પશાયજી; જીત વિજયજીનો શ્રાવક પ્રેમથી, ગોપાલ નમેગુરૂપાયજી ॥ આગતિ૦ ॥ ૨૪ ॥ ( સર્વ ગાથા ॥ ૨૯ ॥ )

-: દુહા :-

એ બોલ નરક તીર્યંચના, હવે કહું મણુ દેવ;
દસબોલ તેહના કહ્યા, પંચ પંચ કહું હવે ॥ ૧ ॥
સર્વ ગાથા ॥ ૧૩૦ ॥

॥ "ઢાળ ૭ મી" શાંતી જીનેશ્વર સાહેબ વંદો એ દેશી ॥ મનુષ્ય દેવના બોલ કહું, હવે જેમ કહ્યા જગદીશ રે; પહેલે બોલે અસન્નીં મનુષ્યની, આગતિ ગતિ કહીશ રે ॥ મનુષ્ય૦ ॥ ૧ ॥ આગતિ એકસો એકોતેરની, તેમાં મણુ ઇગસય એકત્રીસ રે; તેઉ વાઉ વિના તિર્યંચના, ભેદ કહ્યા ચાલીશ રે ॥ મનુષ્ય ॥ ૨ ॥ ઇગસયને ઓગણા

એંશીમાં, ગતિ તેહની ધારે રે; ભેદ ઇગસયને એકોતેરમાં. તેઉ વાઉ વધારે રે ા મનુષ્ય૦ ા ૩ ા બીજે બોલે કર્મ ભુમીના, મનુષ્યની આગતિ કહીયે રે. બસેં છોંતેર ભેદ નીતેહમાં ચાલીશ તીર્યંચના લહીયેરે ાામનુષ્ય૦ાા૪ાા ઇગસય એકત્રીસ મનુષ્યના, સુરભેદ નવાણું રે; છ નરકના ખટ ભેદ કહીયા, બસો છોતેર એમ જાણું રે ા મનુષ્ય૦ ા ૫ ા

સવિ ભેદમાં તેહ તણી ગતી, પાંચશે ત્રેસઠ જેહ રે; ત્રીજે બોલે અકર્મ ભુમીના, હિમવંત હિરણ્યવત તેહ રે ા મનુષ્ય૦ ા ૬ ા વીશ ભેદની આગતિ તેહની પંદર કર્મ ભુમીશ રે; પંચ પર્યપ્તિ ગર્ભતીરીના, આગતિ ભેદ એ વીશરે ા મનુષ્ય ા ૭ ા હવે તેહ તણી ગતિ તે, ભેદ એકસો છવીસ રે; પરમાધામીથી માંડીને પહેલા દેવલોક લગીશ રે ા મનુષ્ય૦ ા ૮ ા હરી વર્ષ રમ્યક દેવ ઉત્તરકુરૂ આગતિ તેહની વીશરે; ગતિ ભેદ એકસોમાં કહીયે ઉપર અઠાવીશરે ા મનુષ્ય૦ ા ૯ ા બીજા દેવલોક નામ મેળવતાં, પર્યા અપર્યા પતા બેયરે; ઈગસય છવીસ માહે મળતાં, ઇગસય અડવીશ તેયરે ા મનુષ્ય૦ ા૧૦ાા પાંચમો બોલ મનુષ્યનો કહીયે

અંતરદ્વીપ છપન્નરે; ખટખેત્ર યુગલ પ્રમાણે, પંચે તીરી અસન્નરે ॥ મનુષ્ય૦ ॥ ૧૧ ॥ એ પચીશની આગતિ જાણો, અંતર દ્વીપની એમરે; એકશો ને બે ભેદમાં જાવે, ગતિ તેહની તેમરે ॥ મનુષ્ય૦ ॥ ૧૨ ॥ પરમાધામીથી માંડીને, દસ તીર્યંગ જાંભક રે; ત્યાં સુધી એકાવન ભેદના, પર્યા અપર્યાપતા અંકરે ॥ મનુષ્ય૦ ॥ ૧૩ ॥ એમ ભેદ એકસો બે માંહે, છપન્ન અંતર દ્વીપ જાયરે; મનુષ્યના એ પંચ બોલ કીધા, બોલ એકવોશ એમ થાયરે ॥ મનુષ્ય૦ ॥ ૧૪ ॥ પાંચ બોલ હવે સુરતણાજે તેહની ગતાગત કહીરે; પહેલે બોલ પરમાધામીથી તીર્યંગ્ જાંભક સુધી લહીયે રે ॥ મનુષ્ય૦ ॥ ૧૫ ॥ એ એકાવન ભેદની આગતિ, એકસો અગિયાર પ્રમાણ રે; એકસો એક ભેદ મનુષ્યના, પયપિતા તે જાણુરે ॥ મનુષ્ય૦ ॥ ૧૬ ॥ પંચ ભેદ કહ્યા ગર્ભ તીરીના પંચ અસન્ની વિચાર રે; એ દસે તીર્યંચ પર્યાપતા, એમ એકસો અગીયારરે ॥ મનુષ્ય૦ ॥ ૧૭ ॥ એ એકાવન દેવની આગતિ, હવે ગતિ કહેવાયરે; એ એકાવન ભેદ ચવીને, છેતાલીશમાં જાયરે ॥ મનુષ્ય૦ ॥ ૧૮ ॥ પંદર ભેદ મનુષ્ય કેરા, તે પણ કર્મ ભુમીશરે; ગર્ભતીરી પંચ ભુદગબાદર, પ્રત્યેક વણસઇ

તેવીશરે ॥ મનુષ્ય૦ ॥ ૧૯ ॥ તેહ તણા પર્યા અપ્રયાપતા, છેતાલીસ ભેદ થાયરે; બીજે બોલે જ્યોતિષીથી, પહેલો દેવલોક લેખાયરે ॥ મનુષ્ય૦ ॥ ૨૦ ॥ એ બારે સુર ભેદની, આગતિ, વીશને ત્રીશરે; પંચ ભેદ ગર્ભ તીર્યંચના, પંદર કર્મ ભુમીશરે ॥ મનુષ્ય૦ ॥ ૨૧ ॥ ત્રીશ ભેદ અકર્મ ભુમીના, આગતિ એમ પચાસરે; એકાવન સુર ભેદ પ્રમાણે, ગતિ છેતાલીસ તાસરે ॥ મનુષ્ય૦ ॥ ૨૨ ॥ ત્રીજે બોલે બીજા દેવલોકની, ચાલશની આગતરે; પચાસ ભેદ કહ્યા તેમાંથી, હીમવંતને હીરણ્યવંતરે ॥ મનુષ્ય૦ ॥ ૨૩ ॥ તેહ તણા પંચ પંચ ભેદ વર્જો, ચાલીશની આગતિ રે; હવે તે બીજા દેવલોકની, છેતાલીશમાં ગતિ રે ॥ મનુષ્ય૦ ॥ ૨૪ ॥ છેંતાલીશ તે સુર પ્રમાણે એકાવન ભેદ જેમરે, બોલ; ચોથે ત્રીજા દેવલોકથી, દેવલોક અષ્ટમ રે ॥ મનુષ્ય૦ ॥ ૨૫ ॥ એમ રે સત્તર જાતિના સુર, તેહની આગતિ વીશ રે; પંચ ભેદ ગર્ભજ તીરીના, પંદર કર્મભુમિશરે ॥ મનુષ્ય૦ ॥ ૨૬ ॥ પર્યા પતા એ સર્વે જાણો આગતિ ભેદ એ વીશ રે, એ વીશેના પર્યા અપર્યા પતા; ગતિ ભેદ ચાલીશ રે ॥ મનુષ્ય૦ ॥ ૨૭ ॥ પાંચમે બોલે આનંત થકી, જે સર્વાર્થ સિદ્ધ વિમાણ રે;

એમ એ ભેદ અઢાર તણી, હવે આગતિ જાણુ રે; ॥ મનુષ્ય૦ ॥ ૨૮ ॥ આગતિ તેહની ભેદ પંદરની, મનુષ્ય કર્મભુમીશ રે; તેહ તણા પર્યા અપર્યા· પતા ગતિ ભેદ એમ ત્રીશ રે ॥ મનુષ્ય ॥ ૨૯ ॥ સુરતણા એ બોલ કહ્યા, પ્રથમ બોલ એકવીશ રે; એકવીશમાં એ પંચ મળીને, બોલ થયા છવીશ રે ॥ મનુષ્ય૦ ॥ ૩૦ ॥ ગુરૂ પસાએ સદાસુખ વંછીત ગુરૂપસાએ દુઃખ જાય રે; જીત વિજયજી ગુરૂના નામે ગોપાલ કહે સુખ થાય રે ॥ મનુષ્ય૦ ॥ ૩૧ ॥ ॥ સર્વ ગાથા ॥ ૧૬૧ ॥

## —: દુહા :—

નરક તીર્યંચ મણુ દેવના, છવીશ બોલ કહ્યા ભેદ, બોલ બાર બીજા હવે, નવપદવી ત્રણ વેદ ॥ ૧ ॥ ॥ સર્વ ગાથા ॥ ૧૬૨ ॥

॥ "ઢાળ ૮ મી" ધન ધન તે દીન માહેરા એ દેશી ॥ આગતિ ગતિ પદવી તણી, નવ બોલ ત્રણ વેદ ॥ પહેલે બોલે તીર્થંકર તણી, આગતિ અડત્રીશ ભેદ ॥ આગતિ૦ ॥ ૧ ॥ બાર ભેદ દેવ લોકના લોકાંતીક નવ જાણુ; ત્રણ ત્રીક ગ્રૈવેકની, પંચ અણુત્તર વિમાણુ ॥ આગતિ૦ ॥ ૨ ॥ ત્રણ

ભેદ નરક સેલા સુધી આગતિ એ અડત્રીસ ગતિ; તેહની મોક્ષની, જાણો વીશ વા વીશ ાા આગતિ૦ ાા ૩ ાા આ ગતિ બ્યાસી ભેદની, ચક્રવૃતીની હોય નવાણું ભેદ સુર માંહેથી, ભેદ અઢાર વર્જેય ાા આગતિ૦ ાા ૪ ાા ત્રણ ભેદ કિલ્બિષના પંદર પરમાધામ નવાણું માંહેથી; એ વર્જતા, ભેદ એકાશી નામ ાા આગતિ૦ ાા ૫ ાા ભેદ એક પહેલી નરકનો એ બ્યાસીની આગત; ચોદ ભેદે ગતિ તેહની જાણો નરક તે સપ્ત ાા આગતિ૦ ાા ૬ ાા સાતે નરક તણા કહ્યા, પર્યા અપર્યાપતા તેમ, ચક્રવૃતીની ગતિ કહી ચોદ ભેદમાં એમ ાા આગતિ૦ ાા ૭ ાા ચક્રવૃતીની પદવી છંટી, દીક્ષા લેવે તો જાય; દેવ લોક તેમ મોક્ષમાં, ચક્રી પદવી ન કહેવાય ાા આગતિ૦ ાા ૮ ાા ત્રીજે બોલે વાસુદેવની, આગતિ ભેદ બત્રીશ; બે ભેદ ત્રીજી નરક લગે, દેવતણા ભેદ ત્રીશ ાા આગતિ ાા ૯ ાા બાર ભેદ દેવલોકના; લોકાંતીક નવ આય; ત્રણત્રીક ગ્રૈવેકની, ત્રીશ ભેદ એમ થાય ાા અગતિ૦ ાા ૧૦ ાા આગતિ એ વાસુદેવની, ગતિ ચોદની માંય સાતે નરક તણા કહ્યા, પર્યા અપર્યાપતાય ાાઆગતિ૦ ાા૧૧ાા આગતિ ત્રાસી ભેદની, બલદેવની એહ; બ્યાસીની

આગતિ કહી ચક્રવૃતિની જેહ ॥ આગતિ૦ ॥ ૧૨ ॥ તે માંહે ભેદ વધારતા બીજી નરકનો એક; વ્યાસી ભેદની આગતિ બલદેવની લેખ ॥ આગતિ૦ ॥ ૧૩ ॥ ગતિ ભેદ સીતેરમાં દ્વાદશ દેવલોક નવ ભેદ; લોકાંતીકના પંચ અનુત્તર નવ ગ્રૈવેક ॥ આગતિ૦ ॥ ૧૪ ॥ પાંત્રીશ ભેદ એ સુરતણા, પર્યા અપર્યાપતા થાય; એ સીતેર ભેદ જે કહ્યા, તેમાં બલદેવ જાય ॥ આગતિ૦ ॥૧૫॥ ઇગસય આઠની આગતિ, કેવલીની જાણ; ચઊ ભેદ ચોથી નરકે લગે, તીરી પંચ પ્રમાણ ॥ આગતિ૦ ॥ ૧૬ ॥ ગર્ભ અને પર્યાપતા, પંચે તીરી કહેવાય; બાદર પ્રત્યેક પર્યાપતા, ભુદગવણુસઇકાય ॥ આગતિ૦ ॥ ૧૭ ॥ પંદર કર્મ ભુમીતણા, એકાશી સુર આય; ભેદ નવાણું માંહેથી, અષ્ટાદશ વર્જાય ॥ આગતિ૦ ॥ ૧૮ ॥ કિલ્બિષના ભેદ ત્રણ કહ્યા, પંદર પરમા ધામ; ભેદ અઢાર એ વર્જતાં, એકાસી રહ્યા નામ ॥ આગતિ ॥ ૧૯ ॥ મણુસુર ભેદ છનું કહ્યા, તે જાણો પર્યા પત; એ ભેદ ઇગસય આઠની, કેવલીની આગત ॥ આગતિ૦ ॥ ૨૦ ॥ મોક્ષ માંહે ગતિ તેહની, જાણજો તે અવશ્ય, છઠે બોલે સાધુ હવે આગતિ ગતિતસ ॥ આગતિ૦ ॥ ૨૧ ॥ આગતિ

તેહની જાણીયે, બસોને પંચોતેર, આગતિ કહી કર્મભુિમની, ભેદ જે બસો છોંતેર ।। આગતિ૦ ।। ૨૨ ।। તેહમાંથી એક વર્જતાં, છઠી નરક મધાય બસો પંચોતેર જે રહ્યા, તે સાધુમાં આય ।। આગતિ૦ ।। ૨૩ ।। આગતિ એ સાધુ તણી, સયદુ પંચોતેર બળદેવ પ્રમાણે કહી, ગતિ ભેદ સી-તેર ।। આગતિ૦ ।। ૨૪ ।। સાતમે બોલે શ્રાવકતણી, આગતિ હવે જાણ; બસો છોંતેર ભેદની કર્મભુમી પ્રમાણ ।। આગતિ૦ ।। ૨૫ ।। ગતિ બાર દેવ લોકમા, લોકાંતીક નવ થાય; પર્યા અપર્યા પતા તેહના, બાયાલમાં જાય ।। આગતિ૦ ।। ૨૬ ।। આગતિ સમકીતી તણી, સય ત્રણ ત્રેસઠ ભેય; સપ્ત ભેદ સપ્ત નરકના, પર્યાપતા તેય ।। આગતિ૦ ।।૨૭।। કર્મભુમી ભેદ ત્રીશને, ઇગસય એક અસન્ન; ત્રીસ અકર્મભુમિ તણા, અંતરદ્વીપ છપન્ન ।।આગતિ૦ ।।૨૮।। તે ઉવાઉ આઠ વર્જતા, તીર્યંચ ભેદ ચાલીશ; ભેદ નવાણુ પર્યા પતા, સુરતણા તે લહીશ ।। આગતિ૦ ।। ૨૯ ।। આગતિએ સમકીતી તણી, ભેદ ત્રણશે ત્રેશઠ; બસે અઠાવન માંહે ગતિ; તેમાં નારકી ખટ ।। આગતિ૦ ।। ૩૦ ।। પર્યા અપર્યા પતા તેહના એમ થયા દ્વાદશ; વિગલતણા અપર્યા પતા ભેદ

એમ પંચ દશ ।। આગતિ૦ ।। ૩૧ ।। સમુર્છીમ તીર્યંચના, અપર્યાં પતા પંચ પર્યા–અપર્યાં પતા મળી; દશ ગર્ભ તીર્યંચ ।। આગતિ૦ ।। ૩૨ ।। કર્મભુમી ભેદ ત્રીશમાં સુરતણા સવિ થાય, એ બસે અઠાવન ભેદમાં, સમકીતી જાય ।। આગતિ૦ ।।૩૩।। આગતિ મિથ્યાત્વી તણી, નરક તણા ભેદ સાત; અળતાલીશ તીર્યંચતણા, બસે સતર માણુ જાત ।। આગતિ૦ ।। ૩૪ ।। ભેદનવાણું સુરતણા, સર્વ મળી સંખ્યાય; ત્રણુસે એકોતેર ભેદની એમ આગતિ થાય ।। આગતિ૦ ।। ૩૫ ।। ગતિ સય પંચ ત્રેપનમાં, ભેદ સવિ જીવ જાણુ; તેમાંથી દશ વર્જતા પંચ અણુતર વિમાણુ ।। આગતિ૦ ।। ૩૬ ।। બોલ નવ એ પદવી તણા, હવે ત્રણ વેદ જાણુ; આગતિ પુરૂષ વેદની, મિથ્યાત્વી પ્રમાણુ ।। આગતિ ।।૩૭।। ગતિસય પંચ ત્રેસઠમાં, આગતિ સ્ત્રી વેદ; પુરૂષ પ્રમાણે જાણવી, સય ત્રણ એકોતેર ભેદ ।। આગતિ૦ ।। ૩૮ ।। ગતિ સય પંચ ઈગસઠમાં, સ્ત્રી વેદની થાય; સયપંચ ત્રેસઠમાંહેની, ભેદ બે વર્જાય ।। આગતિ૦ ।। ૩૯ ।। પર્યા અપર્યા પતા કહ્યા સાતમી નરકના ભેદ; ત્રીજે બોલે આગતિ કહી, નામે નપુંસક વેદ ।। આગતિ૦ ।। ૪૦ ।। સાત

ભેદ સાત નરકના, અડતાલીસ તીર્યંચ; સુરનવાણું માંહેથી, ઓછા અણુંતર પંચ ॥ આગતિ૦ ॥ ૪૧ ॥ ઇગસય એક મનુષ્યના, અસન્ની તણાય; કર્મભુમી ત્રીશ ભેદની, એ સર્વે સંખ્યાય ॥ આ-ગતિ૦ ॥૪૨॥ એમ નપુંશક વેદમાં, બસેએંસી આય; ગતિ સય પંચ ત્રેશઠમાં, નપુંશકની થાય ॥ આગતિ૦ ॥ ૪૩ ॥ ભેદ ગતા ગત વર્ણવ્યા, સુગુરૂતણે સુપસાય; જીતવિજયજી નામથી, કહે ગોપાલ સુખ થાય ॥ આગતિ૦ ॥ ૪૪ ॥ ॥ સર્વગાથા ॥ ૨૦૬ ॥

## | કલશ |

ઇમ ગામ લાકડીયા કચ્છ દેશે, શાન્તિનાથ સોહામણા, તત્ર સ્તવન પ્રારંભ કીધો, ભેદ ગતિ આગતિ તણા ॥ ૧ ॥ અષ્ટ કર્મનો નાશ કરવા, આઠ ઢાળ વિચારણા, કરતાં ભવિજન પાર પામે, પૂરણ હોય નિજ ધારણા ॥ ૨ ॥ તપગચ્છ ગગને દિનમણિ સમ, વિજય હીર સૂરિ હીરલા વિજયસેન તસપાટે સોહે, વિજય દેવગુરૂ નિર્મલા ॥ ૩ ॥ પરાક્રમીમાં સિંહ સરીખા, વિજયસિંહ વખાણીયેં, ક્રિયોદ્ધારે દીયો ડંકો, સત્ય વિજય સત્ય જાણીયે ॥ ૪ ॥ કપુર વિજયજી પાટદીપે, ક્ષમાવિજય

સમતા થકી, જીન ઉત્તમ, પદ્મ, રૂપ કીર્તિ, કસ્તુર વિજય તપસી અતિ ।। ૫ ।। દાદા બિરૂદથી દીપ તાજે, મણિ વિજયજી ગુરૂમણિ, પદ્મવિજયજી તાસ પાટે, જીત વિજયજી મહાગુણિ ।। ૬ ।। ભદ્રક ભાવિ હીર ગુરૂજી, વિજય કનક સૂરીશ્વ રૂ, પામી ગુરૂ-પસાયને આ, સ્તવન રચ્યું અતિ સુખ કરૂ ।। ૭ ।। ચરિત્ર વયને નાણુ થિવિર, શ્રીસિદ્ધિસૂરીશ્વર રાજમાં દીપવિજયજી વઢવાણુ નગરે, ચોમાસું શુભસાજમાં ।। ૮ ।. રદ્ધિ ગગનંદ્રય ને, યુગ્મ[२] વરસે, નભ કૃષ્ણ દશમી ભલી, શ્રી આદિ શાન્તિ પાર્શ્વજીનવર, ભક્તિયે વંદો લળી લળી ।। ૯ ।। સર્વગાથા ૨૧૫।। ગતા ગતિ સ્તવન સંપૂર્ણ

## શ્રી ગિરનાર ભૂષણુ નેમિનાથની સ્તુતિ

### (સ્તવન)

શ્રી ગિરનારે ત્રણય કલ્યણુક; યદુ પતિ કેરાં જાણુ રે, સહસ પુરૂષથી સહસા વનમાં દિક્ષા લહેર મંડાણ રે ।। શ્રી ગિ૦ ।। ૧ ।। પંચાવનમેં દિવસે પામ્યા નિર્મલ કેવલ નાણુ રે, સમવસરણુ સુર રચે ચતુર્વિધ, ચઊમુખ કરે વ્યાખ્યાન રે ।। શ્રી ગિ૦ ।। ૨ ।। પાંચશે છત્રીશ સંઘાતે, પ્રભુ પામ્યા નિર્વા-

ણુરે સેવક લિંબો ભણે નિરંતર, નેમિનાથ ગુણ ખાણુ રે ॥ શ્રી ગિરનારે ॥ ૩ ॥

## શ્રી સિદ્ધાચલનું ચૈત્યવંદન

એ તીરથની ઉપરે, અનંત તીર્થંકર આવ્યા વલી અનંતા આવશે, સમતા રસ ભાવ્યા ॥ ૧ ॥ આ ચોવીશ માંહે એક, નેમિશ્વર પાખે, જીન ત્રેવીશ સમો સર્યા એમ આગમ ભાખે ॥ ૨ ॥ ગણધર મુનિવર કેવલી, સમોસર્યા ગુણવંત, પ્રેમેતે-ગિરિ પ્રણમતાં, હરખ દાન હસંત ॥ ૩ ॥

## ચૈત્યવંદન બીજું (એકવીશ નામ ગર્ભિત)

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ મન વચન કાય એકાગ્રશું, નામ જપો એકવીશ ॥ ૧ ॥ શત્રુંજયગિરિ[૧] વંદિએ, બાહુબળી[૨] ગુણધામ મરૂદેવ[૩] ને પુંડરીકગિરિ[૪] રૈવતગિરિ[૫] વિશ્રામ ॥ ૨॥ વિમલાચલ[૬] સિદ્ધરાજજી[૭] નામ ભગિરથ સાર,[૮] સિદ્ધક્ષેત્રને[૯] સહસ્ર કમલ,[૧૦] મુક્તિનિલય[૧૧] જયકાર, ॥ ૩ ॥ સિદ્ધાચલ[૧૨] શતંકુટગિરિ,[૧૩] ઢંકને[૧૪] કોડિનિવાસ[૧૫] કદંબગિરિ[૧૬] લોહિતનમો[૧૭] તાલ ધ્વજ[૧૮] પુણ્યરાશિ [૧૯] ॥ ૪ ॥ મહાબલ[૨૦]

દૃઢશકિતસહુી[૨૧] એકવીશનામ, સાતે શુદ્ધિ સમાચરી કરીયે નિત્ય પ્રણામ ॥ ૫ ॥ દગ્ધ[૧] શૂન્ય[૨] ને અવિધિ દોષ [૩] અતિ પ્રવૃત્તિ જેહ[૪] ચાર દોષ છંડી ભજો, ભકિત ભાવ ગુણ ગેહ ॥ ૬ ॥ મણુઅ જન્મ પામી કરીએ સદ્‌ગુરૂ તીરથ યોગ, શ્રીશુભ વીરને શાસને, શિવરમણી સંયોગ ॥ ૭ ॥

## ચૈત્યવંદન ૩ જું પુંડરીક સ્વામિનું

શ્રી શત્રુંજય મહાત્મ્યની, રચના કીધી સાર, પુંડરીક ગિરિના સ્થાપનાર, પ્રથમ જીન ગણધાર ॥ ૧ ॥ એક દિન વાણી જિન તણી સુણી થયો આણંદ આવ્યા શત્રુંજય ગિરિ, પંચ ક્રોડ સહરંગ ॥ ૨ ॥ ચૈત્રી પૂનમને દિનએ, શિવ શું કીધો યોગ નમિએ ગિરિને ગણધરૂ, અધિક નહિં ત્રિલોક ॥૩॥

શ્રી ભરત ચક્રવતી સંઘ ગર્ભિત, (સીદ્ધાચલનું સ્તવન) સંઘપતિ ભરતનરેશ્વરૂ. શત્રુંજયગિરિ આંવે રે લોલ. અહો શત્રુંજયગિરિ આવે રે લોલ. એ આંકણી

સોવન દેરાસર વલી, આગળ પધરાવે રે લોલ અહો આગલ; વાસવ પ્રમુખ સુરા બહુ, સાથે તિહાં

સોહે રે લોલ. અહો સાથેતિ; વંશ ઇક્ષ્વાકુ સોહા-
વીઓ, ત્રિભુવન મન મોહેરે લો૦ અ૦ ત્રિભુ.
સંઘપતી૦ ।। ૧ ।। બાહુ બલ આદિ કરી; કોડી
મુનિવર મળીયારે લો૦ અહો કોડી; જ્ઞાની ગણધર
જાણીએ નમિ વિનમિ બળીઆ રે લો૦ અ૦ નમિ
સોમયશા આદિઘણા, મહિધર રથવાળારે લો૦ અ૦
મહિ. સામંત મંત્રી અધિપતિ માની મચ્છરાળા
લો૦ અ૦ મા૦; ।। સંઘપતિ૦ ।। ૨ ।। કનક સેના
દિક સાધ્વી, વૃતિની વૃતધારી રે લો૦ અહો વ્ર!
શ્રાવક ને વળી શ્રાવીકા, વરઅણુ વ્રતધારીરે લો૦
અહો વર; ચતુરંગી સેનાએ પરિવર્યા છત્રચામર
ધારારે લો૦ અ૦ છત્ર; અઢળક દાનને વરસતા,
જેમ સજલ જલ ધારારે લો૦ અહો જેમ ।।સંઘપતિ૦।।
।। ૩ ।। સાથે સુભદ્રા દિક બાહુ પ્રવર પટ્ટરાણીરે
લો૦ અહો પ્રવ; ઇદ્રમાળ પહેરે તિહાં ધન્ય ધન્ય
અવતારા રે લોલ અહો ધન્ય, અવતા; ઓચ્છવ શું
ગિરિરાજની કરે ભક્તિ અપારા રે લો૦ અહો કરે૦
શિખર શિખર ત્રિહું કાળના, કરે જીન વિહારરે લો૦
અહો કરે૦ ।। સંઘપતિ૦ ।। ૪ ।। ગણધર નાભિ
સાથેઅ છે, બહુ મુનિ આધારારે લો૦ અ૦ બહુ

બિંબ પ્રતિષ્ઠા તે કરે, વિધિ શું જયકારો રે લો૦ અ૦ વિ; સંઘપતિ તિલક સોહાવિઓ, ઈંદ્રાદિક સાખે રે લો૦ અહો ઇંદ્રાં; જેહથી થાપ્યો યશ ઘણો, જ્ઞાન વિમલ એમ ભાખે રે લોલ૦ અહો જ્ઞાનવી૦ ॥ સંઘપતિ૦ ॥ ૫ ॥

## શ્રી સિદ્ધગિરિનું સ્તવન બીજું

દૈત સમાનને અસ્ત સમાનરે, જે તાહરો દિલ આવેરે, નાગર સજ્જનારે કોઇ સિદ્ધગિરિરાજ ભેટાવેરે, વંદાવે રે, પૂજાવે રે, ફરસાવે રે; બત- વેરે, દેખાવે રે, ગવરાવેરે નાગર સજ્જના રે૦ કોઇ૦ ॥ ૧ ॥ અતિહિ ઉમૈયોને, બહું દિન વહિ- યોરે, માનવના વૃંદ આવે રે, નાગર સ૦ કોઇ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૨॥ ધવલ દેવલીઆંને, સુર પતિ મલીયારે, કોઇ ચારે પાજેચઢાવેરે, ના૦ સા૦ કોઇ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૩ ॥ શ્રી જીન નરખિત, હરખીત હોવે રે, તૃષિત ચાતક ઘણુ પાવે રે ના૦ સ૦ કો૦ સિ૦ ભે૦ વ૦ પૂ૦ ફ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૪ ॥ નાટિક ગીતને વાજીત્ર વાગે રે, કોઇ મન ગમતા નાદ સુણાવે રે, ના૦ સ૦ કોઇ

સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફુ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૫ ॥ ધન્ય ધન્ય તે ગૃહપતિને નરપતિ, કોઇ સંઘપતિ તિલક કરાવે રે ના૦ કો૦ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફુ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૬ ॥ સકલ તીરથ માંહે સમરથ એ ગિરિ કોઈ આગમ પાઠ સુણાવે રે, ના૦ સ૦ કો૦ સિ૦ ભે૦ વં૦ પૂ૦ ફુ૦ દે૦ બ૦ ગ૦ ના૦ ॥ ૭ ॥ ઘેર બેઠા પણ એ ગિરિ ગાવે રે; શ્રી જ્ઞાન વિમલ સુખ પાવે રે, નાગર સ૦ કો૦ સિ૦ ૦ વં૦ પૂ૦ ફુ૦ દે૦ બ૦ ગ૦ નાગર સજ્જના ર કોઇ૦ ॥ ૮ ॥

## શત્રુંજય નું સ્તવન ૩ જું

ચાલો ચાલો વિમલ ગિરિ જઇએ રે, ભવજલ તરવાને, તુમે જયણા એ ધરજો પાયરે, પાર ઉતરવાને, એ આંકણી.

બાળ કાળની ચેષ્ટા ટાળી, હાંરે હું તો ધર્મ યોવન હવે પાયો રે, ભવ૦ ભૂલ અનાદિની દૂર નિવારી, હાંરે હું તો અનુભવમાં લયલાયો રે, પાર ઉતારવાને, ચાલો ચાલો, વિમલ ॥ ૧ ॥ ભવતૃષ્ણા સવિ દૂર કરીને, હાંરે મારી જીન ચરણે લયલાગીરે,

ભ૦ સંવર ભાવમાં દિલ હુવે ઠરીજી, હાંરે મારી જીન ચરણે લય લાગીરે, પાર૦ ચાલો૦ ॥ ૨ ॥ સચિત્ત સર્વનો ત્યાગ કરીને, હાંરે નિત્ય એકાસણાં તપકારીરે, ભવ૦ પડિકમણાં દોય વિધિશું કરશું હાંરે ભલી અમૃત ક્રિયા દિલ ધારી રે પાર૦ ચા૦ ॥ ૩ ॥ વ્રત ઉચ્ચરશું ગુરૂની સાખે, હાંરે હુંતો યથાશક્તિ અનુસાર રે, ભવ૦ ગુરૂ સંઘાતે ચડશું ગિરિપાજે, હાંરે એતો ભવોદધિ બુડતાં તારેરે, પાર૦ ચા૦ વિ૦ ॥ ૪ ॥ ભવ તારક એ તીરથ ફરસી, હાંરે હુંતો સુરજકુંડમાં નાહી રે, ભવ૦ અષ્ટ પ્રકારી શ્રી આદિજીણંદની, હાંરે હુતો પૂજા કરીશ લયલાહીરે પાર૦ ચા૦ ॥ ૫ ॥ તીરથ પતિને તીરથ સેવા હાંરે એતો મીઠા મોક્ષના મેવા રે ભવ૦ સાત છઠ દોય અઠ્ઠમ કરીને, હાંરે મને સ્વામિ વાત્સલ્યની હેવારે, પાર૦ ચાલો૦ ॥ ૬ ॥ પ્રભુ પદ પદ્મરાયણ તલે પૂજી, હાંરે હુંતો પામીશ હરખ અપારરે, ભવ૦ રૂપવિજય પ્રભુ ધ્યાન પસાયે, હાંરે હુંતો પામીશ સુખ શ્રીકાર રે, પાર ઉતરવાને, ચાલો ચાલો વિમલ ગિરિ જઈએ રે, ભવજલ તરવાને, તુમે જયણાએ ધરજો પાયરે પાર ઉતવાને ॥ ૭ ॥

## ચૈત્રી ૧૫ ગર્ભિત શ્રી સિદ્ધાચલની સ્તુતિ

જીહાં ઓગણોતેર કોડા કોડી, તેમ પંચાસી લખ વલી જોડી, ચુમાલીશ સહસ કોડી સમવસર્યા જિયાં એતીવાર પૂર્વ નવાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર ।। ૧ ।। સહસ્રકુટ અષ્ટાપદ સાર, જીન ચોવીસ તણા ગણધાર, પગલાનાં વિસ્તાર, વલી જીન બિંબ તણો નહિં પાર, દેરી સ્તંભે બહુ આકાર, વંદુ વિમલ ગિરિ સાર ।। ૨ ।। એંશી સીત્તેર સાઠ પચાશ બાર જોયણુ માને જસ વિસ્તાર, ઇગદુતિ ચઉપણ આર માન કહ્યું એહનું નિરધાર, મહિમા એહનો અગમ અપાર, આગમ માંહે ઉદાર ।। ૩ ।। ચૈત્રી પુનમ દિન શુભ ભાવે, સમ્યગ દ્રષ્ટિ સુરનર આવે પૂજા વિવાધ રચવે જ્ઞાન વિમલ સૂરી ભાવના ભાવે દુર્ગતિ દોહગ દૂર ગમાવે બોધિ બીજ જસપાવે ।। ૪ ।।

## શ્રી સિદ્ધાચલની સ્તુતિ બીજી

શત્રુંજય સાહેબ પ્રથમ જીણુંદ, નાભિ ભુપ કુલ કમલ દિણુંદ, મરૂ દેવીનો નંદ, જસમુખ સોહે પુનમ ચંદ, સેવા સારે ઇંદ્ર નારિંદ, ઉન્મૂલે દુઃખ દંદ, વાંછીત પૂરણ સુરૂ તરૂ કંદ લંછન જેહને સુર-

જિનંદ ફેડે ભવ ભય ફંદ પ્રણમેં જ્ઞાનવિમલસૂરિંદ જેહના અહર્નિશ પદ અરવિંદ નમિ પરમાનંદ ॥ ૧ ॥ શ્રી સીમંધરજીન વરરાજે મહાવિદેહે બાર સમાજે, ભાવે એમ ભવિ કાજે, સિદ્ધક્ષેત્ર નામે ગિરિરાજે, એહિજ ભરત માંહે એ છાજે, ભવજલ તરણ જહાજે, અનંત તીરર્થંકર વાણી ગાજે, ભવિ મન કેરા સંશય ભાજે, સેવક જનને નિવાજે વાજે તાલ કંસાલ પખાજે ચૈત્રી મહોત્સવ અધિક દિવાજે સુરનર સજી બહુ સાજે ॥ ૨ ॥ રાગ દ્વેષ વિષ ખીલણ મંત, ભાંજે ભવ ભય ભાવઠ ભ્રાંત, ટાળે દુઃખ દુરંત સુખ સંપત્તિ હોય જેહ સમરંત, ધ્યાયે અહર્નિશ સઘલા સંત ગાયે ગુણ મહંત, શિવસુંદરી વશ કરવા તંત, પાપ તાપ પીલણ એજંત સુણીયે તે સિદ્ધાંત, આણી મ્હોટી મનની ખંત, ભવિયણ ધ્યાવો એકણ ચિ-ત રાન વેલા ઉલહુંત ॥ ૩ ॥ આદી જીનેશ્વર પદ અનુસરતી, ચતુ–રંગલ ઊંચી રહે ધરતી, દુરિત ઉપદ્રવ હરતી, સરસ સુધારસ વયણ ઝરંતી જ્ઞાન વિમલગિરિ, સાન્નિધ્ય કરંતી, દુશ્મન દુષ્ટ દલંતી, દાડિમ પકવ કલી સમદંતી, જ્યોતિ ગુણ ઇંહાંરાજી પંતી સમકીત, બીજ વપંતી

ચક્રેશ્વરી સુરસુંદરી હુંતી ચૈત્રી પુનમ દિને આવંતી જય જયકાર ભણુંતી ॥ ૪ ॥

- સ્તુતિ ૩ જી -

પુંડરીક મંડણુ પાય પ્રણુમીજે, આદીશ્વર જીન ચંદાજી, નેમિ વિના ત્રેવીશ તીર્થંકર ગિરિ ચઢીયા આણુંદાજી, આગમ માંહિ પુંડરીક મહિમાં ભાખ્યો જ્ઞાન દિણુંદાજી, ચૈત્રી પુનમ દિન દેવી ચક્રેશ્વરી સૌભાગ્ય દેજો સુખ કંદાજી ॥ ૧ ॥ આ સ્તુતિ ચાર વખત બોલાય છે.

## રીષભદેવ સ્વામિનું સ્તવન

રિષભ જીનેશ્વર સ્વામીરે અરજી માહરી, અવધારો કાંઇ ત્રિભુવનના દેવજો, કરૂણાનંદ અખંડ રે જયોતિ સ્વરૂપ છો એહવા જોઇને મેં આદરી તુમ સેવજો ॥ ૧ ॥ લાખ ચોરાશી યોનિરે વારોવાર હું ભમ્યો. ચોવીશે દંડકે ઉભગ્યું માહરૂં મનજો નિગોદાદિક ફરસીરે થાવર હું થયો, એમરે ભમતો આવ્યો વિગલે પ્રિ ઉપન્નજો ॥ (૨) ॥ તિર્યંચ પંચેદ્રિ તણુારે ભવમેં બહુ કર્યા ફરસો ફરસો ચઉદરાજ મહારાજજો, દશે દષ્ટાંતે દોહિલોરે મનુષ્ય

જન્મ અવતર્યો, એમરે ચડતો આવ્યો શેરીએ શિવકાજજો ।। ૩ ।। જગત તણાં બંધવરે જગસથ્થ વાહછો. જગત ગુરૂ જગ રખણુ એ દેવજો, અજરા મર અવિનાશીરે જ્યોતિ સ્વરૂપછો, સુરનર કરતા તુજ ચરણાની સેવજો ।। ૪ ।। મરૂદેવીના નંદનરે વંદના માહરી, અવધારો કાંઇ પ્રભુજી મહારાજજો, ચઉદરાજનો ઉચ્છિષ્ટરે પ્રભુજી તારીએ, દીજીએ કાંઈ વંછીત ફળ જીન રાજજો ।। ૫ ।। વંદના માહરી નિસુણીરે પરમ સુખ દીજીએ, કીજીએરે કાંઇ જન્મ મરણ દુઃખ દુરજો પદ્મવિજયજી સુપસાયે રે રિષભ જીન ભેટીયા, જીત વંદે કંઇ પ્રહ ઉગમતે સુરજો ।।૬।।

## વીશ સ્થાનકનું સ્તવન

હાંરે મારે પ્રણમું સરસ્વતી માગું વચન વિલાસજો, વીશેરે તપ સ્થાનક મહિમા ગાઇશું રે લોલ, હાંરે મારે પ્રથમ અરિહંત પદ લોગસ્સ ચોવીશજો, બીજેરે સિધ્ધ સ્થાનક પન્નર ભાવશું રે લો૦ ।। ૧ ।। હાંરે મારે ત્રીજે પવયણ ગણશું લોગસ્સ સાતજો ચોથેરે આયરિયાણં છત્રીશનો સહી રે લોલ, હાંરે૦ થેરાણં પદ પંચમે દસ ઉદ્દારજો છઠ્ઠરે ઉવઝાયાણં પચવીશનો સહી રે લોલ

॥ ૨ ॥ હાંરે૦ સાતમે સુગુણ સાહુ સત્તાવીશજો આઠમે નમો નાણુચ્ચ પંચે ભાવશું રે લોલ હારે મારે નવમે દરિસણ સડસઠ મન ઉદારજો, દશમે નમો વિણયસ્સ દશ વખાણીએ રે લોલ ॥ ૩ ॥ હાંરે, અગીયારમે નમો ચારિત્તસ્સ લોગસ્સ સિ-તેરજો બારમે નમો બંભસ્સ નવગુણે સહી રે લો૦ હાંરે૦ કીરિયાણ પદ તેરમે વલી પચવીશ જો ચઉદમે નમો તવસ્સ બાર ગુણે સહી રે લો૦॥ ૪ ॥ હાંરે૦ પંદરમે નમો ગોય મસ્સ અઠાવીશજો, નમો જીણાણં ચઉવીશ ગણુશું સોલમેરે લોલ૦ હાંરે૦ સ-તરમે નમો ચારિ-ત લોગસ્સ સ-તરજો નાણસ્સનો પટ ગણશું એકાવન અઢારમે રે લોલ ॥ ૫ ॥ હાંરે૦ ઓગણીશમે નમો સુઅસ્સ પીસ્તાલીશજો વીશમે નમો તિથ્યસ્સ વીશે ભાવશું રે લોલ હાંરે૦ તપનો મહિમા ચારસેં ઉપર વીશજો, ષટમાસે એક ઓલી પૂરી કીજીયેરે લોલ ॥ ૬ ॥ હાંરે૦ તપ કરતા વલી ગણીયે દોય હજારજો, નવકારવાળી વિશે સ્થા-નક ભાવ શું રે લોલ હાંરે૦ પ્રભાવના સંઘ સ્વા-મીવચ્છલ સારજો, ઉજમણું વિધિકીજે લાહોલીજીયે રે ॥ ૭ ॥ હાંરેમારે તપનો મહિમા ભાખ્યો વીર

જીન રાયજો, વિસ્તારે એમ ગાયમ સોહમ સ્વામિને રે લાલ, હાંરે મારે તપ કરતાં વલી, તીર્થંકર પદ હાયજો, દેવગુરૂ એમ કાન્તિ સ્તવન સોહામણો રે લાલ ॥ ૮ ॥ વીશસ્થા૦ સ્ત૦ સંપૂર્ણ ॥

## શ્રી અભિનંદન જીનવાણી મહિમા સ્તવન

તુમે જોજો જોજો રે, વાણીનો પ્રકાશ તમે જોજો જોજો રે, ઉઠે છે અખંડ ધ્વની, જોજને સંભલાય; નર તિરિય દેવ આપણી, સહુ ભાષાયે સમજાય ॥ તુમે૦ ॥ ૧ ॥ દ્રવ્યાદિક દેખી કરીને, નય નિખે પે જુ-ત, ભંગ તણી રથના ઘણી કાંઇ જાણે સહુ અદ્‌ભુત તુમે૦ ॥ ૨ ॥ પય સુધાને ઈક્ષુ વારિ હારી જાયે સર્વ, પાખંડી જન સાંભળીને, મૂકી દીયે ગર્વ તુમે૦ ॥ ૩ ॥ ગુણ પાંત્રીશે અલંકરી કાંઇ અભિનંદન જિનવાણ, સંશય છેદે મનતણા, પ્રભુ કેવલ જ્ઞાને જાણ તુમે૦ ॥ ૪ ॥ વાણી જે જન સાંભળે, તે જાણે દ્રવ્ય ને ભાવ, નિશ્ચયને વ્યવહાર જાણે, જાણે નિજ પરભાવ, તુમે૦ ॥ ૫ ॥ નરક સ્વર્ગ અપ વર્ગ જાણે, થિરવ્યયને ઉત્પાદ; રાગ દ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગને અપવાદ તુમે૦ ॥૬॥ નિજ સ્વરૂપને ઓલખીને, અવલંબે સ્વરૂપ; ચિદા

નંદ ઘન આત્માતે, થાયે નિજ ગુણ રૂપ, તુમે૦ ॥ ૭ ॥ વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ નિયમા તે પરભાવ તજીને, પામે શિવપુર સદ્મ તુમે૦ ॥ ૮ ॥

## ॥ અથ પાર્શ્વનાથનું સ્તવન ॥

હાલો હાલો હાથી ઘોડા શણગારોરે, પાર્શ્વનાથને દેહેરે વેલા પધારોરે, પાર્શ્વનાથની મૂર્તિ છે મનોહારીરે, પાર્શ્વનાથ તો બેઠા પલાંઠીવાળી રે, સુણો સુણો શ્રાવક સમકિત ધારોરે, પાર્શ્વનાથને દેહરે વહેલા પધારોરે ॥ ૧ ॥ પાર્શ્વનાથતો પ્રાણત દેવ લોકથી ચવીયારે, પાર્શ્વનાથ તો પોષ વદિ દશમીએ જન્મ્યારે, પાર્શ્વનાથને ચોસઠ ઇંદ્રે ન્હવરાવ્યા રે, પાર્શ્વનાથને છપ્પન દિગકુમરીયે હુલરાવ્યારે, સુણો ॥ ૨ ॥ પાર્શ્વનાથ તો વામા દેવીના નંદરે, પાર્શ્વનાથતો અશ્વસેન કુલચંદરે, પાર્શ્વનાથને સેવે ચોસઠ ઈંદારે; પાર્શ્વનાથને પુજ્યે પરમાનંદારે સુણો ॥ ૩ ॥ પાર્શ્વનાથ તો સમતા ગુણના દરીયા રે, પાર્શ્વનાથ તો ભવ સમુદ્રથી તરીયારે, પાર્શ્વનાથની સિદ્ધ અવસ્થા સોહે રે, પાર્શ્વનાથની મૂર્તિ દેખી મન મોહે રે સુણો૦ ॥૪॥

પાર્શ્વનાથને પુરૂષાદાણી કહીયેરે, પાર્શ્વનાથને સેવ્યાથી સુખ લહીયેરે, પાર્શ્વનાથને નામે નવનિધિ થાય રે; પાર્શ્વનાથના પદ્મજીત ગુણ ગાયરે સુણો૦ ॥ ૫ ॥

## શ્રી વીશ વિહરમાનનું સ્તવન.

રૂષભ લંછન શ્રી સીમંધર સ્વામિ ગજયુગમંધર અંતર જામી, હરિણ બાહુ કપિ સુબાહુ સ્વામિ, રવી સુજાત પંચમા મોક્ષ કામી, વીચરંતા વીશે જીન વંદો, જેમ ભવ ભમવું દુઃખ છંડો ॥૧॥ શશિ સ્વયંપ્રભ છઠ્ઠા જાણો, સિંહ રૂષભાનન સાતમા વખાણો, અનંત વિર્ય ગજઅશ્વ સુરપ્રભ નવમા, ભાનુ લંછન વિશાલ જીન દસમા વિ૦ ॥ ૨ ॥ શંખ વજ્રંધર વૃષભ ચંદ્રાનન બારમા, રાતુંકમલ ચંદ્રબાહુ તેરમા નીલું કમલ ભુજંગ ભોગવામી, ચંદ્ર પનરમા ઈશ્વર શિવગામી વિ૦ ॥ ૩ ॥ ભાનુ નેમિ પ્રભુજીન સોલમા રૂષભ લંછન વીરસેન સત્તરમા, ગજ મહાભદ્ર ચંદ્ર દેવજસા સારા સાથીઓ અજિત વીર્ય લાગે પ્યારા વિ૦ ॥ ૪ ॥ એ વીશે જીન કંચન વરણા, નામ જપતાં થઇએ અવર્ણા, શ્રી ગુરૂપદ પદ્મની સેવા જીતવંછે નિત

શિવપદ લેવા વિ૦ ॥ ૫ ॥ ઈતિ

## "શ્રી અજીતનાથ સ્તવન"

(ભાવ ભલે અજીતજીન ભેટીયારે લોલ ॥એઆંકણી)

પાપ નાઠાં દૂર જાયજો, નાથ નયણે નિહાળ્યા પુણ્યથી રે લોલ ॥ વ્હેલું વ્હેલું જ શિવસુખ થાય જો ॥ ભાવ ભલે૦ ॥ ૧ ॥ જીતશત્રુ રાજા વિનિતા ધણીરે લોલ, રાણી વિજ્યા કુંખે અવતારજો, ચાર ધને સેવે સહુ સુરપતિરે લોલ, શોભે લાંછન હસ્તિ શ્રીકારજો ॥ ભાવ ભલે૦ ॥ ૨ ॥ રાજલીલા સંસારની સાહેબીરે લોલ, છોડી સંયમ લીએ જગન્નાથજો, સાથે સહસ પુરૂષ અતિ શોભતારે લોલ પ્રભુ તારણ તરણ ભવ પાથજો ॥ ભાવ૦ ॥ ૩ ॥ શ્રેણીક્ષપક ચઢી મોહ મારીઓરે લોલ, કેવલ જ્ઞાન દર્શન પ્રગટાયજો, ભાવ જાણે લોકા લોક જેહ છે રે લોલ, ઉપદેશે અમ્રત વરસાવજો ॥ ભાવ૦ ॥ ૪ ॥ આપ વારે ઉત્કૃષ્ટા જીન વરૂરે લોલ, પંચ ભરત ઐરાવત પંચજો, તેમ એકસો સાંઠ વિદેહમાંરે લોલ સુણી ઉલ્લસે ભવિ રોમાંચજો ॥ ભાવ૦ ॥ ૫ ॥ પામી ગણધર પંચાણુ ત્રીપદીરે લોલ, રચે પૂરવ ચૌદ ઉદ્ધારજો, દેવ દેવી અધિષ્ટાયિક થયાં રે લાલ,

મહાયક્ષ અજીતા ધારજો ।। ભાવ૦ ।। ૬ ।। પ્રભુ સમેત શિખર ગિરિ આવીયારે લોલ, સાથે સાધુ સલુણા હજારજો કરી શૈલેશીએ કર્મ ખપાવીઆરે એક સમયમાં શિવપુર દ્વારજો ।। ભાવ૦ ।। ૭ ।। નિધિ૯ પાંડવ૫ ઓગણીશ સાલમાંરે૧૯૯૫ લોલ, શુક્લ કાર્તિક માસ ઉદારજો ગાયા સાયપુરમાં (સામખીઆરી) જીન રાજજીરે લોલ, તિથિ એકાદશી ગુરૂવારજો ।। ભાવ૦ ।। ૮ ।। જીત ડંકો વાગ્યો ગુરૂ નામથીરે લોલ જગે જીતવિજયજી ગવાયજો, શિષ્ય હીર કનકસૂરિ દીપતારે લોલ, શિષ્ય દીપવિજય ગુણ ગાયજો, ।। ભાવ ભલે અજીત જીન ભેટીઆરે લોલ ।। ૯ ।।

## —: વાસુપુજ્ય સ્તવન :—

[ રૂષભ જીણંદ શું વિનંતી. એ દેશી. ]

વાસુપુજય સુર પુજીયા નયરી
　　ચંપાપુરી શુભ ઠામ જીણંદજી
વસુપુજ્ય પિતા રાજવી,
　　માય જયાદેવી નામ. (જી) વાસુ ૧
મહિષ લંછન દેહ રાતડી,
　　સિત્તેર ધનુષ્યની કાય (જી)
બે છત્રીસી જાણીયે

લાખ વરસનું આય. (જી) વાસુ ૨
ચયવન[૧] જન્મ[૨] દિક્ષાવલી[૩]
કેવલ શીવસુખ પંચ (જી)
કલ્યાણુક એક નયરીએ,
ભવિ ભકતે પુણ્ય સંચ (જી) વાસુ ૩
જીન રૂપે જીન આરાધતા,
આરાધક જીન હોય (જી)
ભૃંગી ઈયલ દૃષ્ટાંતથી,
ધ્યાતા ધ્યેય તે સોય. (જી) વાસુ ૪
ઓગણીસ[૧૯] નિધિ[૯] પાંડવ[૫] વરસે,
દ્વાદશી વદ ગુરૂવાર. (જી)
આધોઇ ગામના પુણ્યથી,
પાઉ ધાર્યા પરિવાર. (જી) વાસુ. ૫
ઓસવાલ વણીક સંઘ ઓચ્છવે,
ભાવે કરાવે પ્રવેસ. (જી)
વિધિ પુર્વક પાખખી પાલતા,
જય જય કાર વિશેષ. (જી) વાસ. ૬
તપગચ્છ શ્રી ગુરૂ શોભતા,
જીતવિજય શિષ્ય હીર. (જી)
વિજય કનકસૂરી કિંકરૂ,

દીપ વિજય જય ગિર. (જી) વાસુ. ૭

## -: શ્રી ભદ્રેશ્વર તીર્થનું સ્તવન :-

[ ચાલો ચાલો વિમલગિરિ જઇએ રે ભવજલ તરવાને, વ્હાલા વ્હાલા તીરથપતિ ભેટ્યા રે. દુઃખ દુર કરવાને તુમે વર્ધમાનજી જીન ભેટોરે પાર ઉતરવાને
॥ એ આંકણી ॥ ]

કચ્છ દેશમાં તીરથ શોભે,
હારે એતો ભદ્રેશ્વર ભદ્રકારીરે. દુઃખ દુરકરવાને
બાવન જીનાલય પાખલ પ્રૈઢાં,
હાંરે પ્રભુ દરીસણુની બલિહારી રે;
પાર ઉતરવાને વ્હાલા. દુઃખ દુર કરવાને ૧
દાનેશ્વરીમાં દાના જગડુસા,
હાંરે રાજા રૈયતને અન્ન પુર્યું રે. દુઃખ દુર કરવાને
ઉદ્ધાર કીધો તેણે તીરથનો,
હાંરે જેણે સંસાર કારણ ચૂર્યું રે;
પાર ઉતરવાને વ્હાલા દુઃખ દુર કરવાને ૨
આષાડ શુદી છઠ્ઠે કલ્યાણક,
હાંરે દેવ લોક દસમથી આવ્યા રે. દુઃખ દુરકરવાને
ત્રયોદશી રૂડી શુકલ માસ ચૈત્રની,
હાંરે સુર અસુર મનમાં ભાવ્યા રે;

પાર ઉતરવાને વ્હાલા. દુઃખ દુર કરવાને ૩
જન્મ સમય નરતિરિ થાવર પણ,
હાંરે એતો સુખ આસ્વાદને લેતા રે. દુઃખ દુર કરવાને
સાતે નરકે તર તમ યોગે,
હાંરે એતો જ્ઞાની પ્રકાસને કહેતા રે;
પાર ઉતરવાને વ્હાલા. દુઃખ દુર કરવાને ૪
કૃષ્ણ પક્ષમાં દશમી દીવસે,
હાંરે એતો સયમ માગસીર માસેરે. દુઃખ દુર કરવાને
માધવ સિનની દસમી દિવસે,
હાંરે એતો પંચમ જ્ઞાન ઉલાસે રે;
પાર ઉતરવાને વ્હાલા દુઃખ દુર કરવાને ૫
પામ્યા પ્રભુજી દીવાળી દિવસે, હાંરે એતો
સાશ્વત સુખ અભિરામ રે દુઃખ દુર કરવાને
એક અંસજો તેમાંથી આપો,
હાંરે તેથી થાય સેવકનું કામ રે;
પાર ઉતરવાને વ્હાલા દુઃખ દુર કરવાને. ૬
મુંદ્રા બંદરના સંઘની સાથે,
હાંરે મેતો ભદ્રેશ્વર ભાવે ભેટયારે દુઃખ દુર કરવાને
અત્યાનંદે યાત્રા કરીને,
હાંરે મેતો દુઃખ દોહગ દુરે ભેટયા રે;

પાર ઉતરવાને વ્હાલા દુઃખ દુર કરવાને ૭
તપ ગચ્છમાં અતિ ગિરૂઆ ગુરૂજી,
હાંરે એતો જીતવિજય જયકારી રે. દુઃખ દુર કરવાને
હીરલા શિષ્ય તસ હીર વિજયજી,
હાંરે એતો શિષ્ય રત્ન સુખકારી રે;
પાર ઉતરવાને વ્હાલા. દુઃખ દુર કરવાને. ૮
વિજય કનકસૂરિ સુગુરૂપસાએ,
ઓગણીસ પંચાણું સાલેરે. દુઃખ દુર કરવાને
માધવ વદ તેરસ બુધવારે,
દીપ નિજપાય પખાલેરે ।। પાર ઉતરવાને ।।૯।।

## । શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન ।

ધન્ય ધન્યરે ચોઘડીયું મારે આજનુંરે એ દેશી

શ્રી પાસ શંખેશ્વર ભેટીયેરે, પ્રભુ દર્શને ભવ દુઃખ ભેટાયેરે ।। શ્રી પા૦ ।। એ આંકણી । અતિ પ્રાચીન મૂર્તિ આપનીરે અધોકાયે નિજ્ઞાની સાપની રે એક વીરણુને બીજી અસીરે એમ બન્ને નદી વિચમાં વસી રે ।। શ્રી પાસ૦ ।। ૧ ।। એહવા કાશી વારાણસી શુભ સ્થળેરે, ભલા ભૂપતિ અશ્વસેનને ઘરેરે વામાદેવી કુંખે પ્રભુ અવતર્યારે જેથી જગત જીવ સુખીયા થયારે ।। શ્રી પાસ૦ ।। ૨ ।।

પણ મૂર્તિ અસંખ્ય કાળની રે તીર્થંકર દામોદર વારનીરે શ્રી અષાઢ શ્રાધ્ધે નિપાવીયારે જે સૂરનર મનમાં ભાવીયારે ॥ શ્રી પાસ૦ ॥ ૩ ॥ કલ્પો પન્ન રવિ શશિ જ્યોતિષેરે વૈતાઢય શ્રેણી વિદ્યા ધરેરે એમ સ્થાન ઘણે પૂજા કહીરે પછી ભુવન પતિ ધરણે થહીરે ॥ શ્રી પાસ૦ ॥ ૪ ॥ હરિ પ્રતિહરિ સંગ્રામમાંરે જરામય યાદવના સૈન્યનારે જોઇ હરિ અઠ્ઠમે આરાધીયારે ધરણેંદ્ર સૂરતવ આવીયારે શ્રી પાસ૦ ॥ ૫ ॥ યાચે મૂર્તિ શ્રી જીન પાસનીરે જે આશ પૂરે નિજ દાસનીરે ન્હવણ જલથી નિરોગી તે થયા રે, જરા સંઘ જેહથી હારી ગયોરે ॥ શ્રી પાસ૦ ॥ ૭ ॥ જીત્યા હરિ તિહાં પ્રભુ ધ્યાનથીરે શંખ પૂર્યો તિહાં બહુમાનથીરે નામ ગામ શંખેશ્વર સિદ્ધ થયુંરે જેણે તીર્થ સઘળે પ્રગટ ભયું રે ॥ શ્રી પાસ૦ ॥૭॥ પ્રભુ અનંત ખજાનો અખુટછેરે, તેમાં કિંચિત્ દેતાં નવિ ઘટે રે, તો મહેર કરીને આપજો રે ભલા ભકત વત્સલ દુઃખ કાપજો રે. શ્રી પાસ૦ ॥ ૮ ॥ દ્વયાધિકદ્ધિ સહસ્ર સાલના રે, માધવ ચતુર્દશી કૃષ્ણ બુધવારમાં રે, રાધનપુરના સંઘ સહ ભેટીયારે, મારાં ભવો ભયના દુઃખ મેટીયાં રે ॥

શ્રી પાસ સંખેશ્વર ભેટીયે રે ॥ ૯ ॥ શ્રી જીત-વિજય જગ જય કરૂ રે શિષ્ય હીરના કનક સૂરીશ્વરૂ રે શિષ્ય દીપવિજય ગુણગાય છે રે. સહુ સંઘને આનંદ થાય છે રે. શ્રી પાસ સંખેશ્વર ભેટીયા રે ॥ ૧૦ ॥

**તપગચ્છ નભો નભોમણી પરમ પુજ્ય પં. મણિ વિજયજીના શિષ્ય રત્ન જયોતિષ શિરોમણી.**

### પદ્મ વજયજી મહારાજની સજઝાય

દેવ સમા ગુરૂ પદ્મવિજયજી
સબહી ગુણે પુરા;
શુદ્ધ પરૂપકસમતા ધારી
કોઇ વાતે નહિ અધુરા
મુનિશ્વર લીજે વંદના હમારી
ગુરૂ દર્શન સુખકારી મુનિ. એ આંકણી ॥૧॥
સંવત અઢાર છાસઠની સાલે
ઓસવાલ કુલેં આયા
ગામ ભરૂડીએ શુભ લગ્ને
માતા રૂપાં બાઇએ જાયા મુનિ. ॥ ૨ ॥
સત્તર વર્ષના રવિ ગુરૂ પાસે

હુવા યતિ વેષ ધારી
ગુરૂ વિનયે ગીતારથ થયા
ચંદ્ર જેસા શીતલકારી મુનિ. ॥૩॥
સંવત ઓગણી અગીયારાની સાલે
સંવેગ રસ ગુણ પીધો
રૂપે રૂડા જ્ઞાને પુરા
જીનશાશન ડંકો દીધો. મુનિ ॥ ૪ ॥
સંવત ઓગણી ચોવીસની સાલે.
છેદોપસ્થાપન કીધો
મહારાજ મણિવિજયજીના નામનો.
વાસક્ષેપ શિર લીધો મુનિ. ॥ ૫ ॥
દિન દિન અધિકે સંવેગ રંગ
કામ કષાય નિવારી
ધર્મ ઉપદેશે બહુ જીવ તારી
જ્ઞાન ક્રિયા ગુણધારી. મુનિ ॥ ૬ ॥
સંવત ઓગણીસ આડત્રીસ વૈશાખે
શુદિ અગીયારસ રાતે
પ્રથમ જામે પલાંસવા કાલ ધર્મ કીધો
જીતનમે નિત્યપ્રીતે મુનિ ॥ ૭ ॥

# ક્ષમાપના ( ખામણા )

શ્રી અરિહંતને ખમાવીયેએ જેહના ગુણ છે બાર, કરો ભવિ ખામણાએ ॥ ૧ ॥ શ્રી સિધ્ધજીવને ખમાવીયેએ, ગુણ આઠે મનોહાર ॥ કરો૦ ॥ ૨ ॥ શ્રી આચાર્યને ખમાવીયેએ, જેહના ગુણ છત્રીશ ॥ કરો૦ ॥ ૩ ॥ શ્રી ઉપાધ્યાયને ખમાવીયેએ જેહના ગુણ પચ્ચવોશ ॥ કરો૦ ॥ ૪ ॥ સાધુ સર્વ ખમાવીયેએ શોભે ગુણ સત્તાવીશ ॥ કરો૦ ॥ ૫ ॥ શ્રાવક શ્રાવીકા ખમાવીયે એ જેહના ગુણ એકત્રીશ ॥ કરો૦ ॥ ૬ ॥ આઠમ પાખી ખમાવીયે એ ચોમાસી ત્રણ વાર ॥ કરો૦ ॥ ૭ ॥ સંવત્સરી શુધ્ધ ખમાવીયે એ, ખમાવીયે વારંવાર ॥ કરો૦ ॥ ૮ ॥ રૂઠડો સંઘ મનાવીયે, મનાવીયે એ, વારંવાર ॥ કરો૦ ॥ ૯ ॥ જીવાયોની ખમાવીયે એ, પાપ સ્થાનક અઢાર ॥ કરો૦ ॥ ૧૦ ॥ આ ભવ પરભવ ખમાવીયે એ, ભવો ભવ હીમઝાર ॥ કરો૦ ॥ ૧૧ ॥ ખમીએને ખમાવીએ એ, જેમ લહી એ ભવપાર ॥ કરો૦ ॥ ૧૨ ॥ રોષ રાખીન કરે ખામણાં એ, તેહનો દુર્ગતિ વાસ ॥ કરો૦ ॥ ૧૩ ॥ રાય ઉદાયી કીયાં ખામણાં એ, પામ્યા ભવ તણો પાર ॥ કરો૦

॥ ૧૪ ॥ ચોમાસી ગુરૂને ખમાવીએ એ, સંભળાવે સૂત્ર સિધ્ધાંત ॥ કરો૦ ॥ ૧૫ ॥ જીતવિજયજી દાદાને ખમાવીએ એ, તપ ગચ્છના શણગાર ॥ કરો ભવિ ખામણાં એ ॥ ૧૬ ॥

## પરમ પૂજ્ય તપસ્વી ગુરૂ મહારાજ શ્રી જીતવિજયજી મહારાજની

### સજઝાય

(શ્રી જીનવરને પ્રગટ થયું રે ક્ષાયિક ભાવે જ્ઞાન)
એ દેશી

સમતા ગુણે કરી શોભતા રે
જીતવિજયજી મહારાય
તેહના ગુણ ગાતાં થકાં રે
આતમ નિર્મલ થાય રે
ભવિયણ વંદો મુનીવર એહ
જેમ થાયે ભવોદધિ છે હરે એ આંકણી ॥૧॥
કચ્છ દેશમાં દીપતું રે
મનફરા નામે ગામ.
ભવિકકજ વિકાસતું રે
જીહાં શાંતિજીન ધામ રે. ભ. ॥ ૨ ॥
સંવત અઢાર છનુ એરે

ચૈત્ર ઉજ્વલ બીજસાર
માતા અવલ બાઈયે જનમીયા રે
વર્ત્યો જય જય કાર રે. ભ. ॥ ૩ ॥
બાર વર્ષના જબ થાય રે
નેત્ર પીઠા તબ થાય.
સોળ વર્ષની વયમાં રે
દ્રવ્ય લોચન અવરાય રે. ભ. ॥ ૪ ॥
જ્ઞાન લોચન પ્રકાશથી રે
અભિગ્રહ ધરે સુ જાણુ.
જો નેત્ર પડલ દૂરે જશે રે
તો સંયમ લેશું સુખ ખાણું રે. ભ. ॥૫॥
દૃઢ અભિગ્રહ પ્રભાવથી રે
મન વંછિત સિદ્ધ થાય
સંવત ઓગણીસ પંદરમાં રે
ચક્ષુ દર્શન શુદ્ધ થાય રે. ભ ॥ ૬ ॥
સંવત ઓગણીસ વીશમાં રે
શ્રી સિધ્ધ ક્ષેત્ર મોઝાર
તીર્થ પતિની સમક્ષમાં રે
ઉચ્ચરે ચતુર્થ વ્રત સાર રે. ॥ ૭ ॥
ચઢતે સંવેગ રંગથી રે

આવ્યા આડીસર ગામ.
ગુરૂ ગુણવંતા વખાણીયે રે
પદ્મવિજયજી નામ રે. ભ. ॥ ૮ ॥
તેહની પાસે સંયમ લીયે રે
ઓગણીસે પચીસ મોઝાર
વૈશાખ અક્ષયત્રીજ ભલી રે
શુભ મુહુર્ત શુભ વાર રે. ભ. ॥ ૯ ॥
સંયમ લઇ આનંદથી રે
કરે ગુરૂ સાથે વિહાર
વિનય કરી શુભ ભાવથી રે
આગમ ભણે સુખકાર રે. ભ. ॥ ૧૦ ॥
અનુક્રમે સૂત્ર ધારતા રે
મૂલનો અર્થ વિસ્તાર
એમ પીસ્તાલીસ સૂત્રના રે
જાણુ થયા નિરધાર રે. ભ. ॥ ૧૧ ॥
સંવત ઓગણીસ આડત્રીસે રે
ગુરૂ સિધાવ્યા પર લોક
પછી વિચરી પ્રતિ બોધીયા રે
અનેક દેશના લોક રે. ભ. ॥ ૧૨ ॥
કચ્છ કાઠીયાવાડ ભલો રે

સોરઠ ગુજરાત સાર
મેવાડ મારવાડ તેમ સહી રે
થર.દરી વ ખાર રે. ભ૦ ॥ ૧૩ ॥
જ્ઞાન ક્રીયા ઉપદેશતારે
મધુર વચને મનોહાર
દૃષ્ટાંત બહુ દર્શાવિને રે
સમજાવે ધર્મ સાર રે. ભ૦ ॥ ૧૪ ॥
તેહ દેશના સાંભલી રે
દીક્ષા કેઇ ભવ્ય લીધ
કેઈક દેશ વિરતિ ગ્રહે રે
સમક્તિ કેઇ પ્રસિદ્ધ રે. ભ૦ ॥ ૧૫ ॥
નિર્મલ ભાવના ભાવતારે
સંવેગી શિરદાર
કામ કષાયને જીપતારે
નિર્મમ નિરહંકાર રે. ભ૦ ॥ ૧૬ ॥
તપસ્યાને વ્યાધી થકી રે
દુર્બલ થયું નિજદેહ
તો પણ દૃઢ શ્રધ્ધા થકી રે
તપ નવી મૂકી જેહ રે. ભ૦ ॥ ૧૭ ॥
ચોપન વર્ષ એમ યોગથી રે

કીધો પર ઉપગાર
અખંડ ચારિત્ર પાલીને રે
સફલ કર્યો અવતાર રે. ભ૦ ॥ ૧૮ ॥
પંચાવનમાં વર્ષમાં રે
અધિક વ્યાધિ થયો જામ
આતમ બલ આગલ કરી રે
ધરતા સિધ્ધનું ધ્યાન રે. ભ૦ ॥ ૧૯ ॥
સંવત ઓગણીસ એશીયે રે
અષાઢ કૃષ્ણ છઠધાર
શુક્રવારે સિધાવીયા રે
પરલોક પલાંસવા મઝારરે. ભ૦ ॥ ૨૦ ॥
તેહની ભક્તિ પુરે ભર્યા રે.
હીર વિજયજી ગુણ ગેહ
શિષ્ય કનક કહે ભવિ તુમે રે
ગુરૂપદ નમો સસ્નેહ રે. ભ૦ ॥ ૨૧ ॥

## શ્રી પરદેશી રાજાની સજ્જાય

જીહો પરમ પુરુષ પરમેશ્વરૂ રે લાલા પુરૂષા દાણી રે પાસ; જીહો ચરણ કમલ નમી તેહના રે લાલા, પુરે વંછિત આશ; સુગુણ નર સાંભળો સુગુરૂ ઉપદેશ એ આંકણી જીહો જેટાલે ભવના

ક્લેશ સુ૦ ॥ ૧ ॥ જીહો મોહ મિથ્થાત અજ્ઞાનનો રે લાલા, ભરીઓ રોગ અથાગ, જીહો વૈદ્યરાજ ગુરૂ વચનથી રે લાલા, ઔષધ જ્ઞાન વૈરાગ સુ૦ ॥ ૨ ॥ જીહો ગુરૂ કારીગર સારખા રે લાલા ટંકણુ વચન વિચાર, જીહો પત્થરસે પ્રતિમા કરે રે લાલા, લહે પૂજા અપાર, સુ૦ ॥ ૩ ॥ જીહો ચોથા પટધર પાર્શ્વના રે લાલા, કેશી નામે કુમાર જીહો ચાર વ્રત આદરી રે લાલા, કરે બહુ જીવ ઉપગાર સુ૦ ॥ ૪ ॥ જીહો વિચરતા મુનિ આયવિારે લાલા, શ્વેતાંબીનગરી મોઝાર. જીહો તિહાં પરદેશી રાજીયો રે લાલા, અધરમી આચાર સુ૦ ॥ ૫ ॥ જીહો ચિત્ર સારચિ લેઇ આવી ઓરે લાલા, જીહો કેશી ગણુધાર, જીહો વંદના રાહિત બેઠો તિહાં રે લાલા, છે પ્રશ્ન ઉદાર સુ૦ ॥ ૬ ॥ દાદો પાપી પ્રશ્ન ઉપરે રે લાલા, સુરિ કંતાનો રે ન્યાય જીહો દાદી ધરમી દેવ ઉપરે રે લાલા, જીમતું ભંગી ઘર ન જાય સુ૦ ॥ ૭ ॥ જીહો જીવ કોઠીમાં રે ઉપન્યા રે લાલા, જીમ અગ્નિ પેઠી લોહમાંય સુ૦ ॥ ૮ ॥ જીહા બાલક બાણુ ચલે નહિ રે લાલા, ત્રુટે જીમ કબાન, જીહો બુઢાસું ભાર વહે નહીં રે લાલા,

જુની કાવડ જયું જાણુ સુ૦ ॥ ૯ ॥ જીહો જીવ મારીને તોલીયો રે લાલા, દીવડી ન ઘટેરે જેમ, જીહો પુરૂષ મારી જીત્ર જોઇએ રે લાલ, તે કઠીઆરા એમ સુ૦ ॥ ૧૦ ॥ જીહો આમલા પ્રમાણે જીવ પૂછીયો રે લાલા, વૃક્ષ પાન કોણ હલાય જીહો કુંજર કુંથુઆ ઉપરે રે લાલા દીવાનું દ્રષ્ટાંત લગાય સુ૦ ॥ ૧૧ ॥ જીહો મુજથી લીઓ મત છુટે નહી રે લાલા, તે લોહ વાણીયા જેમ જીહો પછી પસ્તાવો કર્યો રે લાલા, અગીયારમો દ્રષ્ટાંત એમ સુ૦ ॥ ૧૨ ॥ જીહો ઉ-તર અગીયારે સાંભળી રે લાલા, બુઝયો પરદેશી રે રાય જીહો શ્રાવકનાં વ્રત આદરી રે લાલા, નિર્લોભિ નિર્માય સુ૦ ॥ ૧૩ ॥ જીહો સુરીકંતા નિજ નારીયે રે લાલા, ઉપસર્ગ કીયો અપાર, જીહો ક્ષમાએ કર્મ ખપાવીને રે લાલા, ઉપન્યોદેવ મોઝાર, સુ૦ ॥ ૧૪ ॥ જીહો ચાર પલ્યોપમ આઉખે રે લાલા, સુરિયાભ સુર સુખદાય જીહો ધર્મ શાસ્ત્ર વાંચીગ્રહ્યો રે લાલા, ધર્મ તણો વ્યવસાય સુ૦ ॥ ૧૬ ॥ જીહો ત્યાં જીન પડિમા પુંજીને રે લાલા, કરે જીન ભકિત ઉદાર, જીહો ચવી મહા વિદેહે ઉપજશે રે લાલા, પામશે ભવનો પાર

॥ ૧૬ ॥ જીહો સંક્ષેપે સઝાય કહી રે લાલા, રાય પસેણી સૂત્ર વિસ્તાર, જીહો પદ્મ વિજયજી સુપ સાયથી રે લાલા, જીત કહે જુઓ અધિકાર સુ૦ ॥ ૧૭ ॥

## ૮૪ લાખ જીવાયોનિમાં મુંગા બહેરા દિનો છાપો.

લક્ષ ચોરાશી યોનિમે, મુંગા બાવન લાખ; બત્રીસ કહીએ બોલતાં, ચોપનને નહિ નાક, (૧) ચોપનને નહિ નાક, ત્રીસ લાખ નાક વખાણું; છપન આંખે હીણ અઠયાવીશ દેખતાં જાણું ॥ ૨ ॥ છત્રીશ કાને સાંભળે, અઠાવન કાને હીણ કહ્યા, કવિ સુરસંગ વિનતિ કરે, લક્ષ ચોરાશી યોનિ એમ થયા ॥ ૩ ॥

## બારમા પાપ સ્થાનકની સઝાય.

જેહને કલહ સંધાતે પ્રીત રે, માંહો માંહે ચલે નહિ ચિત્તરે, જેહને ઘેર હોય વઢવાડ રે, જાણે ચાલતી આવી ધાડ રે ॥ ૧ ॥ અનુક્રમે ઘરથી લક્ષ્મી જાય રે, ઘણા કાલની હુંતી આય રે ॥૨॥ કલહે નાસે ઘરના દેવ રે, કલહે ઉદ્વેગ નિત્ય મેવ રે;

કલહે વાધે જગ અપવાદ રે, કલહે વાધે મન વિખવાદ રે, ॥ ૩ ॥ કલહે પૂર્વજ કીર્તિ ઘટે રે, કલહે માંહો માંહે કટે રે, કલહે ત્રુટે પ્રીત પ્રતીત રે, કલહે અપજસ હોય ફજેત રે ॥ ૪ ॥ કલહે આર્ત રૌદ્રનો જોરો રે, દુર્ગતિ દાયક ધ્યાન એ પુરો રે કલહે ધોબી સમ સાધુ કહ્યા રે, કોણીક સરખા દુર્ગતિ લહ્યા રે ॥ ૫ ॥ કલહ કરી ખમાવે જેહ રે, આરાધક કહ્યા, વીતરાગે તેહ રે, કલહથી બાહુબલ ઓસરીયા રે, દ્રાવિડ વારિખિલ્લ ભવજલ તરીયા રે ॥ ૬ ॥ કલહે વાધે નિત્ય શોગ રે, કલહ તે જાણો મોટો રોગ રે; એહવું જાણી કલહ જેવામે રે, પદ જીત તણા તે પામે રે ॥ ૭ ॥

## રૂષભની શોભા

### હું. સી. કહુ એ રાગ.

(૧) (ગુરૂ ગુણ ગંહુલી)

વિજય કનકસૂરીજી વંદિએ, ગુણ મણિ રયણ ભંડાર રે, શોભે મુદ્રા સમતામયી, તપગચ્છના શણગાર રે. (૧) વિ. કચ્છ વાગડમાં દીપતું, સુંદર પલાંસવા શહેર રે, શાંતિ જીનેશ્વર શોભતા, નામે થાય લીલા લહેર રે. (૨) વિ. ઉત્તમ કોટીના

આત્મા, ઉપન્યા જીહાં મહા ભાગ રે, અનેક ભાઈ બ્હેનો બુઝીયાં; સંયમ લીને શુભ રાગ રે. વિ. (૩) શ્રાવક લોક સુખીયા વસે, શ્રધા ક્રિયા ભરપુર રે. બ્હાલો પરિવાર જેહનો રે, ચંદુરા કુલ શનુર રે, વિ. (૪) નાનચંદ પિતાજી નિર્મળા માતા નવલ બાઈ નામ રે, ઓગણીસઇગુણચાલીસે. નપસ્ય વદ પંચમી અભિરામ રે. વિ. (૫) શુભ નક્ષત્ર વારે જનમીઆ, કાનજી ભાઈ અભિધાન રે; લઘુ વયમાં વૈરાગી થયા, એ પુરવ પુણ્ય અનુમાન રે. વિ- (૬) ઓગણીસ બાસઠ ભીમાસરે, પુર્ણીમા માગસીર માસ રે, સંઘ ચતુર્વિધ સાક્ષીએ ચારિત્ર લીએ ઉલ્લાસ રે. વિ. (૭) આગમ સઘળા અવગાહીઆં, યોગ વહન પણ કીધ રે, છાંતેર કાર્તિક વદ પંચમી, પન્યાસ પદવી પ્રસિદ્ધ રે. વિ. (૮) શ્રી સિદ્ધગિરિની છાયમાં, વર્ત્યો જય જય કાર રે. પાઠક પદવી પંચાસીએ, મલ્લિનાથ દરબાર રે, વિ. (૯) શુકલ એકાદશી માઘની ભોંયણી તીર્થ મોઝાર રે, ઉપાદયાય ઉમંગ ી, કચ્છ ભણી કર્યો વિહાર રે. વિ. (૧૦) ગ્રામાનું ગ્રામ અનુક્રમે, વિચરતા ગુરૂ રાજ રે, રાજનગર સંઘે કાયો; સુરીપદ મહોત્સવ

શુભ સાજ રે. વિ. (૧૧) નેવ્યાસી પોસ વદી સાતમે, સિધ્ધિ સૂરીશ્વર રાય રે, પટધર મેઘ સૂરીશ્વરૂ, વરદ હસ્તે ત્રણ પદ થાય રે વિ. (૧૨) તપગચ્છ ગયણાં ગણુ દીન મણિ. મણી વિજયજી મહારાય રે દાદા બિરૂદે બીરાજતા, મહિમા અધિક ગવાય રે, વિ. (૧૩) પદમવિજયજી પદમ સારીખા, જીત વિજયજી શિષ્ય હીર રે. તસ શિષ્ય મુજ ગુરૂ શોભતાં; વિજય કનક સૂરી ધીર રે. વિ. (૧૪) ઓગણીસ સતાણું ખંભાતમાં. મહા સુદી છઠ્ઠ રવિ યોગ રે. દીપ વિજય ગુરૂ ગુણ થકી, મંગળ વંછિત ભોગ રે. વિજય કનક સૂરીજી વંદીએ. (૧૫)

## ચોદ પૂર્વના દુહા

શ્રી ઉત્પાદ પૂર્વ પ્રથમ, વસ્તુ ચોદ તસ જાણ, એક કોડી પદ જેહનાં નમો નમો ભવિક સુજાણ, ॥ ૧ ॥ અગ્રાયણી પૂર્વ બીજું, વસ્તુ છવીસ સુખકાર, છનું લાખ પદ જેહનાં, નમતાં હોય ભવપાર, ॥ ૨ ॥ વીર્ય પ્રવાહ પૂર્વ ત્રીજું, વસ્તુ સોલ અધિકાર, પદ સત્યોતેર લાખ છે, નમતાં હરખ અપાર ॥ ૩ ॥ અસ્તિ પ્રવાહ પૂર્વ ચોથું. વસ્તુ અઠાવીસ કહીયે. સાઠ લાખ પદ જેહનાં નમતાં

સમકિત લહીએ. ॥ ૪ ॥ જ્ઞાન પ્રવાહ પંચમુ પૂર્વ વસ્તુ બાર પ્રચાન, એક ઉણુ એક કોડી પદ નમતાં કેવળ જ્ઞાન. ॥ ૫ ॥ સત્ય પ્રવાહ પૂર્વ છઠું. પદ સડસઠ એક કોડી, વસ્તુ બે છે. જેહની તે નમીયે કરજોડી, ॥ ૬ ॥ સાતમું શ્રી આત્મ પ્રવાદપૂર્વ વસ્તુ સોલ તસ્સ કહિએ, કોડી છવીસ પદ પ્રણમતાં, તત્વ પદારથ લહીએ ॥ ૭ ॥ આઠમું કર્મ પ્રવાહ પૂર્વ વસ્તુ ત્રીસ તસ જોય, એશી સહસ કોડી પદ નમતા શિવસુખ હોય ॥ ૮ ॥ પ્રત્યાખ્યાન નવમું પૂર્વ વસ્તુ વીશ છે જેહ, લાખ ચોરાશી પદવલી નમતાં ભવ દુખ છે હા. ॥ ૯ ॥ વિદ્યા પ્રવાહ દશમું પૂર્વ પનર વસ્તુ તસ જાણીયે. એક કોડી દશ લાખ પદ નમતાં સવિપાપ ગમીએં ॥ ૧૦ ॥ એકા દશમું કલ્યાણુ પૂર્વ વસ્તુ બાર કહેવાય છવીસ કોડી પદ જેહના નમતાં સિવ સુખ થાય ॥ ૧૧ ॥ પ્રાણુવાયએ બારમું પૂર્વ, વસ્તુ જેહની તેર, છપન્ન લાખ એક કોડી પદ, નમતાં નહિ ભવ ફેર ॥ ૧૨ ॥ ક્રિયા વિશાલ તેરમું પૂર્વ, વસ્તુ જેહની ત્રીશ નવ કોડી પદ તેહનાં નમતાં અધિક જગીશ ॥ ૧૩ ॥ લોક બિંદુ સાર ચઉદમું પૂર્વ, વસ્તુ

પચીસ તસજાણુ સાડા બાર કોડીપદ જેહનાં, નમતાં કોડી કલ્યાણ ॥ ૧૪ ॥

---

## ચાર શરણા

મુજને ચાર શરણાં હોજો,
અરિહંત. સિદ્ધ સુ સાધુજી.
કેવલી ધર્મ પ્રકાસીયો,
રત્ન અમૂલખ લાધુંજી. મુજને ॥ ૧ ॥
ચિહુંગતિ તણાં દુઃખ છેદવા,
સમરથ સમણાં એ હોજી.
પૂર્વે મુનિવર જેહુઆ,
તેણે કીયાં શરણાં તેહોજી મુજને ॥ ૨ ॥
સંસાર માંહે જીવને,
સમરથ શરણાં ચારોજી,
ગણી સમય સુંદર એમ કહે,
કલ્યાણ મંગલ કારોજી મુજને ॥ ૩ ॥
લાખ ચોરાસી જીવ ખમાવીએ,
મનધરી પરમ વિવેકોજી
મિચ્છામિ દુક્કડં દીજીએ,
જીન વચને લહીએ ટેકોજી લાખ ॥ ૪ ॥

સાત લાખ ભૂદગતેઉ વાઉના,
 દશ ચૌદ વણના ભેદોજી
ખટ વિગલ સુર તિરિ નારકી,
 ચઉ ચઉ ચઉદે નરના ભેદોજી લાખ ાાપ ાા

મુજવેર નહિં કેહશું,
 સહુશું મૈત્રીભાવોજી.
ગણી સમય સુંદર એમ કહે,
 પામીએ પુન્ય પ્રભાવોજી લાખ ાા ૬ ાા

પાપ અઢારે જીવ પરિહરો,
 અરિહંત સિદ્ધની સાખેજી.
આલોવ્યાં પાપ છુટીએ,
 ભગવંત એણીપરે ભાખેજી પાપ૦ ાા૭ાા
આશ્રવ કષાય દોય બધણા
 વળી કલહ અભ્યાખ્યાનોજી,
રતિ આરતિ પૈસુન નિંદના,
 માયામોસ મિથ્યાતોજી. પાપ૦ ાા ૮ ાા
મનવચન કાયાએ જે કર્યાં,

મિચ્છામિ દુક્કડં દેહોજી,
ગણી સમય સુંદર એમ કહે,
જીન ધર્મનો મર્મ એહોજી પાપ ॥૯॥
ધન ધન તે દિન મુઝ કદી હોશે,
હું પામીશ સંયમ સુધોજી,
પૂર્વ ઋષિ પંથે ચાલશું,
ગુરૂ વચને પ્રતિ બોધોજી ધન ॥ ૧૦ ॥
અંત પ્રાંત ભિક્ષા ગોચરી,
રણવને કાઉસ્સગ લેશુંજી,
સમતા શત્રુ મિત્ર ભાવશું.
સંવેગ શુધો ધરશુંજી ધન ॥ ૧૧ ॥
સંસારના સંકટ થકી,
હું છુટીશ જીન વચને અવતારોજી
ધન ધન સમય સુંદર તે ઘડી,
તો હું પામીશ ભવનો પારોજી ધન ॥૧૨॥

## અથ મંગલ

આલો સહીયર મંગલ ગાઇએ,
લહીયે પ્રભુનાં નામ રે,

પહેલું મંગળ વીરપ્રભુનું,
બીજું ગૌતમ સ્વામી રે,
ત્રીજું મંગલ સ્થુલભદ્રનું,
ચોથું મંગલ ધર્મ રે, ચાલો ॥ ૧ ॥

જીવની જયણા નિત્ય નિત્ય કરીયે,
સેવીયે જીન ધર્મ રે,
જીવ અજીવને ઓલખીએ તો,
સમકીતનો મર્મ રે. ચાલો ॥ ૨ ॥

છાણાં ઇંધણાં નિત્ય નિત્ય પુંજીએ,
ચુલે ચંદ્રવો બાંધીએ રે,
પોચે હાથે વાસીદુવાળીએ,
દીવે ઢાંકણું ઢાંકીએ રે ચાલો ॥ ૩ ॥

શીયાળે પકવાન દિન ત્રીશ,
ઉનાળે દિન વીશરે,
ચોમાસે પંદરદિન માન,
ઉપર અભક્ષ્ય જાણુ રે, ચાલો ॥ ૪ ॥

ચઉદ થાનકીઆ જીવ ઓળવીએ,

પન્નવણા સૂત્રની સાખે રે,
વડીનીત માત્રું બળખા માંહે,
અંત મુહુર્ત પાખે રે ચાલો ॥ ૫ ॥
શરીરનો મેલ નાકનો મેલ,
વમન પીત સાતમે રે.
શુક્ર શોણિત મૃતકલેવર,
ભીન્નુ કલેવર અગીયારમે રે ચાલો ॥ ૬ ॥
નગરનો ખાળ અશુચિ ઠામ,
સ્ત્રી પુરૂષ સંગમે રે
ઉપજે તિહાં મનુષ્ય સમુર્છિમ.
સ્થાનક જાણો ચૌદમે રે, ચાલો ॥૭॥
અસંખ્યાતા અંતર્મુહુર્ત આઉખે,
બીજાનો નહિ પાર રે,
બાવીશ અભક્ષ્ય બત્રીસ અનંત કાય,
વર્જે નરને નારરે. ચાલો ॥ ૮ ॥
આપ વેદના પરવેદના સરખી,
લેખવીએ આઠ જામ રે પદ્મવિજયજી
પસાયથી પામે જીત ઠામો ઠામ રે ચાલો ॥૯॥

જૈનધર્મનું અજોડ માસિક

# કલ્યાણ

આપ ગ્રાહક છો? નથી, તો આજે જ
ગ્રાહક બનો! વાર્ષીક ૫૦ ફર્માનું વાચન
અપાય છે. [ક્રાઉન આઠ પેજીમાં]

વાર્ષિક લવાજમ રૂા. ૪-૦-૦

લખોઃ—

કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા [કાઠિઆવાડ]



ટાઈટલ પેજ છાપ્યું—બી. પી. પ્રેસ-પાલીતાણા.